॥ હરિઃૐ ॥

# હરિઃૐ આશ્રમ

## ‘શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ’

લેખક
**રમેશ ભટ્ટ**

**હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત**

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪

❑ © હરિઃૐ આશ્રમ, સુરત - નડિયાદ

❑ પૃષ્ઠ : ૧૩૨

❑ પડતર કિંમત : **રૂ. ૧૫**/-

❑ વેચાણ કિંમત : **રૂ. ૧૦**/-

❑

| આવૃત્તિ | વર્ષ | પ્રત |
|---|---|---|
| પ્રથમ | ૧૯૯૬ | ૨૦૦૦ |
| બીજી | ૨૦૦૬ | ૧૦૦૦ |
| ત્રીજી | ૨૦૦૯ | ૨૦૦૦ |

❑ **પ્રાપ્તિસ્થાન :**
હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની**
ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની**
બી-૮, રીપલ એપાર્ટમેન્ટ, નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦૦૦૭. મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ **ટાઈપસેટિંગ :**
**અર્થ કૉમ્પ્યૂટર**
અમદાવાદ-૩૮૦ ૦૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ **મુદ્રક :**
**સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ,
અમદાવાદ - ૩૮૦ ૦૨૨, ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧


॥ હરિઃૐ ॥

# સમર્પણ

## (ત્રીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાએ પ્રેરેલ વિવિધ પ્રવૃત્તિઓ માટે અને હરિઃૐ આશ્રમ માટે નાનુંમોટું કામ કરનાર સર્વે સ્વજનોને આ પ્રકાશન સાદર સમર્પિત કરતાં ધન્યતાની લાગણી અમો અનુભવીએ છીએ.

તા. ૭-૭-૨૦૦૯ **ટ્રસ્ટીમંડળ,**
ગુરુપૂર્ણિમા હરિઃૐ આશ્રમ, સુરત



**મને જેમણે જેમણે -મને મદદ કરી છે,**
**મારું કામ કર્યું, તેમનો તેમનો આભાર માનું છું.**
**ભગવાન તેમનું યશકલ્યાણ કરો.**

તા. ૨૨-૭-૧૯૭૬ **મોટા**
દેહત્યાગ પૂર્વેનું લખાણ

# અનુક્રમ

## ખંડ-૧

### હરિઃૐ આશ્રમ : 'શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ'


| | | |
|---|---|---|
| ૧. | 'જીવતો' આશ્રમ | ૧૦ |
| ૨. | ચેતનાશક્તિનું કાર્ય | ૧૮ |
| ૩. | અંધારાનો અજવાસ | ૨૯ |
| ૪. | એક અનોખું-અજોડ સ્થળ | ૩૭ |


## ખંડ-૨

### શ્રીમોટા પ્રેરિત લોકકલ્યાણનાં કામ


| | | |
|---|---|---|
| ૧. | પ્રભુપ્રેરિત કાર્ય | ૪૮ |
| ૨. | સમાજ એટલે ભગવાન | ૫૩ |
| ૩. | શ્રીમોટાનો મહાયજ્ઞ - (ભૂમિકા) | ૫૯ |
| ૪. | મહાયજ્ઞની ધર્મજ્વાળા | ૬૨ |
| ૫. | મહાયજ્ઞના પુરોહિતનો સંકલ્પઘોષ | ૬૮ |


## ખંડ-૩

### પૂર્તિ


| | | |
|---|---|---|
| ૧. | હરિઃૐ આશ્રમ : વહીવટમાં મૌલિકતા | ૮૧ |
| ૨. | હરિઃૐ આશ્રમ પ્રેરિત... | ૮૮ |
| ૩. | લોકકલ્યાણનાં કામ | ૯૮ |
| ૪. | આશ્રમના મુલાકાતીઓ અને સ્વજનોને સૂચનાઓ | ૧૦૨ |
| ૫. | મૌનમંદિરના મૌનાર્થીઓને સૂચનાઓ | ૧૦૮ |
| ૬. | નામસ્મરણ : વૈજ્ઞાનિક અભિગમ અને પૃથક્કરણ | ૧૧૫ |


•

॥ હરિઃૐ ॥

# પ્રસ્તાવના

## (પ્રથમ આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા જેના અધિષ્ઠાતા છે, એ સ્થળ **'હરિઃૐ આશ્રમ'**ના નામથી ઓળખાય છે. આ પુસ્તકમાં એના નિર્માણ તથા ત્યાં થઈ રહેલાં કાર્ય પાછળની આધ્યાત્મિક ભૂમિકાનો પરિચય આપવાનો પ્રયાસ થયો છે. મેં આપણા દેશના અત્યંત જાણીતા આશ્રમોની મુલાકાત લીધી છે અને ત્યાં થોડાક દિવસ રહ્યો પણ છું. ઉપરાંત, ગુજરાતમાં પણ કેટલાંક સ્થળોએ રહેલો છું, પરંતુ હરિઃૐ આશ્રમના મૌનએકાંતના ઓરડાઓમાં રહીને જે જાગૃતિ અને દૃષ્ટિ પરિવર્તન અનુભવ્યાં છે એવું ક્યાંય બન્યું નથી. આજે તો હરિઃૐ આશ્રમ આપણા દેશના આધ્યાત્મિક, સાંસ્કૃતિક અને સામાજિક ઉત્થાનનું કેંદ્ર બન્યો છે. હરિઃૐ આશ્રમ દ્વારા થઈ રહેલા સાંસ્કૃતિક અને સામાજિક ઉત્થાનકાર્યનું મૂલ્યાંકન આ પુસ્તકમાં થયું નથી.

'હરિઃૐ આશ્રમ' વિશે ૧૯૬૮માં મેં લેખ લખેલો. એ વાંચીને પૂજ્ય શ્રીમોટાએ જે લખી આપેલું એ તેઓશ્રીના હસ્તાક્ષરમાં આ પુસ્તકના ટાઇટલ પેજ ચાર ઉપર પ્રગટ કર્યું છે.

પૂજ્ય શ્રીમોટાએ પોતાનો દેહત્યાગ કરવા જવા માટે આશ્રમમાંથી વિદાય થતાં પહેલાં આશ્રમના ખૂણેખૂણાને -એની જમીનના કણેકણને, ખીલેલાં ફૂલ-છોડને તથા વૃક્ષોને - અને સમગ્ર વાતાવરણને બે હાથ જોડીને પ્રણામ કરેલા. પૂજ્ય શ્રીમોટાની આ ચેષ્ટા જ આ સ્થળના મહિમાનું સમર્થન કરે છે.

આ પુસ્તકમાંનાં મોટા ભાગનાં પ્રકરણો **'હરિભાવ'**માં પ્રગટ થયાં છે. પૂજ્ય શ્રીમોટા વિશે લખવાની સમયની અનુકૂળતા વધારી આપવા માટે પૂજ્ય શ્રીમોટાનાં પ્રિય સ્વજનો, મારા સન્મિત્રો શ્રી પ્રભુદાસ જાની અને શ્રી જયંતીભાઈ જાનીનું કૃતજ્ઞતાપૂર્વક સ્મરણ થાય છે. 'હરિવાણી ટ્રસ્ટ' અંગેની સંપૂર્ણ વહીવટી જવાબદારી શ્રી પ્રભુદાસભાઈએ સંભાળી લીધી તથા શ્રી જયંતીભાઈએ પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકોનું તથા 'હરિભાવ'નું મુદ્રણશુદ્ધિનું કાર્ય સંભાળી લીધું. જો તેઓ આ કાર્યમાં સહભાગી બન્યા

ન હોત, તો મારાથી આટલા પ્રમાણમાં લખી શકાત નહિ. જાનીબંધુઓનું આ સહકાર્ય તો એમના દિલથી પૂજ્ય શ્રીમોટા પ્રત્યેની ભક્તિ છે, પણ મારાથી જો એ કાર્યની કદર ન કરાય તો મારો ભાવ ઊણો ઊતરે. આથી, શ્રી પ્રભુદાસભાઈ અને શ્રી જયંતીભાઈની કૃતજ્ઞભાવે કદર કરું છું. હરિઃૐ આશ્રમ, નડિયાદના ટ્રસ્ટીમંડળે આ પુસ્તક પ્રકાશિત કર્યું, એ બદલ સૌ ટ્રસ્ટીઓનો આભાર માનું છું.

પૂજ્ય શ્રીમોટા તથા હરિઃૐ આશ્રમ પ્રત્યે સદ્‌ભાવ ધરાવતા સૌ આ પુસ્તકને આવકારશે એવી શ્રદ્ધા છે.

અમદાવાદ. **રમેશ ભટ્ટ**

૪, સપ્ટેમ્બર, ૧૯૯૬

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પ્રથમ આવૃત્તિ)

હરિઃૐ આશ્રમની સ્થાપના અને કાર્ય પાછળની પૂજ્ય શ્રીમોટાની ભાવનાને સમજાવતું આ પુસ્તક પ્રગટ કરતાં આનંદ થાય છે.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિ માટે શ્રી જયંતીભાઈ જાનીનો, આવરણ ડિઝાઇન માટે શ્રી મયૂર જાનીનો તથા ટાઇટલ છાપી આપવા બદલ સાહિત્ય મુદ્રણાલયના નિયામકો શ્રી શ્રેયસભાઈ પંડ્યા તથા શ્રી યજ્ઞેશભાઈ પંડ્યાનો આભાર માનીએ છીએ.

આ પુસ્તકને સૌ આવકારશે એવી શ્રદ્ધા છે.

હરિઃૐ આશ્રમ, **સી. ડી. શાહ**
પો. બૉ. નં. ૭૪, મૅનેજિંગ ટ્રસ્ટી
નડિયાદ-૩૮૭૦૦૧, ફોનઃ (૦૨૬૮) ૨૫૬૭૭૯૪
તા. ૪-૯-૧૯૯૬

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (બીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાએ ખાસ હેતુથી હરિઃૐ આશ્રમની સ્થાપના કરી. સમાજને બેઠો કરવા, ગુણ અને ભાવનું સંવર્ધન થાય તે માટે અનેકવિધ યોજનાઓ હાથ ધરી; ઉપરાંત, વ્યક્તિઓના જીવનવિકાસ માટે હરિઃૐ આશ્રમમાં જરૂરી સગવડ સાથે મૌનરૂમોની સ્થાપના પણ કરી. આ રીતે વ્યક્તિ અને સમાજના ઉત્કર્ષ માટે પૂજ્યશ્રીએ જે ધૂણી ધખાવી તેનાં મીઠાં ફળ આજે આપણે મેળવી રહ્યાં છીએ.

શ્રી રમેશભાઈ ભટ્ટે પૂજ્ય શ્રીમોટાના આ ભગીરથ કાર્યના હાર્દનો મર્મ સરળ ભાષામાં આ પુસ્તકમાં સમજાવ્યો છે. આવા સુંદર કાર્ય બદલ આપણે સૌ સ્વજનો તેમનો અને તેમના પરિવારનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય પૂરા સદ્ભાવથી શ્રી જયંતીભાઈ જાનીએ કરી આપ્યું છે. ટાઇટલ ડિઝાઇનનું કાર્ય શ્રી મયૂરભાઈ જાનીએ કરી આપ્યું છે. આ પુસ્તકને સદ્ભાવથી છાપી આપવાનું કાર્ય સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુભાઈ પંડ્યાએ કરી આપ્યું છે. પૂજ્ય શ્રીમોટા પરત્વેના ભક્તિભાવથી પ્રેરાઈને આ સર્વેએ આ પ્રકાશનમાં આપેલા સહકાર બદલ, તે સૌના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

આશા છે કે અગાઉની આવૃત્તિની જેમ આ આવૃત્તિના પ્રકાશનને પણ સ્વજનોનો સહકાર મળી રહેશે.

તા.૨૬-૨-૨૦૦૬ **ટ્રસ્ટીમંડળ,**
(મહાશિવરાત્રી) હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિ:ૐ ॥

# નિવેદન

## (ત્રીજી આવૃત્તિ)

**હરિ:ૐ આશ્રમ-'શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ'**નું પ્રથમ પ્રકાશન સને ૧૯૯૬માં શ્રી રમેશ ભટ્ટ દ્વારા તૈયાર કરેલ લખાણના આધારે પ્રકાશિત થયેલું. તે દસેક વર્ષ બાદ સને ૨૦૦૬માં તેની બીજી આવૃત્તિ થઈ હતી.

હાલમાં આ પુસ્તકની પ્રતો ઉપલબ્ધ નથી, તેથી તેની ત્રીજી આવૃત્તિ પ્રકાશિત કરીએ છીએ. આ આવૃત્તિમાં આશ્રમની મુલાકત લેનાર સ્વજનોને અને મૌનમાં બેસવાની ભાવના રાખનાર માટે અને મૌનાર્થીને સ્પર્શતી કેટલીક માહિતીનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય પૂરા સદ્ભાવથી શ્રી જયંતીભાઈ જાનીએ કરી આપ્યું છે. ટાઇટલ ડિઝાઇનનું કાર્ય શ્રી મયૂરભાઈ જાનીએ કરી આપ્યું છે. આ પુસ્તકને સદ્ભાવથી છાપી આપવાનું કાર્ય સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુભાઈ પંડ્યાએ કરી આપ્યું છે. પૂજ્ય શ્રીમોટા પરત્વેના ભક્તિભાવથી પ્રેરાઈને આ સર્વેએ આ પ્રકાશનમાં આપેલા સહકાર બદલ, તે સૌના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

આશા છે કે અગાઉની આવૃત્તિની જેમ આ આવૃત્તિના પ્રકાશનને પણ સ્વજનોનો સહકાર મળી રહેશે.

તા.૭-૭-૨૦૦૯ **ટ્રસ્ટીમંડળ,**

ગુરુપૂર્ણિમા હરિ:ૐ આશ્રમ, સુરત

# હરિઃૐ આશ્રમ

## ‘શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ’

❑

રમેશ ભટ્ટ

**‘હું સર્વત્ર વિદ્યમાન છું.’**

**શ્રીમોટા**

(‘જીવનદર્શન’, ૧૦મી આ., પૃ.૩૮૨)

# ખંડ-૧

## હરિઃૐ આશ્રમ : 'શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ'

### ૧. 'જીવતો' આશ્રમ

શ્રીમોટાને પૂજ્ય શ્રીબાળયોગી મહારાજે ૧૯૨૩માં નડિયાદમાં દીક્ષા આપી. એ પછી શેઢી નદીના દખ્ખણિયા ઓવારા ઉપર આવેલા એક ટેકરા ઉપરના વિશાળ વડ ઉપર બેસાડીને સાધના પદ્ધતિ શીખવી. પૂજ્ય શ્રીબાળયોગીજીએ ત્યાંથી વિદાય લેતાં પહેલાં શ્રીમોટાને કહેલું કે 'આ સ્થળે તારો આશ્રમ થશે.' શ્રીમોટાએ એ વખતે તો એમ માનેલું કે પોતાને સારું લગાડવા તેઓશ્રી આમ કહેતા હશે, પરંતુ ૧૯૫૫માં આ સ્થળે જવાનું થતાં શ્રીમોટાને ગુરુમહારાજે કહેલાં વચનોનું સ્મરણ થયું. આ વાતનું સ્મરણ કરાવતાં શ્રીમોટાએ ૧૯૭૪માં થયેલા સત્સંગમાં એમ કહેલું કે 'આવા લોકોએ કહેલી વાત ફળ્યા વિના રહેતી જ નથી.' ('જન્મ-પુનર્જન્મ', પ્ર.આ., પૃ. ૪૬)

શેઢી નદીના કિનારે આવેલા આ સ્થળને 'હરિઃૐ આશ્રમ' એવું નામ અપાયું. ૧૯૨૩માં શ્રીગુરુમહારાજે કરેલી આગાહી ૧૯૫૫માં ફળી, પરંતુ ૧૯૪૬માં આશ્રમની ભાવના તથા આશ્રમના સાકારરૂપથી થનારાં કાર્યનું દર્શન શ્રીમોટાને હતું. ૧૯૩૯માં પરમાત્માના અનુભવદર્શન પછી શ્રીમોટા સતત ફરતા હતા. જ્યાં જ્યાં નિમિત્ત હોય ત્યાં ત્યાં જતા. એ પછી ક્યાંય એક સ્થળે લાંબો સમય રહ્યા નથી. આમ જોઈએ તો ૧૯૩૯ થી ૧૯૭૬ની ૨૨મી જુલાઈ સુધી લાંબો ગાળો એક જ સ્થળે નિરાંતે રહ્યા હોય એવું બન્યું નથી. ક્યારેક એક જ સ્થળે મહિનો-બે મહિના રહેવાનું બન્યું હોય એને અપવાદ ગણવો જોઈએ. સુરતના જહાંગીરપુરા વિસ્તારમાં આવેલી સ્મશાનભૂમિ કુરુક્ષેત્ર

પાસેની જમીન 'હરિઃૐ આશ્રમ' માટે લેવાઈ. તે પછી એ જમીનની જાળવણીની જવાબદારી સોંપવા માટે સ્ટૅમ્પ પેપર ઉપર શ્રીમોટાએ કરાર લખેલો. એમાં પોતાનું નિવાસસ્થાન દર્શાવતાં 'ફરતારામ' એમ લખેલું છે. કાનૂની કરારમાં આવો શબ્દ કાયદેસરનો ન ગણાય, પરંતુ શ્રીમોટાનો એ કાયદો 'પોતા'માંથી પ્રગટેલો હતો.

આવા ફરતારામ શ્રીમોટાની સાથે રહેવા ઇચ્છતા અને ઝંખતા શ્રી હેમંતકુમાર નીલકંઠને વારંવાર એમ થયા કરતું કે શ્રીમોટા એક આશ્રમ કરે તો ત્યાં એકલા નિરાંતે રહેવાય. આથી, એમની આવી માગણી થયા કરતી હતી. આ હકીકત શ્રી નંદુભાઈએ **'શ્રીમોટાની મહત્તા'** પુસ્તકમાં આલેખી છે. શ્રીમોટાએ આશ્રમની સ્થાપનાની માગણીના જવાબમાં તા. ૨૮-૧૨-૧૯૪૬ના રોજ એક પત્રમાં ('જીવનપ્રવેશ', પૃ. ૨૨૫ થી ૨૨૭) લખ્યું છે કે,

**'વળી મારે આશ્રમ કેવો ? તમે બધાં જ ધારો તો જીવતો આશ્રમ થઈ શકો.'** આ વિધાનથી એમ સમજાય છે કે જીવતો આશ્રમ એટલે શ્રીમોટાનાં સ્વજનો. શ્રીમોટાને તો આશ્રમની જરૂર જ નથી. એ બાબત તો તેઓશ્રીએ પહેલા જ વાક્યમાં પ્રશ્નથી સ્પષ્ટ કરી છે. શ્રીમોટાએ આશ્રમના નિર્માણનો આલેખ આપ્યો છે. 'જીવતા આશ્રમ'ના નિર્માણની ડિઝાઇનની વિગત ઝીણવટથી સમજવા જેવી છે. શ્રીમોટા જણાવે છે કે **'જે કોઈ જીવ હૃદયમાંનું હૃદયથી બની જાય, તો શા કાજે કોને વળગેલું છે, તેને તેનું સાચું જ્ઞાન પ્રગટે અને તો પોતાની માનસિક ભૂમિકા જરૂર ઊંચે લાવી શકે.'**

તાત્પર્ય કે આપણી સૌની માનસિક ભૂમિકા ઊંચે આવે તેટલા પ્રમાણમાં 'જીવતા આશ્રમ'ના મિનારા ઊંચા જણાય.

સામાન્ય રીતે આપણાં બધાં કાર્યોની પાછળ આપણા મનના વિચારો અને વૃત્તિનાં વલણો મર્યાદિત અને નિમ્નગામી હોય છે. આથી, આપણાથી થતાં કામો પૂરાં થયેલાં ભાસે છે, પરંતુ એ કામ દ્વારા જે 'આંતરિક કર્મ' સધાવું જોઈએ એ બાકી રહે છે. પરિણામે પાયો જ કાચો રહે છે. એટલા માટે શ્રીમોટાએ ઉચ્ચ વિચાર ભાવવાળી માનસિક ભૂમિકા કેળવવાનું સૂચવ્યું છે.

માનસિક ભૂમિકા ઊંચે લાવી શકવાનો તેઓશ્રીએ આપણને રસ્તો પણ દર્શાવ્યો છે. આપણે તેઓશ્રીના 'હૃદયમાંના હૃદયથી' બનવાનો પુરુષાર્થ કરવો જોઈએ. તેઓશ્રીના 'હૃદયમાંના ' એટલે તેઓશ્રીનું હૃદય પૂર્ણ પુરુષોત્તમરૂપ બન્યું છે, એવા તત્ત્વભાવમાંના આપણે બનવાનું છે. મતલબ કે આપણે પ્રભુના જ છીએ, આંતરિક અવસ્થા પ્રભુરૂપ છે, એમ સ્વીકારવાનું છે, પરંતુ આ હકીકતને માત્ર મન અને બુદ્ધિથી સ્વીકારીને બેસી રહેવાનું નથી, પરંતુ એના અનુભવ માટે મંથન થવા દેવાનું છે. માટે, 'હૃદયથી' એ મંથન થાય એ જ આવશ્યક છે. આમ, આપણે 'હૃદયથી' તેઓશ્રીના 'હૃદયમાંના' બની રહીએ ત્યારે જ આપણને 'સાચું જ્ઞાન' થાય કે આપણે જેને વળગેલા છીએ એનો હેતુ શો છે. આમ, શ્રીમોટાના હૃદયરૂપ પરમાત્મા સાથે આપણે 'હૃદયથી' જોડાઈ જઈએ. આમ કરવાથી આપણી ભૂમિકા ઊંચે આવતી જાય. માત્ર શ્રીમોટા સાથે દિલથી વળગી રહેવાથી અને શા માટે વળગ્યા છીએ એનું જ્ઞાન રાખીએ તો માનસિક ભૂમિકા જરૂર ઊંચી આવે. આ રીતે તેઓશ્રીએ માનસિક ભૂમિકા ઊંચે આણવાની ગુરુચાવી આપી છે. આવા પ્રકારમાં આપણા મંથન અને પુરુષાર્થથી આપણામાંનાં પ્રાકૃતિક વલણો તથા રાગદ્વેષાદિ પણ જેમ જેમ મોળાં પડતાં જાય તેમ તેમ આપણામાં સાત્ત્વિક ભૂમિકા ખીલવા માંડે. પરિણામે આપણામાં આકાશભૂમિકા બંધાય.

આથી, શ્રીમોટા લખે છે કે **'જો તે (સ્વજન) સાચેસાચું આકાશ ભૂમિકાનું બની જાય તો તેની દ્વારા પ્રકાશ ફેલાવવાનું પ્રભુનિર્મિત કાર્ય કેટકેટલું થઈ શકે ! કેટકેટલું થવાની શક્યતાઓ પડેલી છે અને ભરેલી છે! શ્રીપ્રભુકૃપાથી જે સ્વજન એવી ભૂમિકાવાળાં બને છે, તે જ મારે મન તો સાચો આશ્રમ છે.'**

શ્રીમોટા-'પૂર્ણપુરુષ' રૂપે પ્રગટ્યા. એ પ્રાગટ્ય જ્ઞાન-પ્રકાશ ફેલાવવાના પ્રભુનિર્મિત કાર્ય માટેનું છે. આવું કાર્ય એ આપણા સૌ મારફત થવાનું છે. આથી, તેઓશ્રીએ આપણને આ પ્રમાણે કેળવાવા સૂચવ્યું છે. આપણે સૌ પ્રભુકાર્યનાં નિમિત્તો હોવાથી આપણા સૌની જવાબદારી ઘણી મોટી છે. શ્રીમોટાનો જે સ્વજન આવી ભૂમિકાવાળો બને એ શ્રીમોટાનો **સાચો આશ્રમ** છે.

આથી, આપણે સૌએ ઉપર સૂચવ્યા મુજબની ડિઝાઈન પ્રમાણે આપણામાંથી સાચા 'હરિઃૐ આશ્રમ'નું નિર્માણ કરવાનું છે.

આપણાથી આપણામાં આવા 'સાચા આશ્રમ'નું નિર્માણ થાય એ માટે શ્રીમોટાએ રોજેરોજ આપણે શું કરવાનું અને કેવી રીતે એ કરવાનું એ સમજાવ્યું છે. તેઓશ્રી લખે છે કે **'સૌ કોઈ પાસે એવી શક્તિ છે.'** આમ કહીને આપણામાંની શક્તિને તેઓશ્રીએ પ્રમાણી છે અને આપણામાં આત્મવિશ્વાસનો પાયો દૃઢ કર્યો છે. આત્મશ્રદ્ધા અને આત્મવિશ્વાસના પાયા ઉપર જ 'જીવન'ની ઈમારત ઊભી રહી શકે. અગાઉ સૂચવ્યા પ્રમાણે આપણી માનસિક ભૂમિકા ઊંચે આણીને, આકાશ ભૂમિકાનું નિર્માણ કરીને આપણે સંસારમાં કેવી રીતે વર્તવું એ સમજાવતાં શ્રીમોટા લખે છે કે **'તેથી પોતાની પાસે જે કોઈ આવે કરે, જેનો જેનો સંબંધ થાય, એમને ઊંચી સમજણમાં લાવવાનું નમ્રતા ધારણ કરી કરીને કરે, એમને ધર્મભાવનામાં રસ લેવાનું અને સંસારી રાગદ્વેષ અને અદેખાઈના ઝઘડા ટાળવાનું સમજાવવાનું**

**કર્યાં કરે, શ્રીભગવાનના નામસ્મરણથી એની ભક્તિમાં મન પરોવ્યા કરવાનું કરે' જે જે કંઈ થયા કરે તે એ વહાલાને કાજે જ, અને એને જ જે જે કંઈ થતું હોય તે પ્રેમભક્તિજ્ઞાનભાવે સમર્પણ થયા કરે તો એના જેવો બીજો ઉત્તમ આશ્રમ કોઈ ન હોઈ શકે.'**

શ્રીમોટાએ એક જ વાક્યમાં આપણને ઉત્તમ આશ્રમના નિર્માણની કાર્યપદ્ધતિ દર્શાવી છે. આમાંથી એક પણ કાર્યની બાદબાકી ન જ કરાય. બધું જ એક સાથે આચરવાનું હોય છે, નહિતર અધકચરું રહેતાં બધું જ તૂટી પડે.

ઉત્તમ આશ્રમ માટે શ્રીમોટાનું આ દર્શન છે.

આમ છતાં જો આશ્રમ કાઢવો જ હોય તોપણ એ આશ્રમ દ્વારા શું બનશે એ તેઓશ્રીએ આ જ પત્રમાં સૂચવ્યું છે. આશ્રમ માટે તેઓશ્રીને પૈસા તો મળી જ રહેવાના, **'કિંતુ મારે ઘરેડ પ્રમાણેનો આશ્રમ જોઈતો નથી.'** એમ તેઓશ્રીએ જણાવ્યું છે. શ્રીમોટાના જીવનના સમગ્ર કાર્યપ્રદેશનું અવલોકન કરવામાં આવે તો તેઓશ્રીના પ્રત્યેક કાર્યમાં મૌલિકતા જ છે. તેઓશ્રીની સાધના પદ્ધતિનો અભ્યાસ કરનારને પણ આ જ પ્રતીતિ થવાની. જ્યારે કોઈ પણ કાર્ય હેતુ વિના થાય છે ત્યારે એ કાર્ય ઘરેડયુક્ત બને છે. આથી, કર્મ પોતે જ વેઠ બની જાય છે. આપણા જનસમાજમાં તથા સાધુસમાજમાં પણ આશ્રમો વિશે ચોક્કસ કલ્પના છે. જ્યાં રહેવા- જમવાની વ્યવસ્થા હોય અને અમુક પ્રકારનાં સામૂહિક સાધનો રોજેરોજ નિશ્ચિત સમયે થતાં હોય - એ જ આશ્રમ. વળી, જ્યાં મફત રહેવા-જમવાનું મળતું હોય એ વધારે સારો આશ્રમ એવી માન્યતા પણ સમાજમાં છે. આપણા દેશમાં આવી ઘરેડવાળા ઘણા આશ્રમો છે. શ્રીમોટાને આવો ઘરેડ પ્રમાણેનો આશ્રમ જોઈતો નથી. તો શ્રીમોટાને કેવો આશ્રમ કાઢવો છે ? આ

અંગેના તેઓશ્રીનાં દર્શનમાં આપણને તેઓશ્રીના પરમ અનુભવ અને એના સામર્થ્યના પ્રયોગની સફળતા સૂચિત થાય છે. તેઓશ્રી લખે છે કે **'જ્યાંથી ભગવાનની ચેતનાશક્તિ, ભાવના, જેમ વીજળીના મૂળ કારખાનામાંથી જ્યાં ત્યાં બધે વીજળી પ્રસરતી હોય છે, તેમ તેનું આપોઆપ પ્રસરવાનું બને, અને એવું પ્રત્યક્ષ અનુભવમાં આવ્યાકરે, અને એવી અંતરમાં સહજ ભાવના પ્રગટે ત્યારે તેમ કરવું યોગ્ય છે. એની પ્રેરણા હજી તેવી મળી શકી નથી. જેટલાં પ્રભુપ્રસાદીરૂપે મળેલાં છે એવાંનું જીવન ભગવદીય થતું અનુભવી શકાય, ત્યારે જ આશ્રમ તો એની કૃપાથી શોભે.'**

('જીવનપ્રવેશ', પૃ. ૨૨૫-૨૬-૨૭)

શ્રીમોટાનાં દર્શનમાં આશ્રમ એક અલૌકિક સ્થળ છે. આ અલૌકિકતા સમજાવવા માટે તેઓશ્રીએ એક દૃષ્ટાંત આપ્યું છે. આપણે આજે જ્યાં જ્યાં વીજળીનો પ્રકાશ જોઈએ છીએ ત્યાં ત્યાં એનું મૂળ માત્ર સ્વિચ, વાયર્સ કે મિટરમાં નથી, પરંતુ એનું સાચું મૂળ તો વીજળી જ્યાંથી ઉત્પન્ન થાય છે એવાં મુખ્ય સ્ટેશનમાં છે. ત્યાંથી વીજળીનો પ્રવાહ વહે છે અને આપણને સૌને એ વીજળી આપણા ઘર સુધી મળે છે. એ વીજળીનો ઉપયોગ આપણે અનેક સાધનો દ્વારા કરીએ છીએ અને સુખસુવિધા માણીએ છીએ. સૂક્ષ્મ બાબત સમજાવવા શ્રીમોટાએ આવું એક દૃષ્ટાંત આપ્યું. આપણે ઉપલક રીતે જોઈએ તોપણ વીજળીની ગતિ અને શક્તિ કરતાંય શ્રીભગવાનની ચેતના-શક્તિની ગતિશક્તિ તો અપાર છે. આથી, શ્રીમોટા કહે છે કે આશ્રમ એ શ્રીભગવાનની ચેતનાશક્તિ અને ભાવનાનું મૂળ કેંદ્ર બની રહેશે. આમ તો વિદ્યુતશક્તિ બધે જ છે. એમ હોવા છતાં આપણે ઈચ્છીએ ત્યાંથી વીજળીનો પ્રકાશ મેળવી શકતા નથી. એવી રીતે ચેતન-ભગવાન સર્વત્ર છે, પણ આપણે એને અનુભવી શકતા નથી. આથી,

શ્રીમોટા કહે છે કે આશ્રમ તો એવો હોવો જોઈએ કે જ્યાંથી 'શ્રીભગવાનની ચેતનાશક્તિનું આપોઆપ પ્રસરવાનું બને અને એવું પ્રત્યક્ષ અનુભવમાં આવ્યા કરે.' શ્રીભગવાનની ચેતનાશક્તિ એટલે શું ? ચેતનની ચેતનાશક્તિ એટલે શું ? 'ભગવાન' કે 'ચેતન' સર્વત્ર અને સર્વમાં હોવા છતાં 'પોતે' સાક્ષીરૂપે છે. છતાં પણ શક્તિરૂપે જે વ્યક્ત છે એ શ્રીભગવાનની ચેતનાશક્તિ તરીકે ઓળખાય છે. એ શક્તિનું કાર્ય આપણામાં બિરાજેલા શ્રીભગવાનના આવરણરૂપ બનીને કાર્યરત રહેતા રાગદ્વેષાદિ - કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, આશા, ઈચ્છા, તૃષ્ણા, લોલુપતાને મોળાં પાડવાનું છે. શ્રીભગવાનની આવી ચેતનાશક્તિની સાથે ભગવાનની ભાવના 'આપોઆપ પ્રસરે' એ પણ આવશ્યક છે. 'ભગવાનની ભાવના' એટલે આપણે સૌ મન, બુદ્ધિ અને હૃદયથી બધે, તેમ જ બધાંમાં ભગવાન હાજર છે એવું દઢપણે માનીએ, જાણીએ અને અનુભવમાં લાવવા મથીએ. ભગવાનની ભાવના એટલે આપણો વ્યક્તિરૂપ અહંકાર ભગવાનનો શરણાગત બનેલો રહે. આવી ભગવાનની ચેતનાશક્તિ અને ભાવના આવા આશ્રમમાંથી 'આપોઆપ' પ્રસરે. તાત્પર્ય કે પ્રયત્ન વિના સહજ રીતે એ પ્રસરે. 'સહજ રીતે' - 'આપોઆપ' પ્રસરે એનો મર્મ એ કે સ્વયં પરમાત્માનું જ એ કેંદ્ર ઉપરનું 'હોવાપણું' બની રહે. જ્યાં પરમાત્મા છે ત્યાં 'પ્રયત્ન' નથી. 'આપોઆપ' બને. એ જ પરમાત્માની હાજરીનાં દર્શન. આથી, શ્રીમોટાએ 'પ્રસરવા' ઉપરાંત 'પ્રત્યક્ષ અનુભવમાં આવ્યા કરે.' એમ જણાવ્યું છે. અહીં પણ 'પ્રત્યક્ષ' એટલે નજર કે આંખ સામે નહિ, પરંતુ દિલની દૃષ્ટિથી - અનુભવથી પ્રમાણી શકાય. આવું બની શકે 'એવી અંતરમાં સહજ ભાવના પ્રગટે ત્યારે તેમ કરવું યોગ્ય છે. એની પ્રેરણા હજી તેવી મળી શકી

નથી.' આમ, તેઓશ્રીએ ૧૯૪૬માં લખ્યું છે. શ્રીમોટાને ૧૯૪૬ સુધી 'આશ્રમ કાઢવાની' સહજ ભાવના અંતરમાં પ્રગટી ન હતી, તથા એવી પ્રેરણા મળી શકી નથી એમ સ્પષ્ટ જણાવે છે. એ સહજ ભાવના અને પ્રેરણા ૧૯૫૫માં થઈ ત્યારે શ્રીમોટાએ 'આશ્રમ કાઢવાની' સંમતિ આપી. 'શ્રીભગવાનની ચેતનાશક્તિ અને ભાવના'નાં મૂળ કેંદ્રની પ્રતિષ્ઠા થતાં બીજાં નવ વર્ષ વીત્યાં. આ આશ્રમ ભગવાનની કૃપાથી ક્યારે શોભે ? ભાવનાત્મક આશ્રમનાં શિખરો ક્યારે ઝળાંઝળાં પ્રકાશી ઊઠે ? આ વિશે સમજાવતાં શ્રીમોટાના માર્મિકવચનો ફરીથી વાંચીએ : 'જેટલાં પ્રભુપ્રસાદીરૂપે મળેલાં છે એવાંનું જીવન ભગવદીય થતું અનુભવી શકાય, જ્યારે આપણું સમગ્ર જીવન ભગવાન ખાતર જ વહેતું થાય ત્યારે જ પ્રભુની કૃપાથી આશ્રમ શોભે.'

આપણે ભગવાન ખાતર જીવીએ. મતલબ કે ભગવાનનું જ કામ કરીએ ત્યારે આપણું જીવન ભગવદીય થયું ગણાય. ભગવાન ખાતર જીવવું એટલે વિશેષરૂપે ભગવાનનું 'હોવાપણું' ધ્યાનમાં રાખીને વર્તીએ અને આપણાં વર્તન સાથે તથા આપણાં કર્મ સાથે આપણા રાગદ્વેષાદિ નિર્મૂળ થતા રહે એવો ભાવ જાગૃત રહે એ ભગવાનનું કાર્ય થયું ગણાય.

આવા આપણા પ્રયત્નોથી જાગૃત રહેવાની ભાવનાથી શ્રીમોટાનો આશ્રમ શોભી ઊઠશે.

## ૨. ચેતનાશક્તિનું કાર્ય

પ્રભુમય જીવન માટેની કે જીવનવિકાસ માટેની સાધના

એકાંતિક અને એકાંગી છે. મતલબ કે ગુપ્ત રહીને એકલાએ જ એ સાધના કરવાની છે. શ્રીમોટાએ તો પોતાનું શરીર છોડ્યું ત્યાં સુધી પોતાના ગૂઢતમ જીવનને ગુપ્ત જ રહેવા દીધું હતું. સંસારમાં રહીને, પ્રાપ્ત વ્યવહારો નિભાવીને અને પ્રાપ્ત કર્મો પૂરી નિષ્ઠાથી ભક્તિપૂર્વક આચરતાં આચરતાં સાધના કરી છે. છતાં એમના નિકટના સાથીઓને પણ એની ખબર પડી ન હતી.

૧૯૩૯માં ચેતન કે પ્રભુની જેમ 'પોતાના' 'સર્વત્ર હોવાપણા'ના અનુભવ પછી એમના હૃદયમાંના પ્રગટ પ્રભુ 'પ્રેમરૂપ જીવનચેતના' રૂપે જાગતા વરતાતા હતા અને પાસે રહેનારાઓને એનો અદ્‌ભુત અને અલૌકિક અનુભવ થવા લાગ્યો હતો. સાધના દરમિયાન જેઓ એમની મજાક-મશ્કરી કરતા અને ક્યારેક એમનો ઠઠ્ઠો ઉડાડતા એવાંઓને શ્રીમોટા પ્રત્યે આકર્ષણ થયું હતું. પોતાના અનુભવમાં જાગેલ પ્રેમસ્વરૂપ જીવનચેતનાનો સ્પષ્ટ અણસાર તેઓશ્રીએ ('જીવનસંશોધન', પૃ. ૧૬) ૧૯૩૯ના એક પત્રમાં આપ્યો છે.

*'દીસે બારે મેઘો સમ વરસતો પ્રેમ જીવને,*
*ડૂબે છે તેમાં જે, તરી જઈ બને ધન્ય બસ તે.'*

પોતાના જીવનમાં 'બારે મેઘ' સમો પ્રેમ વરસતો દીસે છે, એમાં ડૂબીને જે પોતે તર્યા છે - મતલબ કે પૂર્ણપ્રેમરૂપનો અનુભવ અખંડ કરીને, પોતે પાછા 'અનુભવ'થી એમાં તરતા રહ્યા છે. આથી, તે ધન્ય બન્યા છે. ખરી રીતે તો શ્રીમોટાના આવા અનુભવથી આપણે સૌ ધન્ય બન્યા છીએ. તેઓના અનુભવમાંનો 'પ્રેમ' એ વ્યાખ્યામાં બાંધી શકાય એવો નથી. આપણે સંસારીજનો 'પ્રેમ' શબ્દને અત્યંત ક્ષુલ્લક રીતે સમજીએ છીએ, પરંતુ પ્રેમરૂપે વ્યક્ત થતા પ્રભુભાવની વિશેષતા-કળા વધુ ઊંડાણથી જાણવા-સમજવા મથનારે શ્રીમોટા રચિત **'પુનિત પ્રેમગાથા'** તથા **'પ્રેમ'**

પુસ્તકોનો સ્વાધ્યાય કરવો જોઈએ.

તેઓશ્રીના જીવન દ્વારા સતત વરસતો પ્રેમભાવ પોતે અનુભવેલા 'પ્રભુપદ' નો પ્રતાપ છે. આથી, ('જીવનસંશોધન', પૃ. ૧૬) ઉપર લખ્યું છે કે,

*'એ છે પ્રતાપ પદની રજધૂલિકાનો,*
*દાંડી પીટી જગતને કહું ધ્યાન લેજો.'*

૧૯૩૯માં જાગેલી આવી પ્રેમચેતનાનો અનુભવ અન્ય જિજ્ઞાસુ વ્યક્તિઓને પણ થાય એવા આધ્યાત્મિક વિજ્ઞાનના પ્રયોગ માટે ૧૯૫૫માં તેઓશ્રીએ આશ્રમો સ્થાપ્યા. શરૂઆતમાં નડિયાદ, સુરત અને કુંભકોણમ્ (દક્ષિણ ભારત)માં આશ્રમો કાઢ્યા. એ પછી અમદાવાદ - નરોડામાં આશ્રમ શરૂ કર્યો. પાછળથી અમદાવાદનો નરોડાનો આશ્રમો બંધ થયો, તે સાથે જ નડિયાદ આશ્રમમાં મૌનએકાંતના બે વધુ ઓરડા બંધાવાયા. હાલ નડિયાદ અને સુરતમાં આશ્રમો છે.

શ્રીમોટાના આ 'હરિઃૐ આશ્રમો' તદ્દન અનોખા છે. શ્રીમોટાને જે સહજ રીતે 'આપમેળે' મળ્યું એનો જ ઉપયોગ કર્યો. આશ્રમ માટેની જગામાં જરૂરી અને ઉપયોગી બાંધકામ જ કરાવ્યું. એના બહારના દેખાવને જરાય મહત્ત્વ ન આપ્યું, પણ કુદરતની રચનામાંથી સૌંદર્ય જન્માવ્યું. સ્થળના એકાંતને રમણીય બનાવી ભગવાનના રમ્યરૂપને પ્રગટાવ્યું. સત્ય (ભગવાનનું - ચેતનનું હોવાપણું) તથા શિવ એટલે એકાંતમાં આત્મકલ્યાણ માટે સાધનાકાર્ય તો અંતર્ગત રીતે સ્થપાયેલાં જ હતાં. આમ, 'હરિઃૐ આશ્રમ' સત્યમ્ શિવમ્ સુંદરમ્‌વાળી પ્રભુની ત્રિમૂર્તિરૂપે વ્યક્ત થયો છે.

શ્રીમોટાએ ૧૯૫૫માં આશ્રમ સ્થાપ્યા પછી એની જાહેરાત કે પ્રચાર ક્યારેય કર્યો નથી, કેમ કે પ્રભુશક્તિના પ્રાગટ્યનો

પ્રચાર સ્વયં સત્યથી વિરુદ્ધ ગણાય છે. સુરત આશ્રમની સ્થાપના પૂર્વે શ્રીમોટા, સુરત જતા હતા. એ વખતે જૂજ લોકો શ્રીમોટાને મળતા હતા. એમાં શ્રી ભીખુભાઈ પટેલ હતા. એમણે એક દિવસ શ્રીમોટાને કહ્યું કે 'આપ અહીં આવો એ દિવસની જાહેરાત છાપાંમાં થાય તો લોકો જાણે અને આપને વધુ લોકો મળી શકે.' શ્રી ભીખુભાઈને એવી તીવ્ર ભાવના રહ્યા કરતી કે શ્રીમોટા જેવી વિભૂતિનો બહુજન સમાજને પરિચય થાય અને એમનો લાભ બહુ લોકોને મળે. ત્યારે શ્રીમોટાએ ભીખુભાઈને પ્રેમથી જવાબ આપતાં પૂછ્યું, 'ભીખુકાકા, આ સૂર્ય ઊગે છે એ પોતાના ઊગવાની જાહેરખબર આપે છે ?' શ્રીમોટાનો આ માર્મિક પ્રશ્ન પોતાનામાં પ્રગટી રહેલ કોટિ સૂર્યોના પ્રકાશનો સંકેત કરે છે.

આમ, શ્રીમોટાએ જેમ પોતાના અનુભવ વિશે તેમ પોતાના આશ્રમો વિશે ક્યારેય જાહેરાત કરી ન હતી. આમ કરવા પાછળનું તાત્પર્ય એ કે જે જે નિમિત્તો છે એ પ્રભુકૃપાશક્તિથી 'આપમેળે' જ ખેંચાઈને આવવાનાં છે. દરેક વ્યક્તિ માટે સમય પાકવાનો છે. આવું અપાર ધૈર્ય દાખવવાની અસાધારણ શક્તિ છે, પરંતુ શ્રીમોટાનો અનુભવ 'કાલાતીત' હતો. એથી જ તેઓશ્રીના દેહત્યાગ પછી પણ તેઓશ્રીમાં 'જાગેલી પ્રેમરૂપચેતના'ના સ્પર્શથી અનેક જીવો આ આશ્રમો પ્રત્યે આકર્ષાય છે.

આવાં આકર્ષણ પાછળની અલૌકિકતાનાં અનેક દૃષ્ટાંતો આપી શકાય. શ્રીમોટાની સદેહે હાજરી દરમિયાન કેનેડાના યુવાન રૉબિને એક વર્ષનું સળંગ મૌનએકાંત સેવેલું. જ્યારે તેઓશ્રીના દેહત્યાગ પછી સ્વીટ્ઝરલેન્ડની એક યુવતી પ્રયોગ ખાતર મૌનમાં એક સપ્તાહ બેઠેલી. હિમાલયની ગુફામાં બેસીને વર્ષોથી સાધના કરતા સાધુઓ આકર્ષાઈને દીર્ઘકાળ સુધી મૌનએકાંત સેવી ગયા છે. આજે (૨૦૦૯) શ્રીમોટાના દેહત્યાગના ૩૩ વર્ષ વીત્યાં પછી પણ

મૌનએકાંતની સાધના માટે જિજ્ઞાસુઓને નામ નોંધાવ્યા બાદ એકાદ વર્ષ જેવી રાહ જોવી પડે છે. આની સામી બાજુનાં દૃષ્ટાંત તરીકે નડિયાદ કે સુરતમાં આશ્રમની નજીક રહેનારને પણ આ સ્થળે શું ચાલી રહ્યું છે એની જાણ પણ નથી ! આ બંને આશ્ચર્યોની પાછળ 'નિમિત્ત'નું વિજ્ઞાન છે.

શ્રીમોટાએ આશ્રમોની સ્થાપના વખતે પોતાથી થનાર સૂક્ષ્મ કાર્યની સ્પષ્ટતા કરી છે. એ જાણવાથી હરિઃૐ આશ્રમ એટલે શું એ આપણને સમજાશે. શ્રીમોટાએ આશ્રમ અંગેની આવી હકીકત સૌથી પહેલી વાર ૧૯૫૮માં પ્રગટ થયેલ **'નર્મદાપદે'**ની બીજી આવૃત્તિમાં પ્રગટ કરી છે. એ વખતે શ્રીમોટા પોતાનું નામ ક્યારેય પ્રગટ કરતા નહિ. આથી, તેઓશ્રી સમાજમાં સંપૂર્ણ અજ્ઞાત હતા. શ્રીમોટાએ આ પુસ્તકનાં ૯ થી ૧૯ પાનાંમાં 'લેખકના આશ્રમો' એ મથાળે જે કાંઈ પ્રગટ કર્યું છે, એ સમજવાથી હરિઃૐ આશ્રમની સ્થાપના અને ત્યાં થતાં કાર્યની ગૂઢતાની ઝાંખી મેળવી શકાશે.

* * *

શ્રીમોટા શરૂઆતમાં લખે છે કે 'પોતાની જાગેલી પ્રેમસ્વરૂપ જીવનચેતના દ્વારા બીજા જીવોમાં પણ એવી જ પ્રેમચેતના પ્રગટાવવાની લેખકની અભિલાષાને મૂર્તસ્વરૂપ આપવા માટે તેઓએ નડિયાદ, સુરત અને દક્ષિણ હિંદમાં કુંભકોણમ્‌માં હરિઃૐ આશ્રમો સ્થાપ્યા છે. ત્યાં આત્મકલ્યાણની સાધનાની શરૂઆત થવા માટે અથવા તેમાં પ્રગતિ થવા માટે સાધકને અનેરી તક સાંપડે છે.'

શ્રીમોટા, હરિઃૐ આશ્રમો દ્વારા જે અભિલાષાને મૂર્તસ્વરૂપ આપવા ઝંખે છે એની સ્પષ્ટતા કરી છે. 'પોતાની જાગેલી પ્રેમસ્વરૂપ જીવનચેતનાના' સામર્થ્યને પ્રયોગાત્મક રીતે સિદ્ધ કરી શકાય એ માટેની પ્રયોગશાળા એટલે હરિઃૐઆશ્રમો. હરિઃૐ

આશ્રમોનાં મૌનએકાંત માટે તૈયાર કરાયેલા ઓરડાઓ એટલે એમાં બેસનારના જીવનમાં પોતાની જાગેલી પ્રેમચેતના 'જેવી જ પ્રેમચેતના' પ્રગટાવવાની પ્રયોગ શાળાઓ. આ પ્રયોગશાળાઓને - મૌનએકાંત ઓરડાઓને શોધનશાળા-રિફાઈનરી - તરીકે પણ ઓળખાવાઈ છે. શ્રીમોટાએ આ સ્થળે થતાં કાર્યને 'અગ્નિસ્નાન' ગણાવ્યું છે. આ મૌનએકાંત ઓરડાઓ એ જ હરિઃૐ આશ્રમો છે. એમાં જેઓ 'આત્મકલ્યાણની સાધનાની શરૂઆત' કરવા ઈચ્છે છે અથવા 'સાધનામાં પ્રગતિ થવા' કાજે ઝંખે છે એમને માટે આ આશ્રમોમાં 'અનેરી તક' સાંપડે છે. હરિઃૐ આશ્રમ-રૂપે મૌનએકાંત ઓરડાઓ એના યોગ્ય અર્થમાં હરિઃૐ આશ્રમનું હૃદય છે.

આ મૌનએકાંત ઓરડાઓમાં બેઠેલા શ્રેયાર્થીને શ્રીમોટાની 'અનેરી કાર્યશૈલી'થી ગૂઢ રીતે માર્ગદર્શન મળે છે. હરિઃૐ આશ્રમોમાંના મૌનએકાંત ઓરડાઓની આ જ 'અનેરી' વિશિષ્ટતા અને વિશેષતા છે. શ્રીમોટાએ આશ્રમની સ્થાપનાના આરંભકાળમાં મૌનએકાંતનો ગાળો એકવીસ દિવસનો રાખેલો. એ પછી ઓછામાં ઓછું એક સપ્તાહ રાખવામાં આવ્યું. ઓરડામાં બેસનાર સાધકને રોજિંદી તમામ જરૂરિયાતો અંદર જ પૂરી પાડવામાં આવે છે. વળી, હાલ તો ઓરડાઓ પણ વીજળી, પાણી, બાથરૂમ-જાજરૂથી સુસજ્જ થયા છે. પલંગ, હીંચકો, ટેબલ-ખુરશી, ટેબલ લૅમ્પ, પાટલો, સ્ટૂલ્સ વગેરે સાધનોથી સંપન્ન છે. હરિઃૐ આશ્રમ, સુરતમાં કુલ ૯ મૌનમંદિરો છે, જે પૈકી ૩ મૌનમંદિરો ૭, ૧૪ કે ૨૧ દિવસ માટે ફાળવવામાં આવે છે. હાલના બદલાતા સામાજિક-આર્થિક સંજોગોમાં વ્યક્તિ માત્ર થોડા સમય માટે પણ મૌનએકાંત યજ્ઞનો અનુભવ લઈ શકે તે માટે ૧ મૌનમંદિરમાં એક રાત્રિ, બે રાત્રિ કે ત્રણ રાત્રિ પૂરતો

જ ઓરડો ફાળવવામાં આવે છે. રસોડાની બાજુમાં સદ્‌ગત શ્રી ઝીણાકાકા રહેતા હતા, તે જ ઓરડાને મૌનમંદિરના આ હેતુસર ફાળવવામાં આવ્યો છે. આ ઓરડામાં બાળકોને તથા સ્ત્રીઓને પ્રથમ અનુભવ લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. અન્ય ઓરડાઓનું ઍડ્‌વાન્સ બુકિંગ થાય છે, પરંતુ આ ઓરડામાં બેસવા માટે ફક્ત આગામી ૧૫ દિવસ (મહત્તમ બે અઠવાડિયાં સુધી)ના જ નામ નોંધવામાં આવે છે. આ ઉપરાંત, ફક્ત દિવસ દરમિયાન જ મૌન રાખનાર ઈચ્છુક ભક્તોને માટે આ મૌનમંદિરની ઉપર પહેલે માળે અલાયદો ‘આત્મનિવેદન કક્ષ’ બનાવવામાં આવ્યો છે. જેમાં આશ્રમના નિયમ મુજબના સમયે સવારે ૬-૦૦ થી સાંજે ૬-૦૦ સુધી વ્યક્તિ મૌનયજ્ઞ પાળી શકે, પ્રાર્થના, પુસ્તક વાંચન કરી શકે એવી વ્યવસ્થા બનાવવામાં આવી છે. આ સગવડનો હેતુ એવો છે કે અંદર બેસનાર ‘સાધક તેટલો સમય બીજા પરત્વે મૌનમાં ગાળે છે. સવારના ચાર વાગ્યાથી ઊઠીને રાતના આઠ વાગ્યા સુધી એણે બસ એક જ કામ કરવાનું હોય છે-એનાં ઈષ્ટનામનું મોટેથી રટણ’. શ્રીમોટા કહે છે કે ‘એમાં થોડાક સમયનો જ અપવાદ ભલે તે રાખે. બપોરે જમ્યા પછી જ્યારે એના ઉપર તંદ્રા કે નિદ્રાનો હુમલો આવે ત્યારે તેને નિવારી નાખવા માટે તે ભજનો ગાય કે પોતાને થયેલા આધ્યાત્મિક અનુભવોની નોંધ લખે કે કોઈ આધ્યાત્મિક સાહિત્ય વાંચીને એ એકાદ કલાકનો ગાળો પસાર કરી લે છે. અપેક્ષા તો એ છે કે લખતાં વાંચતાં પણ મોઢેથી નામસ્મરણ ચાલુ રહે અને એવી અપેક્ષા પ્રમાણે કેટલાકનું નામસ્મરણ ચાલુ પણ રહે છે.’

‘આવી રીતે માત્ર એકલા જપની પ્રવૃત્તિમાં સતત મંડ્યા રહેવું અને એક સામટા એકવીસ દિવસ સુધી અંધારા ઓરડામાં

તદ્દન એકલા પુરાઈ રહીને તેમ કરવું એ કંઈ નાનીસૂની વાત નથી. આમ, શ્રીમોટાએ કહ્યું એ તદ્દન યોગ્ય છે. મૌનએકાંત ઓરડામાં બેસનારને આવો અનુભવ થાય છે. એનું એકમાત્ર કારણ શ્રીમોટાની ચેતનાશક્તિ છે. એ ચેતનાશક્તિ સાધકનું રક્ષણ કરે છે. મતલબ કે સાધકનાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્ આદિ કરણો એનાં યોગ્ય પ્રમાણમાં સ્વીકારાત્મક બનીને એ ચેતનાશક્તિ દ્વારા શુદ્ધ થયાં કરે છે અને ઊર્ધ્વગતિ માટે યોગ્ય બને છે. મૌનએકાંતની સાધના માટે બેસનાર સ્વેચ્છાએ બેસે છે. આથી, શ્રીમોટા કહે છે કે 'તેણે સ્વેચ્છાએ આદરેલા અગ્નિસ્નાનમાંથી એ ક્ષેમકુશળ બહાર નીકળે છે.' આમાં 'અગ્નિસ્નાન' સૂચક શબ્દ છે, કેમ કે આ સાધના દ્વારા પ્રગટતા જ્ઞાનાગ્નિમાં સાધક તપે છે અને તેજસ્વી થાય છે. સાથે સાથે જ્ઞાનાગ્નિથી એ પવિત્ર બને છે. આવી તેજસ્વિતા અને પવિત્રતા કેવી રીતે પમાય છે એ પણ શ્રીમોટાએ સમજાવ્યું છે. આવા અંધારા એકાંત ઓરડામાં આટલા લાંબાગાળા સુધી શ્રીમોટાની ચેતનાશક્તિથી જ ટકી શકાય છે અને અંતઃકરણોને બિલકુલ નુકસાન થતું નથી. ઊલટું એ કરણો વધુ ક્ષમતા ધારણ કરીને શુદ્ધ બને છે. સાધારણ રીતે 'એકાંતમાં આટલો સમય પુરાઈ રહે તો માણસ ગાંડો થઈ જાય. જેલમાં કપરામાં કપરી સજા એકાંત કોટડીની છે. એમાં પણ થોડાક જ દિવસ રખાય છે.' આ નિર્દેશ શ્રીમોટાએ એટલા માટે કર્યો છે કે આશ્રમમાંના અંધારા અને એકાંત ઓરડાઓમાં શ્રીમોટાની ચેતનાશક્તિની 'અનેરી કાર્યશૈલી' સાધકને આત્મકલ્યાણ પ્રતિ ગતિ કરાવે છે.

શ્રીમોટાએ 'પોતાની' ચેતનાશક્તિની 'અનેરી કાર્યશૈલી' સમજાવતાં જે લખ્યું છે એ દ્વારા સાધકનાં અંતઃકરણોનું શોધન

કેવી રીતે થાય છે એની આપણને પ્રતીતિ મળે છે. શ્રીમોટા લખે છે કે 'આવી સાધનામાં માનવીને પોતાનું મૂલ્યાંકન સાચી રીતે કરતાં આવડે છે. એના અર્ધજાગૃત અને અજાગૃત માનસમાં ઊંડા ઊંડા પડી રહેલા સામસામી દિશાના પ્રવાહોની અને તેની પ્રકૃતિ અને સ્વભાવની જીવનમાં પહેલી વાર કંઈક સ્પષ્ટ ઝાંખી તેને થાય છે. **અત્યાર સુધી સૂઈને પડી રહેલા એના સત્ત્વમાંનાં આસુરી તત્ત્વો ઉપર તરી આવે છે.** અને એનાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્‌ના અંતરનાં કરણોમાં ભારે ઊથલપાથલ મચાવે છે.-**જેમ યમુનાના ધરામાં સૂઈ રહેલા કાલીનાગને શ્રીબાલકૃષ્ણે જગાડ્યો હતો તેમ,** પણ એમાં નોંધપાત્ર અને ખાસ ધ્યાન ખેંચે એવી હકીકત તો એ છે કે આવી અંતરમાં થતી ભારે ગડમથલ દરમિયાન પણ એનો મોટેથી થતો જપ ચાલુ રહે છે. એમાં તો નથી ભંગ પડતો પેલા અંતરમાંના ઘમસાણના રોકાણથી કે નથી પડતો સતત મોટેથી સત્તર અઢાર કલાક રોજ એકવીસ દિવસ સુધી બોલ્યા કરવામાં થતા શારીરિક શ્રમથી. એનાં ઘાંટો, છાતી, માથું-ટૂંકમાં મોટેથી ઉચ્ચારણ થવામાં જે જે અંગોને ઘસારો થાય તે બધાંમાંથી કોઈને પણ એવો શ્રમ નથી પડતો કે મોટેથી થતો જપ અટકી પડે. એ તો **આપમેળે** ચાલુ રહે છે.'

શ્રીમોટાની ચેતનાશક્તિથી મૌનએકાંત ઓરડામાં જે સૂક્ષ્મ આંતરિક ઘટનાઓ બને છે, એ આત્માના અનુભવ તરફ પ્રગતિ કરાવનારી હોય છે.

(૧) એ ચેતનાશક્તિથી પહેલું પરિણામ તો આપણને આપણું મૂલ્યાંકન 'સાચી રીતે' કરતાં આવડે છે. આપણે આપણા વ્યવહારો દરમિયાન આપણી જાતનું મૂલ્યાંકન કરીએ છીએ. એમાં આપણે આપણા વ્યવહારોને, આપણા વર્તનને, આપણા વિચારોને અને આપણી વૃત્તિઓને યોગ્ય જ ઠેરવીએ છીએ અને

આપણી પ્રકૃતિ અને સ્વભાવના વેગથી થતાં કાર્યો સાચાં જ છે એમ માનીએ છીએ. આ આપણું 'સાચું મૂલ્યાંકન' નથી. જ્યારે આ મૌનએકાંતની સાધના દરમિયાન સૂક્ષ્મ વિવેક દૃષ્ટિથી આપણા સ્વભાવના દોષો સ્પષ્ટ દેખાય છે અને ભૂતકાળમાં થયેલા આપણા વર્તનનું યોગ્ય અને સારી રીતનું મૂલ્યાંકન થતાં જ્ઞાનયુક્ત નમ્રતાની ભાવના આપણામાં જાગે છે.

(૨) બીજું પરિણામ અદ્‌ભુત છે. આપણે આપણા બાહ્ય જીવનવ્યવહાર બાહ્ય જાગૃતિથી કરીએ છીએ. આ જાગૃતિ એ જાગૃત મનને લીધે છે, પરંતુ આપણું અર્ધજાગૃત અને અજાગૃત મન, આવા એકાંતને લીધે અને મૌનના પરિણામે સક્રિય બને છે. પરિણામે આપણે ક્યારેય કલ્પ્યું પણ ન હોય એવા શુભ-અશુભ, શાંત-ભયંકર વિચારો અને કલ્પનાઓ ઊભરાય છે. આ બધાં ઉપરથી આપણી પ્રકૃતિ અને આપણો સ્વભાવ કેવાં છે એની આપણને જીવનમાં પહેલી જ વાર 'કંઈક સ્પષ્ટ ઝાંખી' થાય છે. મતલબ કે આપણું પ્રાકૃતિક અને સ્વાભાવિક રૂપ કયું છે - એ આપણને તદ્દન છૂટું પડેલું દેખાય છે. આપણા બધાંનું જીવન પ્રકૃતિના વેગથી વહે છે. આથી, આપણું જીવન બહિર્મુખ જ રહ્યા કરે છે. આવી બહિર્મુખ જીવન પદ્ધતિને લીધે આપણી પ્રકૃતિના સત્ત્વમાંનાં આસુરી તત્ત્વો સક્રિય હોતાં નથી. જ્યારે મૌનએકાંતમાં આપણી બહિર્મુખી ક્રિયાશીલતા બંધ થાય છે. એના પરિણામે આજ સુધી 'સૂઈને પડી રહેલાં' એ આસુરી તત્ત્વો ઉપર તરી આવીને આપણાં અંતઃકરણોમાં ભારે ઊથલપાથલ મચાવે છે. આ પ્રક્રિયા શ્રીમોટાની ચેતનાશક્તિથી જ થાય છે. આમ તો આવાં આસુરી તત્ત્વો આપણી અસાવધ જીવનરીતિ દરમિયાન ગમે ત્યારે જાગૃત થઈને આપણા સમગ્ર જીવનનો ભરડો લઈ શકે એમ છે, પરંતુ મૌનએકાંતમાં તો એ આસુરી

તત્ત્વોને જગાડવામાં આવે છે. એને કોણ જગાડે છે ? શ્રીમોટાએ સ્પષ્ટ જણાવ્યું છે કે 'જેમ શ્રીબાલકૃષ્ણે યમુનાના ધરામાં સૂઈ રહેલા કાલીનાગને જગાડ્યો હતો' તેવી રીતે આ આસુરી તત્ત્વો જાગે છે. શ્રીમોટાએ ૧૯૩૯માં પોતાને થયેલા સાક્ષાત્કારને 'શ્રીકૃષ્ણની પ્રેમચેતના'ના અનુભવ તરીકે ઓળખાવેલો છે. એ 'પ્રેમચેતના શક્તિ' આપણી જીવન યમુનાના ઊંડા ધરામાં સૂતેલા આવાં ભીષણ અને સંહારક તત્ત્વોને જગાડીને એનું નિરાકરણ અને નિવારણ કરે છે.

(૩) આપણી સમગ્ર પ્રકૃતિ અને સ્વભાવનાં વલણો તથા અજ્ઞાતમાં પડેલા સંસ્કારોથી થતી પ્રચંડ ઊથલપાથલની સાથે સાથે જ આપણામાં રહેલું પ્રભુરૂપ પણ જાગૃત બને છે. પ્રકૃતિ અને પ્રભુ વચ્ચેની સૂક્ષ્મ ભેદરેખાથી આપણામાં 'અસલસ્વરૂપ' - 'આત્મસ્વરૂપ'ની જાગૃતિ થાય છે. આથી, આવાં આસુરી તત્ત્વોની ઊથલપાથલને 'આપણે' જોઈ શકીએ છીએ, સહી શકીએ છીએ અને સંગ્રામ આપી શકીએ છીએ. પૂજ્ય શ્રીમોટામાં પ્રગટ થયેલા પૂર્ણ પુરુષોત્તમની સમર્થ, અગોચર છતાં સતત અનુભવાતી શક્તિથી આ અત્યંત અદ્ભુત રહસ્યમય ઘટના અનુભવીએ છીએ. શ્રીભગવાનની પ્રત્યક્ષ હાજરીનો પુરાવો આપણને મળે છે. જે આપણા બહિર્મુખ જીવનમાં ક્યારેય શક્ય નથી. એટલું જ નહિ પણ આપણે ઇચ્છીએ કે સંકલ્પ કરીએ તોપણ જે બનવું અસંભવ છે એવું મોટેથી ભગવાનના નામનું રટણ-સ્મરણ થયે જાય છે. રોજના સત્તરથી અઢાર કલાક લગી આ રીતના જપ સળંગ થાય છે. આપણામાં થતું આંતરિક ઘમસાણ પણ મોટેથી અવિરત થયે જતા જપમાં વિક્ષેપ પાડી શકતું નથી. આવી રીતના જપથી ગળું, માથું કે છાતીમાં ઘસારો થતો હોવા છતાં એનો કશો જ શ્રમ વરતાતો નથી. આથી, જપ અટકતો નથી. શ્રીમોટા લખે

છે તેમ જપ ‘આપમેળે’ ચાલુ રહે છે. ‘આપમેળે’ શબ્દમાં સૂચવાયેલી સહજતા એ જ પરમાત્માશક્તિનું પ્રગટ લક્ષણ છે.

આ રીતે શ્રીમોટામાં જાગેલી પરમાત્માશક્તિ,- ચેતનાશક્તિ દ્વારા જ મૌનએકાંતમાં સહજ સાધના થાય છે. આપણે આપણામાંનું આ જાગતું બધું ઘમસાણ જોઈ શકીએ છીએ અને એની સામે ટકી શકીએ છીએ એ આપણામાં જાગેલા પ્રભુને આભારી છે. આટલા સમય પૂરતો દરેક વ્યક્તિનો આ આત્મસાક્ષાત્કારનો ગાળો ગણાય.

## ૩. અંધારાનો અજવાસ

હરિઃૐ આશ્રમમાં - મૌનએકાંત ઓરડાઓમાં થતા જપ એ યજ્ઞકાર્ય છે. ત્યાં થાય છે એ સાચો જપયજ્ઞ છે, કેમ કે એમાં

જપ દ્વારા આપણા આધારમાં તટસ્થતા-સાક્ષીપણું જાગૃત થાય છે અને પ્રકૃતિના-સ્વભાવના સૂતેલા સંસ્કારોના બળ સામે ટકી રહેવાય છે. વળી, આ બધું એકાંતમાં બનતું હોવાથી એ જાગેલા સંસ્કારો આપણને ધક્કેલીને કર્મમાં ખેંચતા નથી, પરિણામે એના સંસ્કારો આપણા ચિત્ત ઉપર પડતા નથી. આટલા પ્રમાણમાં આપણી ચિત્તશુદ્ધિ થાય છે. અને એ સાથે સાથે જે બીજું મહત્ત્વનું પરિણામ નીપજે છે એનો નિર્દેશ શ્રીમોટાએ કર્યો છે. 'આવો લાંબા કાળનો અને આટલા એકાગ્રપણે થયેલો જપયજ્ઞ સાધકના સત્ત્વ-જીવકોષ 'આધાર' ઉપર એવા ઊંડા સંસ્કાર પાડે છે કે જાણે શિલાલેખ. એટલે તે લાંબા કાળને પરિણામે પણ ભુસાતા નથી.' હરિઃૐ આશ્રમના આ ઓરડાઓમાં અંધારું તથા એકાંત હોવાથી તથા શ્રીમોટાની ચેતનાશક્તિની સહાયને લીધે ઊંડી એકાગ્રતા સધાય છે. આવી એકાગ્રતાથી થતા રહેતા જપ આપણી ત્રણ ગુણવાળી પ્રકૃતિના સત્ત્વ-જીવકોષમાં - જે આપણા આધ્યાત્મિક જીવનનો 'આધાર' છે - સજ્જડ સંસ્કાર પાડે છે. જપ એ ચેતનનો વ્યક્ત ધ્વનિ છે. વળી, એ શ્રીમોટાની પ્રખર સાધનાને લીધે અનંતગણી શક્તિમત્તાવાળો હોવાથી આપણા આધારમાં ચેતનના સંસ્કાર પાડે છે. આ સંસ્કારો શિલાલેખ જેવા સજ્જડ હોય છે. આથી, સમયનું બળ પણ એને ભૂસી શકતું નથી.

આ ઉપરાંત, જપયજ્ઞનું જે આધ્યાત્મિક પરિણામ અનુભવમાં આવવાનું છે એની શક્યતા સમજાવતાં શ્રીમોટા કહે છે કે 'જ્યારે એનો કાળ પાકે છે ત્યારે એ સંસ્કારો ઉદય વર્તમાન થઈ એને અનિવાર્યપણે આધ્યાત્મિક પંથે આગળ લઈ જાય છે તેમ જ એની ગતિમાં ઘણો વેગ આપે છે.' આપણા જીવનમાં કર્મના ગતિપ્રેરક બળ તરીકે સંસ્કારો કામ કરે છે. આપણી અજ્ઞાન

દશામાં રાગદ્વેષ, વેરઝેર, માયા-મમતા- અહમ્‌ના જે સંસ્કારો પડેલા છે, એ સંસ્કારો જાગૃત થઈને આપણને આપણા ક્ષણેક્ષણનાં કર્મમાં ધક્કેલે છે. અને આપણી જાગૃત દશાના અભાવે આપણે કર્મ કરતાં કરતાં પણ એ જ પ્રકારના સંસ્કારો ઝીલીને આપણા ચિત્ત ઉપર બોજ વધારીએ છીએ. પરિણામે દ્વંદ્વાત્મક સ્થિતિમાંથી જન્મતા સંઘર્ષથી દુઃખ, ક્‌લેશ, વ્યાધિ, ચિંતા વગેરે અનુભવીએ છીએ. આ જન્મમાં જીવદશાના સંસ્કારો મૌનએકાંત ઓરડાઓમાં થતા જપયજ્ઞમાં આહુતિરૂપે હોમાય છે અને એ જ ગાળામાં જપ દ્વારા અને વિશેષ તો શ્રીમોટાની ચેતનાશક્તિ દ્વારા ચેતનના જે સંસ્કારો પડે છે, એનો ઉદય થતાં જ આપણામાં પ્રભુમય જીવન જન્મવાનું છે, એ નિશ્ચિત છે. આથી, શ્રીમોટા લખે છે કે ‘આમ, પ્રભુમય જીવન જન્માવવાને તથા વિકસાવવા માટેની આ સાધનાશૈલી પદ્ધતિની દૃષ્ટિએ તેમ જ પરિણામની સફળતાની તથા તત્કાળતાની દૃષ્ટિએ મૌલિક અને અનેરી છે.’ જપના જે સંસ્કારો છે એને ઉદય થવાનો સમય ટૂંકાવવાથી ‘તત્કાળ પરિણામ અનુભવી શકાય, પરંતુ એ માટે મૌનએકાંત દરમિયાન જે તમન્ના અને તાલાવેલીની ભાવના જાગૃત થાય છે એને સંસારવ્યવહારમાં ટકાવી રાખવા માટે પ્રચંડ પુરુષાર્થ આદરવો પડે છે. આપણે એ ચૂકી જઈએ છીએ. પૂર્વજન્મના સંસ્કારના ધક્કા સામે સાધનાની શક્તિને અવિરત જોતરવાની પ્રવૃત્તિથી જ કાળ ટૂંકાવી શકાય. આમ ન થાય તોપણ મૌનએકાંત દરમિયાન પડેલા શિલાલેખ જેવા ચેતનના સંસ્કારો આપણું શરીર છૂટે તોપણ આપણી સાથે જ રહીને, નવા જન્મમાં રહેવાના છે. અને એ ગાળા દરમિયાન એનો ઉદય અવશ્ય થવાનો છે. ચેતનના આવા સંસ્કારના ઉદયને લીધે આપણા આધ્યાત્મિક વલણ અને વૃત્તિના ઉચ્ચ પ્રકારના નવા

સંસ્કારો ગુણોત્તર રીતે વધ્યા જ કરવાના છે. જો જીવદશાના સંસ્કારો પોતાના બળથી આપણને સંસારમાં જ ડુબાડેલા રાખે છે, તો ચેતનના આવા સંસ્કારો આપણને ચેતનાત્મક રીતે પ્રભુમય જીવનમાં પરોવાયેલા રાખે, એ તાર્કિક રીતે સિદ્ધ કરી શકાય છે. આથી જ શ્રીમોટાએ આ સાધનાશૈલીને 'મૌલિક' અને 'અનેરી' ગણાવી છે.

શ્રીમોટા કહેતા કે 'જો એકવીસ દિવસનું મૌનએકાંત એક જ જન્મમાં એકવીસ વખત લેવાય તો તેવો જીવ પછીના જન્મમાં સાધનાથી મુક્તિ મેળવી શકે.' શ્રીમોટાના આ કથનમાં આવા સંસ્કારોની શક્તિનું ગણિત રહેલું છે. શ્રીમદ્ રાજચંદ્રે એવા મતલબનું વિધાન કર્યું છે કે 'ભાવનાથી કરીને સત્પુરુષનો સેવેલો સંગ એકવીસ જન્મ પછી માનવીને મુક્ત બનાવે છે.' આમાં પણ સત્પુરુષના સંગમાત્રથી ચેતનના જે સંસ્કારો આપણા સૂક્ષ્મ શરીરમાં પડે છે, એ બીજા જન્મે ઉદય થતાં બીજા અનેકગણા નવા સંસ્કારો જન્માવે છે. આવા સંસ્કારોનું બળ જ જીવમાત્રને એના કશા જ પ્રયત્ન વિના- 'આપમેળે' - દિવ્યજીવન તરફ ખેંચે જ જાય છે. આ અર્થમાં સત્પુરુષના સંગનો મહિમા ગવાયો છે એ યથાર્થ છે.

મૌન સેવનાર સાધકે તથા એવા સાધક પ્રત્યે જોનાર સમાજના અન્ય વર્ગે પણ સાવધ રહેવું જોઈએ. આથી, શ્રીમોટાએ કહ્યું છે કે 'એકવીસ દિવસ સુધી એક કે વધારે વાર આ મૌનએકાંત જપનું સેવન થવાથી સાધક સિદ્ધ થઈ જાય છે અથવા તો એને મુક્તિ મળે છે' એવો અર્થ કરવાનો નથી. સાધકને માટે પોતાને થયેલા અનુભવોથી સિદ્ધ કે મુક્ત થવાનો ભ્રમ પેદા થવાની પૂરતી સંભાવના છે. અને એથી વિશેષ તો પોતાની થયેલી આવા પ્રકારની સાધનાની થોડીક પણ જાહેરાતથી પોતાના આપ્તજનોમાં

પણ ઘેલછા વધવાની શક્યતા હોય છે. આથી, શ્રીમોટાએ આટલી બાબત સ્પષ્ટ કરી છે. અલબત્ત, આવી સાધનાપદ્ધતિથી 'આપણામાં આધ્યાત્મિક જાગૃતિ આવે છે અને વધે છે અને એ (જાગૃતિ) વિપરીત સંજોગોમાં પણ આપણી પ્રાણચેતનાને ટકાવી રાખે છે.' મૌનએકાંતનું સેવન કરનાર દરેકનો આવો અનુભવ હોય જ છે. તેથી, 'આવા મૌનએકાંત યજ્ઞનો **પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક અભ્યાસ થતાં થતાં એ જીવ જીવનસિદ્ધિને પામે'** એમ શ્રીમોટાએ પ્રમાણિત કર્યું છે. આ 'જીવનસિદ્ધિ'ની પ્રાપ્તિ માટેની તેઓશ્રીએ રજૂ કરેલી શરતના શબ્દો વારંવાર ચિંતવવા જેવા છે. 'પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક'નો મૌનએકાંત યજ્ઞનો અભ્યાસ જ કરવો જોઈએ. આપણા દિલમાં પ્રભુ પ્રત્યે - ચેતન પ્રત્યે-પ્રેમ જાગવો જ જોઈએ. એ વિના કશું જ ન વળે. પ્રભુપ્રેમનું વ્યક્ત લક્ષણ ભક્તિ છે. ભક્તિ એટલે આસક્તિ વિનાનું કર્મ. આસક્તિનું મૂળ અહમ્ છે. 'કર્તા હું નથી' પણ પ્રભુની શક્તિથી જ બધું થઈ રહ્યું છે, એવાં જાગૃત જ્ઞાન સાથે થતી ક્રિયા એ ભક્તિ-જ્ઞાન છે. આથી, 'મૌનએકાંત યજ્ઞ દ્વારા જાગેલી ચેતનાનો સદુપયોગ પોતાના રોજબરોજનાં કાર્યમાં જાગૃતિપૂર્વક કર્યા કરવો જોઈએ અને નામસ્મરણ પણ ચાલુ જ રાખવું જોઈએ' એમ શ્રીમોટાએ દૃઢતાપૂર્વક આદેશ્યું છે.

આ મૌનએકાંત જપયજ્ઞમાં બેસનાર જીવોને અદ્ભુત આધ્યાત્મિક અનુભવો થાય છે. એમાં 'આશ્રમના અધિષ્ઠાતા (પૂજ્ય શ્રીમોટા) શરીરે હાજર ન હોવા છતાં એમની સૂક્ષ્મ પ્રત્યક્ષ હાજરીના અનુભવો' લગભગ દરેક જણને થાય છે. શ્રીમોટાએ જાતે જ ૧૯૫૮માં આ હકીકત લખેલી છે. આજે '૨૦૦૯'માં તેઓશ્રીના દેહત્યાગને પણ ૩૩ વર્ષ થયાં છે. આ બધાં જ વર્ષો દરમિયાન મૌનએકાંતમાં બેસનારને શ્રીમોટાની

સૂક્ષ્મ હાજરીનો અનુભવ થાય છે. હરિઃૐ આશ્રમમાં મૌનએકાંત સાધનાનો આરંભ ૧૯૫૫માં થયો. શરૂઆતનાં વર્ષોમાં શ્રીમોટા, આશ્રમમાં હાજર હોય તે દરમિયાન તેઓશ્રીને જરૂર જણાય તો મૌનએકાંત ઓરડામાં જાતે જતા અને અંદર બેઠેલા સાધકને જરૂરી સૂચના આપતા, તો ક્યારેક એના શરીરને સ્પર્શ કરીને કશીક વિધિ કરતા. જેથી, એના અંતરાય દૂર થતા. ૧૯૬૨થી શ્રીમોટાએ 'લોકકલ્યાણનાં કામ' શરૂ કર્યાં ત્યારથી આશ્રમની બહાર રહેવાનું વધી ગયું. તેથી, એક વખત શ્રી નંદુભાઈએ શ્રીમોટાને પૂછેલું કે 'આપણે બહાર રહીશું તો અહીં ઓરડામાં બેઠેલા સાધકને કંઈક મુશ્કેલી નડશે, તો આપની હાજરી વિના શું થશે ?' ત્યારે શ્રીમોટાએ માર્મિક જવાબ આપેલો કે 'હવે મારે જાતે જ ત્યાં જવાની જરૂર નથી.' તાત્પર્ય કે હવે તેઓશ્રી સૂક્ષ્મ રીતે એ ઓરડામાં જશે. આશ્રમની સ્થાપનાથી આજ દિન સુધી છેલ્લાં આડત્રીસ વર્ષથી - શ્રીમોટાની સૂક્ષ્મ હાજરી આ મૌનએકાંત ઓરડાઓમાં હોય જ છે. તેઓશ્રીની 'સૂક્ષ્મ પ્રત્યક્ષ હાજરી'નાં લક્ષણો પણ છે. અંદર બેસનારને ક્યારેય 'એકલપણા'નો અનુભવ પણ થતો નથી. કશી પણ ગડમથલ કે ગભરામણ થતાં તરત જ પ્રાર્થના કરવાનું સ્ફુરે છે અને પ્રાર્થના થતાં જ સમાધાન થઈ જાય છે. અંદર થતી બધી જ ક્રિયાઓ આપમેળે સહજતાથી થયે જાય છે. ઉપરાંત, જીવન પરિવર્તનની પ્રેરણા મળે છે. એ માટે યોગ્ય ભાવભરી ભૂમિકાનું નિર્માણ થાય છે. શ્રીમોટા લખે છે કે 'કેટલાકને વળી તેમના ભૂતકાળના પ્રસંગો, વિચારો, લાગણીના આઘાતો વગેરે મૂર્તસ્વરૂપ લઈને સિનેમાની રીલ આપણે જોતા હોઈએ તેમ તેની આગળ પ્રત્યક્ષ થાય છે. આ દૃશ્યો પણ એટલાં બધાં તાદૃશ્યપણે

સ્પષ્ટ અને જીવંત દેખાય છે કે મૌન લેનાર જીવ એ બધું જોઈને સ્તબ્ધ થઈ જાય છે, એનામાં પસ્તાવાની ઝાળ ઊઠે છે અને ફરીથી એવું વર્તન ન કરવાની તથા જીવનનાવના વહેણની દિશા જ બદલી નાખવાની પ્રેરણા તે આબેહૂબ દશ્યો તેને આપે છે.' આમ, સબ્‌કૉન્શસ્-અવચેતનામાંના વિચારો-ભાવો જે 'મૂર્તસ્વરૂપે' દશ્યમાન છે, એ શ્રીમોટાની સૂક્ષ્મ હાજરીનું જ પરિણામ છે.

આ ઉપરાંત, 'દિવ્યદર્શનો (VISIONS) દિવ્ય ધ્વનિનું શ્રવણ, પ્રકાશનાં દર્શન, ભવિષ્યમાં બનતા પ્રસંગોની આગાહીનાં ચિત્રો' પ્રત્યક્ષ અનુભવાય છે.* આવા અનુભવો આપણા ભાવિ આધ્યાત્મિક જીવનમાંની શક્યતાનાં એંધાણો છે. સાધકે આવા અનુભવો ઉપરથી પોતાના જીવનવહેણને બદલવાનો પુરુષાર્થ આદરવાની પ્રેરણા લેવાની હોય છે. આવા અનુભવોને વાગોળવાના હોતા નથી કે આવા અનુભવોથી આપણે સિદ્ધ થઈ રહ્યા કરીએ છીએ એવી ભ્રમણામાં પણ પડવાનું નથી.

આ ઉપરાંત, શ્રીમોટાની 'સૂક્ષ્મ પ્રત્યક્ષ હાજરી'નાં બે વિશિષ્ટ લક્ષણો છે :-

(૧) મૌનએકાંત ઓરડામાં ગમે તેટલા દિવસ ગાળ્યા હોય તેમ છતાં, ફરી ફરી મૌનએકાંત સાધના માટે ઓરડામાં જવાનું વારંવાર મન થાય છે. આવા અંધારા-એકાંત સેવવાની વૃત્તિ રહે, એ પ્રત્યે આકર્ષણ વધે એ જ 'શ્યામસુંદર શ્રીકૃષ્ણ'નું પ્રત્યક્ષ દર્શન ગણાય. વળી, ગમે તેટલા દિવસો સુધી એકાંતમાં રહ્યા પછી બહાર નીકળતા એવો અનુભવ થાય છે કે હમણાં

---

* આવા કેટલાક પ્રસંગો માટે શ્રી નંદુભાઈએ લખેલું પુસ્તક **'આશ્રમની અટારીએથી'** વાંચવું.

જ આપણે અંદર ગયેલા અને જાણે તરત જ બહાર આવ્યા. સ્થળ-સમયની સાપેક્ષતા અદૃશ્ય થઈને અનોખી નિરપેક્ષતાનો આવો અનુભવ તો શ્રીમોટાના કાલાતીત અનુભવને જ આભારી હોઈ શકે.

(૨) મૌનએકાંત દરમિયાન તથા બહાર નીકળ્યા પછી પણ દિવ્ય આનંદ, ઉત્સાહ, ઉમંગ, ઉલ્લાસ અને હર્ષનો સતત અનુભવ રહ્યા કરે છે. અંધારા એકાંત ઓરડામાંનો આનંદ એ પ્રગટ પરમાત્માની પ્રત્યક્ષ હાજરીનું અનુભવપ્રમાણ છે. ઇંદ્રિયાતીત આનંદ એ જ આત્માનંદ છે. આવો પ્રત્યક્ષ અનુભવ એ જ શ્રીમોટાની સૂક્ષ્મ હાજરીનું મોટું પ્રમાણ છે.

આ રીતે હરિઃૐ આશ્રમ એટલે મૌનએકાંત જપયજ્ઞ માટેની યજ્ઞશાળાઓ, આધ્યાત્મિક જીવન પ્રત્યે જાગૃત કરતી શ્રીમોટાની પ્રયોગશાળાઓ, જીવદશાના મળ, વિક્ષેપ અને આવરણને ભસ્મ કરતી શોધનશાળાઓ અને અંદર બેસનાર સાધકને અપૂર્વ અગ્નિસ્નાન કરાવીને શુદ્ધ, પવિત્ર, તેજસ્વી બનાવતી પ્રભુપ્રેમની સુવર્ણ સરિતાઓ છે.

'હરિઃૐ આશ્રમ' નામના સ્થળમાં આ ઓરડાઓમાં જે બેઠેલા છે, એમનામાં 'પ્રભુ' જાગૃત થઈ રહ્યો હોવાથી એમની સેવા એ પ્રભુસેવા છે. એ માટે એમની સેવા માટે સ્વેચ્છાએ જોડાયેલા આશ્રમવાસીઓ 'સેવકો' છે. ઉપરાંત, 'આ સ્થળ'ની સજીવતાનો સ્પર્શ અનુભવવા આવતા મુલાકાતીઓ પણ હોય છે. ઓરડાઓની બહાર પણ કેટલીક પ્રવૃત્તિઓ થયા કરતી હોય છે. શ્રીમોટાએ આશ્રમની પ્રવૃત્તિ ઉપર 'વિશેષ પ્રકાશ' પડે એ માટે 'આશ્રમવાસીઓને સૂચનાઓ' કરેલી છે. આ સૂચનાઓને નિયમરૂપે રજૂ કરાઈ છે અને નડિયાદ તેમ જ સુરતના આશ્રમોમાં

બધાં વાંચી શકે એ રીતે સૂચનાઓ મૂકવામાં આવી છે.

આમાં રજૂ થયેલી દસ સૂચનાઓ પૈકી સાત સૂચનાઓ પાછળનું આધ્યાત્મિક હાર્દ મનનીય-ચિંતનીય છે. *

## ૪. એક અનોખું-અજોડ સ્થળ

શ્રીમોટાએ હરિઃૐ આશ્રમના વિસ્તારને 'આશ્રમ' તરીકે ઓળખાવ્યો નથી, પરંતુ એને 'સ્થળ' તરીકે ઓળખાવ્યું છે.

* જુઓ પૂર્તિ : ૪

'સ્થળ'નો વિશિષ્ટ અર્થ સમજવા માટે અંગ્રેજીમાં 'Place' નહિ, પણ 'Space' યોગ્ય છે. એ અર્થમાં તેઓશ્રીએ આશ્રમને 'સ્થળ' કહ્યું છે. આ 'સ્થળ' ઉપરથી 'શ્રીભગવાનની ચેતનાશક્તિ, ભાવના'નું પ્રસરવાનું 'આપોઆપ' બને છે. હરિઃૐ આશ્રમ માટે આ હકીકત પુરવાર કરી શકાય એટલા બધા પુરાવાઓ રજૂ કરી શકાય એમ છે. શ્રીમોટાએ 'આ સ્થળ'નો હેતુ સ્પષ્ટ કરતાં પહેલાં 'હયાતી' શબ્દ મૂક્યો છે એ માર્મિક છે. 'હયાતી'માં 'હોવાપણા'નો અર્થ છે. 'હોવાપણું' અત્યંત વિશિષ્ટ શબ્દ છે. શ્રીમોટાએ ચેતનનું-પ્રભુનું 'હોવાપણું' વારંવાર સમજાવ્યું છે. એ અર્થમાં હરિઃૐ આશ્રમ- સ્થળની હયાતી- 'હોવાપણું' માત્ર જોવા, જાણવા અને સમજવા પૂરતું નથી, પરંતુ માણવા, અનુભવવા માટે છે.

આ સ્થળની હયાતી શેને માટે છે ? શ્રીમોટાએ પહેલી સૂચનામાં એની સ્પષ્ટતા કરતાં લખ્યું છે કે 'આ સ્થળની હયાતી જીવનવિકાસના હેતુ કાજે જ એટલે કે શ્રીભગવાનના અનુભવ તથા ભગવાનમય જીવન કાજે જ છે.' શ્રીમોટાની જીવનશૈલીની એક વિશિષ્ટતા છે કે કોઈ પણ બાબતમાં એનો હેતુ એ સૌ પ્રથમ સ્પષ્ટ કરે છે. 'હેતુની સભાનતા' એ જ્ઞાન છે. આથી, તેઓશ્રીએ આશ્રમનો હેતુ સ્પષ્ટ કર્યો છે. શ્રીમોટાનાં દર્શનમાં 'જીવનવિકાસ' શબ્દ વારંવાર આવે છે. એ 'જીવનવિકાસ'નો ગૂઢ અર્થ સમજાવતા લખે છે કે 'જીવનવિકાસ એટલે કે શ્રીભગવાનનો અનુભવ તથા શ્રીભગવાનમય જીવન.' - તો આ સ્થળ ઉપર આવીને તથા આ સ્થળ ઉપર રહીને આપણે શું કરીએ તો શ્રીભગવાનનો અનુભવ પામવા તથા શ્રીભગવાનમય જીવન જીવવા ભાગ્યશાળી બની શકીએ ? શ્રીમોટાએ આ માટેની પદ્ધતિ દર્શાવી છે. 'જે **જીવ**ને જીવન વિશે મનન,

ચિંતન અને નિદિધ્યાસન કરવાનું અને તે જીવનમાં પ્રત્યક્ષ આકાર લે તેવા મંથનમાં રહેવાનું દિલ હોય, પોતાના જીવન વિશે ઊંડું પૃથક્કરણ કરી કરી પોતાને ખોજવાની જેને તમન્ના હોય તેને માટે આ સ્થળ છે.'

સૌ પ્રથમ તો જીવન વિશે મનન, ચિંતન અને નિદિધ્યાસન કરવાનું આપણું 'દિલ' હોય એ આવશ્યક છે. મનન મનથી થાય છે, ચિંતનમાં ઊંડાણ હોય છે, હાર્દ શોધવાનું વલણ હોય છે, તાત્પર્ય પામવાની ધગશ હોય છે.

નિદિધ્યાસનમાં ગહન ચિંતનની નિરંતરતા હોય છે. જેની શોધ કરવી છે, જેનું રહસ્ય સમજવું છે, એ સતત આપણા મન, બુદ્ધિમાં રમ્યા કરે એ આવશ્યક છે. આ રીતે મનન, ચિંતન અને નિદિધ્યાસન કરવાનું હોય છે. સૌ પ્રથમ તો આપણને આપણા જીવનની હાલની સ્થિતિથી અસંતોષ જાગવો જોઈએ અને એનાથી ઊંચા પ્રકારના જીવન વિશે વિચારો જાગવા જોઈએ. એટલે જીવન એટલે શું ? આપણો જન્મ શા માટે થયો છે ? આપણે પૃથ્વી ઉપર શું કરવા આવ્યા છીએ ? આપણને મળેલા સંબંધો પાછળનું રહસ્ય શું છે ? આપણાં સુખદુઃખ શેને લીધે છે ? મૃત્યુ શા માટે છે ? જન્મ્યા ત્યાંથી મૃત્યુ સુધીના ગાળામાં જે બનાવો બને છે એનું શું કારણ છે ? ધન, સંતાન, કીર્તિ, સત્તા વગેરેની ઝંખના શા માટે ? આ બધાંનો પરસ્પરનો સંબંધ શો ? આપણામાં કોઈના માટે લાગણી, સ્નેહ, ચીડ, તિરસ્કાર, ધિક્કાર વગેરે શા માટે જાગે છે ? આપણાથી એ બધાંમાં શા માટે ઘસડાઈ જવાય છે ? વગેરે અનેક પ્રશ્નપરંપરા આપણામાં મનન-ચિંતન પ્રેરે છે. આપણામાંના મોટા ભાગના લોકોને આવા પ્રશ્નો જાગે છે ખરા, પરંતુ એના ઉત્તરની શોધમાં ઊંડા ન ઊતરવાથી ચિંતન અટકી જાય છે અને સંસ્કારવેગથી સ્વભાવવશ

કર્મો પાછળ ઘસડાઈ જઈએ છીએ. ક્યારેક આપણે આધ્યાત્મિક વિધાનો પણ કરીએ છીએ - કે 'શું લાવ્યા છીએ અને શું લઈ જવાના છીએ ? આ તો બધી માયા છે. મોહ-મમતા શા માટે રાખવાં ? બધું અહીં મૂકીને જ ચાલ્યા જવાનું છે તો શા માટે વેરઝેર અને ટંટા-ફિસાદ ?' આવી વાતો પાછળ મોટે ભાગે આપણે પરિસ્થિતિ કે સંજોગોથી ભાગી છૂટવા ઇચ્છતા હોઈએ છીએ. માટે, શ્રીમોટા કહે છે તેમ જીવન વિશેના મનન, ચિંતન અને નિદિધ્યાસનમાંથી જે કંઈ સમજાય કે તારણ કઢાય એ આપણા જીવનમાં પ્રત્યક્ષ આકાર લે તેવા મંથનમાં રહેવાવું જોઈએ. ઊર્ધ્વજીવન માટેની ભાવનાઓને જીવનમાં પ્રત્યક્ષ આકાર લેતી અનુભવવા માટે એકલું મનન-ચિંતન ખપમાં નથી લાગતું. માત્ર વિચારેલું કે સમજેલું અમુક વિપરીત પરિસ્થિતિ કે સંજોગ ઊભા થતાં, શ્રીમોટા કહે છે તેમ કપૂરની જેમ ઊડી જાય છે. આ માટે ઊર્ધ્વજીવન માટેની ભાવનાઓને રોજના વ્યવહાર જીવનમાં ચરિતાર્થ કરવા મથવું પડે.

આવું મંથન કેવી રીતે થાય ? -એવો પ્રશ્ન થાય એ સ્વાભાવિક છે. જામેલા દહીંમાંથી માખણ મેળવવા માટે એમાં પાણી રેડીને નિશ્ચિત સમય સુધી, ચોક્કસ પ્રકારના લયમાં વલોવવું પડે છે, એ રીતે આપણામાં જાગેલી ભાવનાને આપણા જીવનમાં સાકાર કરવા માટે આપણે આપણા પોતાના જીવન વિશે ઊંડું પૃથક્કરણ કર્યા કરવું જોઈએ. આપણી પ્રત્યેક બાહ્યક્રિયા પાછળ આપણાં મન, બુદ્ધિ, ચિત્તમાં કયાં વલણો છે અને ક્રિયા દરમિયાન આપણો અહંકાર કેવા રૂપે કામ કરે છે, એ તપાસતાં રહેવું જોઈએ. એ સાથે સાથે આપણામાં કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, આશા, ઈચ્છા, તૃષ્ણા, લોલુપતા વગેરે વગેરે કયાં લક્ષણોથી કામ કરે છે તે તપાસવું

જોઈએ. આવું પૃથક્કરણ એ મંથનનો પહેલો પ્રકાર છે. આપણી વૃત્તિઓની શક્તિનું માપ કાઢીને એને ભોગવવામાં આપણી સ્થિતિ કેવી થાય છે ? તો એનો ઉપયોગ જીવનના વિકાસ માટે કેવી રીતે કરાય ? એનું પણ પૃથક્કરણ કરવું જોઈએ. આપણાં સુખદુઃખ વગેરેના કારણરૂપ આપણે જ છીએ. છતાં બીજાનો જ વાંક કાઢીએ છીએ. આવી આપણી બહિર્મુખ વિચાર-વૃત્તિની ધારાને પણ તપાસવી જોઈએ. આવા પૃથક્કરણથી આપણી પ્રકૃતિ અને સ્વભાવનું સ્વરૂપ આપણને સમજાશે અને આપોઆપ આવું મંથન પ્રેરનારી પ્રભુની ચેતનાશક્તિની ઝાંખી થશે.

મંથનનો બીજો પ્રકાર 'પોતાને ખોજવાની તમન્ના' જગાવવામાં રહ્યો છે. આપણે ઉપર પ્રમાણે આપણા બહિર્મુખ વલણને આપણામાં-પોતાનામાં વાળીને આપણી પ્રકૃતિ, સ્વભાવ અને વૃત્તિ, વલણને સમજવા મથી શકીએ. એને પરિણામે આ બધું આપણું ખરું સ્વરૂપ નથી એનું ભાન જાગે છે. પરિણામે આવું પૃથક્કરણ કરનાર શક્તિ આપણામાં અલગ થઈ છે એનો ખ્યાલ આપણને જાગે છે. એમાંથી આપણે ખરેખર કોણ છીએ ? 'હું કોણ ?' એવો તાત્ત્વિક પ્રશ્ન આપણને જાગે છે અને એ સાથે આપણે 'પોતાને' ખોજવાનું મંથન કરીએ છીએ. હૃદયમાં જ્ઞાનપ્રકાશ પામવાની આ રીત છે. જેમને આ દિશામાં જીવનવહેણને વાળવાનું દિલ હોય અને તમન્ના હોય એમને માટે હરિઃ ૐ આશ્રમનું 'આ સ્થળ હયાતી' ધરાવે છે. આથી, શ્રીમોટાએ સ્પષ્ટ સૂચવ્યું છે કે 'ખાલી ખાલી પડી રહેવા માટે આ સ્થળ નથી.'

આ પછીનું સૂચનાવાક્ય અત્યંત સ્પષ્ટ હોવા સાથે ઘણું જ

માર્મિક છે. શ્રીમોટા લખે છે કે **'મકાન હવડ રહેશે તેનો કશો જ વાંધો નથી, પણ જીવો જો અહીં હવડ પડી રહે તો તેનો વાંધો ઘણો ઘણો છે.'** આમાં શ્રીમોટાએ વાપરેલો 'હવડ' શબ્દ નોંધપાત્ર છે. 'વણવપરાયેલા અને બંધ રહ્યા કરેલા નિવાસ-સ્થાન' માટે 'હવડ' શબ્દ વપરાય છે. હરિઃૐ આશ્રમનું મકાન માણસો વિનાનું- વપરાયા વિનાનું રહે તેનો શ્રીમોટાને 'કશો જ' વાંધો નથી. મકાનો તો ઈંટચૂનાનાં છે અને એ સ્થૂળ છે. શ્રીમોટાની દૃષ્ટિએ જે કાંઈ સ્થૂળ છે એનો ઉપયોગ આપણામાં સૂક્ષ્મને જન્માવવા પૂરતો જ છે. 'આ સ્થળે' આવતો માણસ, અહીં રહેતો માણસ, સ્થૂળ દેહવાળો હોવા છતાં, અંદરથી સચેતન છે. જેનામાં ચેતન વસે છે, પ્રભુ નિગૂઢરૂપે રહેલા છે એવા અહીં રહેતા કે આવતા જીવો 'વણવપરાયેલા મકાન જેવા હવડ' રહેવા જ ન જોઈએ. અને જો જીવો પોતાનામાંના ચેતનને વ્યક્ત થવા દેવા પોતાનાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણ પલટાવવાનું મંથન કરીને પોતાના સમયનો યોગયોગ્ય ઉપયોગ કરવા ન ઇચ્છતા હોય, ન વિચારતા હોય તો તેવા જીવો 'હવડ' ગણાય. માત્ર સ્થૂળમાં જ પડ્યા રહેનાર અને રાચનાર ગણાય. 'આ સ્થળે' એવા જીવ હવડ પડી રહે તો તેનો **વાંધો ઘણો ઘણો** છે. એ દૃઢ રીતે - બીજી રીતે સમજીએ તો કડક રીતે સૂચવ્યું છે.

આથી, સ્પષ્ટ થાય છે કે હરિઃૐ આશ્રમનું સ્થળ શેને માટે છે. મને એક પ્રસંગનું સ્મરણ થાય છે. ૧૯૭૪માં નડિયાદના હરિઃૐ આશ્રમમાં એક ભાઈએ બહુ સંકોચ સાથે શ્રીમોટાને પૂછેલું કે 'મોટા, આપ છો ત્યાં સુધી તો આશ્રમ બરાબર ચાલે છે, પરંતુ આપ નહિ હો ત્યારે આશ્રમનું શું થશે ?'

શ્રીમોટાએ કહેલું કે 'હું ન હોઉં ત્યારે આશ્રમનું શું થશે

એવો વિચાર શા માટે ? મારી હયાતી દરમિયાન આ આશ્રમ હેઠો પડે તોય મને વાંધો નથી, પણ તું બેઠો થાય અને બેઠો રહે એ મહત્ત્વનું છે.'

શ્રીમોટાનો આ સચોટ અને ચેતનાત્મક જવાબ આપણને સૌને ચેતવનારો છે. પોતાના દેહત્યાગ પૂર્વે શ્રીમોટાએ શ્રી નંદુભાઈને કહેલું એનું સ્મરણ થાય છે કે 'જો આશ્રમનો ઉપયોગ થઈ શકે એમ ન લાગે તો બેધડક એ સરકારને તેમના ઉપયોગ માટે સોંપી દેવો !'

આ બંને હકીકતો દર્શાવે છે કે શ્રીમોટાનો આ હરિઃૐ આશ્રમ એ આપણા સૌને માટે 'જીવનવિકાસની ભાવના' કેળવવાનું અને એ પ્રમાણે જીવન જીવવા મંથન પ્રેરનારું 'સ્થળ' છે. ત્યાં શ્રીભગવાનની ચેતનાશક્તિ સવિશેષરૂપે સક્રિય છે. આથી, આ પ્રમાણે જીવવા માટેની આપણને સૌને આંતરિક સહાય પણ મળે છે. 'આ સ્થળ'ની સચેતનતાનો જ્ઞાનભક્તિથી ઉપયોગ થતાં આ આશ્રમ આપણા સૌનો આધ્યાત્મિક અર્થમાં આશ્રય બની રહેશે.

મૌનએકાંત લેનાર તથા આશ્રમ પ્રત્યે ભાવના રાખનાર સૌને આશ્રમમાં સમય પસાર કરવાની રીત શ્રીમોટાએ સૂચવી છે. 'પોતાનો સમય ધાર્મિક અને આધ્યાત્મિક વાંચનમાં અગર સવારસાંજ પોતપોતાની પ્રાર્થના, ધ્યાન આદિમાં ગાળવાનુ કરીએ.' નવલકથાઓ જેવું કલ્પનાપ્રધાન અને મનોરંજક સાહિત્ય વાંચવાની તેઓશ્રીએ 'ના' કહી છે. છાપાં વાંચવાની પણ જરૂર નથી અને જરૂર જણાય તો ઉપર ઉપરથી જોઈ લેવાનાં હોય. આશ્રમમાં ભેગા મળીને 'રાજકીય, વેપારની, વ્યવહારની, ખેતીની કે સંસારી ઢબની' વાતો કરવાનો શ્રીમોટાએ નિષેધ ફરમાવ્યો છે. ઉપરાંત, 'કોઈએ કોઈ બીજા

અંગે પણ વાતો કરવાની ન હોય.' એમ જણાવ્યું છે. આ નિષેધનું તાત્પર્ય એ છે કે જે પ્રકારની વાતોમાં આપણાં મન-મતિ રસ લીધા કરે એ પ્રકારના સંસ્કારો આપણા ચિત્તમાં પડે અને એવા નકારાત્મક તથા ક્ષુલ્લક સંસ્કારોનો ઉદય થતાં પાછા એ આપણને નિમ્નગામી વૃત્તિમાં ખેંચી જાય. પરિણામે જીવનની પતિત દશાનું નિર્માણ થાય.

પરંતુ જ્યાં બેથી વધુ માણસ એકઠા થાય ત્યાં વાતચીત તો થવાની જ. આથી, કેવા પ્રકારની વાતો કરવી એ પણ શ્રીમોટાએ સૂચવ્યું છે. 'ધર્મ કે જીવનસાધનાની વાતો કરવાની હોય. પોતપોતાના જીવનવિકાસ અંગેની સમજણ કે તેવા ક્ષેત્રના અનુભવોની આપલે જરૂર કરી શકાય.' આશ્રમમાં પરસ્પર મળનાર વ્યક્તિઓ 'અનુભવોની આપલે જરૂર કરી શકે' પરંતુ એ અનુભવો જીવનવિકાસના ક્ષેત્રના હોવા જોઈએ. કોઈ નાના નાના ચમત્કાર, બનાવો કે સંસારી પ્રકારની સફળતાના અનુભવોને શ્રીમોટાની કૃપાશક્તિ સાથે ન જોડતાં, આ સ્થળના પ્રતાપે પહેલાં કરતાં આપણા સ્વભાવમાં અને આપણી વૃત્તિમાં કેટલો ફેરફાર થયો છે તથા પરિસ્થિતિ અને બનાવો તરફ જોવાની વિધેયાત્મક દૃષ્ટિ કેટલા પ્રમાણમાં ઊઘડી છે-વગેરે અનુભવોની પરસ્પર આપલે કરવાથી આંતરિક બળ વધે છે. આવી વાતોથી મનને આનંદશાંતિમાં બહેલાવાય. શ્રીમોટાએ 'આ સ્થળમાં સર્વ કોઈ બને તેટલી શાંતિ જાળવવાનું ધ્યાનમાં રાખે' એમ સૂચવીને આ અંગે વધુ સ્પષ્ટતા કરતાં લખ્યું છે કે 'એનો અર્થ એમ નથી કે મુક્ત કંઠે હાસ્ય કે બીજો આનંદધ્વનિ ન થાય, તે તો જરૂર કરી શકાય. મનને આનંદશાંતિમાં બહેલાવાય એવી દશામાં જ રહેવું.' શાંતિ રાખવાનો અર્થ મૂજીપણું, ગંભીરતા અને ઉદાસીનતા નથી, પણ શાંતિની પૂર્વ-

ભૂમિકામાં આનંદ છે. જ્યાં આત્મા પ્રગટ હોય ત્યાં આનંદ હોય જ. આનંદ અને શાંતિ આત્માનાં વ્યક્ત લક્ષણો છે. આથી, શ્રીમોટાએ ભારપૂર્વક એવી દશામાં જ રહેવાનું જણાવ્યું છે. હાસ્ય અને આનંદધ્વનિ શાંતિના વિક્ષેપક નથી, પરંતુ એ હાસ્ય કે આનંદ આત્માના ઉલ્લાસના સંદર્ભથી પ્રગટવા જોઈએ. એની ભૂમિકા સ્થૂળ ન હોવી જોઈએ.

જેમ 'આ સ્થળ' ઉપર બેથી વધુ વ્યક્તિ ભેગી મળતાં વાતચીત કરે એ સંભવિત છે તેમ પરસ્પર ક્યારેક સંબંધભાવ પણ ધારણ કરી લે એ પણ સંભવિત છે. આથી, શ્રીમોટાએ એમાંથી ઊગરવા એક માર્મિક સૂચના આપી છે. તેઓશ્રી લખે છે કે 'અહીં કોઈ જીવ સંસાર ભોગવી નહિ શકે.' સંસાર ભોગવવો એટલે રાગદ્વેષવાળું જીવન ટકાવી રાખવું. 'અહીં' એટલે કે આશ્રમમાં રહેતી તથા આવીને કેટલોક સમય ગાળતી વ્યક્તિઓ સંસાર એટલા માટે ભોગવી નહિ શકે કે 'અહીં કોઈ પણ સંસારી પ્રકારના સગપણનો સંબંધ નથી.' શ્રીમોટાએ 'સગપણનો સંબંધ' એવા શબ્દો વાપર્યા છે આથી આશ્ચર્ય થાય. 'સગપણ' અને 'સંબંધ'નો આપણને એક જ અર્થ સમજાય, પરંતુ ખરેખર એમ નથી. શ્રીમોટા, અહીં 'સંસારી પ્રકારના સગપણ'ની સ્પષ્ટતા કરે છે. સંસારી પ્રકારના સગપણના મૂળમાં વેરઝેર તથા અથડામણો હોય છે. આવા 'સંસારી પ્રકારના' બે સગપણ દૃષ્ટાંત તરીકે આપ્યા છે. શ્રીમોટા જણાવે છે કે 'અહીં કોઈ પતિ નથી કે પત્ની નથી. કોઈ સાસુ નથી કે વહુ નથી.' અહીં પતિપત્નીના સગપણમાં પુરુષ અને સ્ત્રી છે અને સાસુવહુના સગપણમાં બંને સ્ત્રીઓ છે. આપણને પ્રશ્ન જાગે કે સંસારી પ્રકારના સગપણમાં શ્રીમોટાએ ભાઈબહેન, માદીકરી, પિતાપુત્ર, જેવાં સગપણ કેમ ન દર્શાવ્યાં અને માત્ર 'પતિપત્ની' અને

'સાસુવહુ'ના સગપણનો ઉલ્લેખ કર્યો ? સંસારી પ્રકારના આ સગપણના મૂળ કારણમાં અથડામણ અને વેરઝેર છે. આ બે પ્રકારના સગપણમાં વધારે પ્રમાણમાં ઘર્ષણ, અશાંતિ અને અથડામણ રહ્યાં કરે છે. એના મૂળમાં પરસ્પર માટેનો માલિકીભાવ છે. પતિપત્ની વચ્ચે તો માલિકીભાવ તીવ્ર હોય છે અને આશાઅપેક્ષા અને બદલો મેળવવાની પ્રબળ વૃત્તિ હોય છે. આથી, 'સગપણ'માંનો સંસારી પ્રકાર ધારણ કરાય નહિ. સાસુવહુના સગપણના મૂળમાં 'પુત્ર' તથા પતિ'ના સગપણમાં રહેલી એક જ વ્યક્તિ ઉપરના બે સ્ત્રીઓના માલિકીભાવના ભોગવટાથી અથડામણો વધે છે. વળી, લાંબા સમયના પોતાના વર્ચસ્વની ભાગીદારી કે આધિપત્યને લીધે ઊભી થયેલી સ્પર્ધામાંથી તીવ્ર આગ્રહી વલણો જન્મે છે. એ કંકાસ, ઝઘડો, વિખવાદ અને વિચ્છેદ સુધી વકરે છે. 'સંસારી પ્રકારના આ બે સગપણો' આ સ્થળે ભોગવવાના નથી એનું તાત્પર્ય માત્ર એટલું જ કે અહીં કોઈએ કોઈના ઉપર જોહુકમી, માલિકીભાવ, આગ્રહીવૃત્તિ, આધિપત્ય, સત્તા કે પદનો અહંકાર જાગવા દેવાના નથી. આવા સંસારી પ્રકારના સગપણ સંબંધ સિવાયનો જે સંબંધ છે એ ભાવસંબંધ છે. અહીં પરસ્પરે એવો ભાવસંબંધ રાખવાનો છે.

આથી, અહીં આવીને કોઈએ 'આણે આમ કેમ કર્યું અને આમ કેમ ન કર્યું ? એવા વિચાર મનમાં ન સેવવા, કોઈ કોઈની આશાઅપેક્ષા પણ ન રાખે' એમ શ્રીમોટાએ સૂચવ્યું છે. 'આમ કેમ કર્યું અને આમ કેમ ન કર્યું.'-એવા વિચાર ન સેવવાથી આપણે અન્યની પ્રકૃતિથી અલગ રહી શકીએ છીએ. દરેક વ્યક્તિ પોતાની પ્રકૃતિના ગુણની પ્રધાનતા પ્રમાણે પોતાના ચિત્તમાંથી ઉદય થતા સંસ્કારબળથી સ્વભાવવશ વર્તે છે. એમ વિચારવાથી પ્રકૃતિથી આપણે નોખા રહીએ છીએ. 'આમ કેમ કર્યું ?' કે

'આમ કેમ ન કર્યું ?'-એવા વિચાર સેવાય તો આપણામાં સામેની વ્યક્તિની પ્રકૃતિમાંની વિકૃતિ જન્મે છે. સંસારી સગપણના સંબંધોમાં આપણે પ્રકૃતિની વિકૃતિનો કચરો આપણાં મન-ચિત્ત ઉપર એકઠો કર્યા જ કરીએ છીએ. એની આપણને ખબર પણ નથી. પત્ની આમ કેમ વર્તે,? દીકરો કે દીકરી કહ્યામાં કેમ ન રહે ? સાસુવહુના સંબંધમાં ઉદારતા અને ત્યાગ કેમ ન વર્તાય ? અમુક જણે આમ જ વર્તવું જોઈતું હતું છતાં એમ કેમ ન કર્યું ?'- આવા વિચારોના સેવનથી આપણું મન અશાંત થાય છે. એના કરતાં જેનાથી જે થતું હોય તે જોયા કરવું અને આ બધું પોતપોતાની પ્રકૃતિથી થયા કરે છે એટલું જ સમજવું. 'કેમ ?' પ્રશ્નથી આપણામાં વિકૃતિ ન જન્માવવી.

આ જ સિદ્ધાંતને લીધે 'કોઈ કોઈની આશાઅપેક્ષા પણ ન રાખે' એમ કહેવાયું છે.

હરિઃૐ આશ્રમમાં જનાર, રહેનાર અને કાયમી નિવાસ કરનાર માટેની આ આચારસંહિતા છે. શ્રીમોટાએ કરેલી આ સૂચનાઓમાં ક્યાંય આગ્રહનું વજન નથી, ઊલટું અત્યંત નમ્રભાવ અને પ્રેમભાવ છે. એનો અર્થ એવો નથી કે આપણા માટે આ બધા વિકલ્પો છે. જેની ચેતનાશક્તિના વાહક બનવા આપણે આશ્રમમાં જઈએ છીએ, રહીએ છીએ અને વસીએ છીએ એના સૂચક શબ્દ પ્રત્યે સાવધાન બનીએ - મતલબ કે તેઓશ્રીના કથનનું તાત્પર્ય સમજીએ. એ શબ્દો પ્રત્યે વફાદાર રહેવા મથીએ - મતલબ કે એ મુજબ આચરણમાં રહેવાની ભાવના દૃઢ કરીએ અને એવા શબ્દના ભાવાર્થ પ્રત્યે પ્રામાણિક બનીએ. મતલબ કે એ શબ્દપ્રમાણ માન્ય રાખીએ - એમાંનું હાર્દ વિચારીએ, ચિંતવીએ અને એ જ રીતે જીવવા સંકલ્પબદ્ધ થઈએ.

આ અર્થમાં હરિઃૐ આશ્રમ 'શ્રીભગવાનના અનુભવ તથા

શ્રીભગવાનમય જીવન કાજે'નું આધ્યાત્મિક સ્થળ છે, જ્યાં પ્રભુની ચેતનાશક્તિ સક્રિય છે અને જ્યાંથી એ ચેતનાશક્તિનો પ્રવાહ બધી દિશાઓમાં પ્રસરી રહ્યો છે.

॥ હરિઃૐ ॥

# ખંડ-૨

## શ્રીમોટા પ્રેરિત 'લોકકલ્યાણનાં કામ'

## ૧. પ્રભુપ્રેરિત કાર્ય

શ્રીમોટાને ૧૯૩૯માં બનારસમાં અદ્વૈતનો સાક્ષાત્કાર થયો. 'પોતે' શ્રીહરિરૂપ છે એવો અનુભવ નિરંતર વિકસતો રહ્યો. 'પોતે હરિરૂપ' હોવા છતાં સ્થૂળ શરીર તો હતું જ. આવા સ્થૂળ શરીરમાં પ્રગટેલ હરિરૂપ અનુભવરૂપે માત્ર હૃદયસ્થ જ ન હતું. ચેતનના ગુણધર્મની રીતે એ સર્વત્ર હતું. આથી, પોતે શરીરધારી રૂપે ભલે એક જ સ્થળે દેખાતા હોય છતાં ચેતનના-હરિના અનુભવરૂપે સર્વત્ર છે. 'હું સર્વત્ર વિદ્યમાન છું' ('જીવનદર્શન', ૧૦મી આ., પૃ. ૩૮૨) એ ઉદ્ગારમાંનો 'હું' એ હરિરૂપ છે. પોતાના 'હોવાપણા'નો આવો નક્કર અનુભવ આધ્યાત્મિક વિજ્ઞાનની રીતે સતત વિસ્તરતો અને વિકસતો જ રહ્યા કર્યો.

૧૯૩૯ પછીના શ્રીમોટાના અનુભવો આધ્યાત્મિક અનુભવોની વિકસતી કક્ષાઓનું પ્રમાણ આપે છે. શ્રીમોટાએ ૧૯૫૦માં દક્ષિણ ભારતના કુંભકોણમ્માં 'હરિ:ૐ આશ્રમ' સ્થાપી, જે કોઈ જીવ ઝંખે એને પ્રભુપંથે લેવા મૌનએકાંતની સાધના બતાવી અને પોતે પ્રત્યક્ષ હાજર રહ્યા વિના એકાંતમાં બેઠેલ શ્રેયાર્થીને માર્ગદર્શન આપતા હતા. ૧૯૫૫માં નડિયાદ અને ૧૯૫૬માં સુરતમાં આશ્રમ સ્થાપ્યા અને મૌનએકાંત ઓરડાની સાધનાપદ્ધતિનો વિસ્તાર કર્યો. પોતે હરિરૂપે સર્વત્ર હોવા છતાં શ્રીસદ્ગુરુરૂપે શ્રેયાર્થીની અત્યંત સમીપ રહીને મૌન-એકાંતના સમય દરમિયાન એના જીવનનો વિકાસ પ્રેરતા રહ્યા. અને અનેક પ્રકારની સૂક્ષ્મ વિધિથી શ્રેયાર્થીનાં અંતઃકરણોને સંસ્કારતા રહેલા. આવા મૌનએકાંત ઓરડાઓમાં શ્રીમોટાની 'પોતાની' હાજરી અનેક રીતે અનુભવાય છે. આવા ઓરડાઓને

તેઓશ્રીની 'આધ્યાત્મિક જીવનની પ્રયોગશાળા' રૂપે ઓળખાવેલા. વળી, આવા ઓરડાઓ શ્રેયાર્થી માટે તો જીવનની શોધનશાળા રૂપ છે. એક અનોખા પ્રકારની રિફાઇનરી છે. અનેક જન્મોના સંસ્કારોને ઉલેચીને ચિત્ત ઉપર એની અસર પડવા દીધા વિના પસાર થવા દેવાની અને એ રીતે એને ભસ્મ કરવાની અદ્‌ભુત શોધનક્રિયા ચાલે છે.

હરિઃૐ આશ્રમમાં આ રીતે જીવાત્માના કલ્યાણ સાધવાના 'પોતે' પ્રેરક અને પ્રણેતા બની રહ્યા હતા. આવી પ્રયોગપદ્ધતિ આજે પણ ચાલુ જ રહી છે. આજે શ્રીમોટાનું શરીર હયાત ન હોવા છતાં હરિઃૐ આશ્રમો (નડિયાદ - સુરત)નાં મૌનમંદિરો 'મોટા'ની ચેતનરૂપ હાજરીથી સચેતન છે. અંધારા એકાંત ઓરડામાં બેસનાર શ્રેયાર્થીને 'કોક'નો સાથ - સહકાર - અને સહચાર અનુભવાય જ છે. ૧૯૫૦ થી ૧૯૬૦નો દસકો પૂરો થતાં આધ્યાત્મિક પ્રયોગવીર શ્રીમોટામાં વિશિષ્ટ સ્ફુરણ થયું.

સાધનાનો આરંભ કરતાં શ્રીમોટાના સદ્‌ગુરુ પૂજ્ય શ્રીકેશવાનંદે - ધૂણીવાળા દાદાએ - આદેશ આપેલો કે 'તારે સંસારમાં રહીને સાધના કરવાની છે અને પ્રાપ્ત કર્મો પ્રભુપ્રીત્યર્થે આચરવાનાં છે. તેઓશ્રીએ પોતાને 'પરમ પદ'નો-પ્રભુનો અનુભવ થયો ત્યાં સુધી આ હુકમને જ લક્ષમાં રાખેલો. એ પછી પણ જે કંઈ પ્રભુપ્રેરિત કર્મ આવી મળ્યાં એ પણ પ્રભુપ્રીત્યર્થે જ કર્યાં, પરંતુ સાધના દરમિયાનનાં કર્મો અને અનુભવદશા પ્રાપ્ત થયા પછીનાં કર્મો વચ્ચે આસમાન - જમીન જેટલો ફેર છે. સાધના દરમિયાન આવી મળતાં કર્મો સંચિત અને પ્રારબ્ધ કર્મો હતાં. આ કર્મો પ્રભુપ્રીત્યર્થે આચરતાં એ કર્મોના સંસ્કારો ચિત્ત

ઉપર પડતા ન હતા. 'પ્રભુપ્રીત્યર્થે' થતાં એ કર્મનો 'હું કર્તા નથી', પરંતુ જે સંસ્કારો રૂપે ચિત્તમાં સંચિત છે એનો એ ઉદય છે. આ રીતે કર્મ આચરવાથી કર્મમાંથી મુક્તિ મળતી હતી અને પ્રભુપદના અનુભવ પછીનાં કાર્યો પ્રભુપ્રેરિત હતાં. પોતાને 'પોતામાંથી' કર્મનો આદેશ ઊગતો હતો. અને શ્રીમોટા એને પ્રભુપ્રીત્યર્થે એવી અકળ કલાથી આચરતા હતા કે એ કર્મ દ્વારા વ્યક્તિઓનાં હૃદયમાં પ્રભુભાવ ઉદ્‌ભવતો. ભાવના જાગૃત થતી. જીવનની દૃષ્ટિ પલટાતી. આ અર્થમાં પૂજ્ય શ્રીમોટાએ પ્રેરેલાં કાર્યોને પાર ઉતારવા જે કોઈ એમાં જોડાતા, એ તેઓશ્રીના યજ્ઞકાર્યમાં અજાણતાં પણ પોતાનાં કર્મ દ્વારા આહુતિ આપતા હતા અને ચિત્તમાં ચેતનના સંસ્કારોનાં બીજ રોપાતાં હતાં.

૧૯૬૦ની આસપાસમાં તેઓશ્રીએ એક આશ્ચર્યકારક અલૌકિક હકીકત લૌકિક ભાષામાં રજૂ કરી હતી. 'મારા ગુરુમહારાજે મને આદેશ કર્યો કે 'હવે, તું લોકકલ્યાણનું કામ કર. એક કરોડ રૂપિયાનું કામ કર.' શ્રીમોટા કહે, 'પ્રભુ, એ રૂપિયા હું ક્યાંથી લાવું ?' - ગુરુમહારાજે કહ્યું, 'એ રૂપિયા તારે લોકો પાસેથી મેળવવા.' શ્રીમોટા કહે, 'લોકો પાસેથી લીધેલા પૈસાનું ઋણ હું ક્યારે ચૂકવી શકું ?' ગુરુમહારાજે કહ્યું, 'એની તું ફિકર ન કરીશ. જે લોકો તને આપશે એનો બદલો હું વાળી આપીશ.'

શ્રીમોટાએ પ્રભુપ્રેરિત કાર્યનાં મૂળ સ્રોતને આવી સરળ લૌકિક ભાષામાં રજૂ કર્યો. પ્રભુપ્રેરિત પ્રભુનું કાર્ય પ્રભુપ્રીત્યર્થ કેવી રીતે થઈ રહ્યું એના મર્મની કથા માણવા જેવી છે. શ્રીમોટાએ

'પોતે' છુપાયેલા રહીને જ 'ગુરુમહારાજે બદલો આપવાનું સ્વીકાર્યા'ની વાત જાહેર કરી, પરંતુ એ 'ગુરુમહારાજ'એ 'પોતાના'માં જ રહેલા પરમ તત્ત્વરૂપે છે એવી ગૂઢ વાત ન કરી. મેં શ્રીમોટાને પૂછેલું કે 'આપને આદેશ આપનાર ગુરુમહારાજ કેવા રૂપે પ્રગટ થયેલા ?'

શ્રીમોટાનો જવાબ હતો, 'આકાશ અને તેજરૂપ શરીર હતું.' આ વાત એ વખતે મને બિલકુલ સમજાઈ ન હતી. આજે સમજાય છે. પાંચ તત્ત્વો પૈકી બે તત્ત્વો આકાશતત્ત્વ અને તેજતત્ત્વ છે. એમાં અનુભવીને આકાશતત્ત્વ મોખરે છે. તેજતત્ત્વથી એ દર્શનરૂપ બને છે. આપણી મર્યાદિત અને વિષયાનુસારી બુદ્ધિ વધુ સમજી કે ગ્રહણ ન કરી શકે. માટે, શ્રીમોટાએ 'ગુરુમહારાજ' શબ્દ પ્રયોજેલો. 'ગુરુમહારાજ' શબ્દનો મર્મ તો તેઓશ્રીએ દેહત્યાગ પૂર્વે લખેલા પત્રમાં સ્પષ્ટ કર્યો છે.

આ રીતે શ્રીમોટાએ 'ગુરુ'ના આદેશથી પોતાની અનુભવ-દશાના પ્રયોગને એક નવી જ દિશામાં વિસ્તારવાનો સંકલ્પ કર્યો હતો. ૧૯૩૯ થી ૧૯૬૦ સુધી - (વિશેષ કરીને ૧૯૫૫ થી ૧૯૬૦ મૌનએકાંત ઓરડામાં બેઠેલાં શ્રેયાર્થીમાં પ્રભુભાવના જાગૃત કરી અપાતી હતી.) હવે એવો વિસ્તાર દશાનાં દર્શનનો પ્રયોગ પ્રેરાયો હતો. માનવ સમુદાયના હૃદયમાં રહેલા ઉન્નત ભાવો અને ભાવનાઓને જાગૃત કરી સક્રિય કરવાનો અને વ્યક્તિના તેમ જ સમૂહના જીવનમાં રહેલી ગુણશક્તિને, વિશાળ માનવજાત માટે પ્રગટ કરવાનો એક પ્રભુસંકલ્પ પ્રગટ થયો. હવે, વ્યક્તિલક્ષી કલ્યાણ ઉપરાંત સામૂહિક કલ્યાણની દિશા ખૂલી હતી. એટલા માટે તેઓશ્રીએ 'લોકકલ્યાણનાં કાર્યો' પ્રેર્યાં. શ્રીમોટાએ

તા. ૧૯-૭-૧૯૭૬ના રોજ લખેલા પત્રમાં 'લોકકલ્યાણનાં કાર્યો' એવા શબ્દો વાપર્યા છે. આ જ એનું તાત્પર્ય છે.

શ્રીમોટા પ્રેરિત લોકકલ્યાણનાં કાર્યો એટલે માનવમાત્રમાં રહેલી પ્રભુભાવનાને જાગૃત કરવી અને કાર્યાન્વિત કરવી.

## ૨. સમાજ એટલે ભગવાન

શ્રીમોટા, આત્માનુભવરૂપે જીવમાત્રમાં 'જીવતા' હતા. એવા અનેક 'જીવો' તેઓશ્રીના અનેક જન્મોના અનેક પ્રકારના

સંબંધોનાં નિમિત્તો હતાં. એ નિમિત્તો અનેક પ્રકારનાં હતાં - છે અને હજી ભવિષ્યમાં પ્રગટશે પણ ખરાં. એ સર્વમાં રહેલા પ્રભુભાવને જાગૃત કરી સર્વનાં જીવન ઉન્નત થાય એવો એક આધ્યાત્મિક પ્રયોગ તેઓશ્રીએ પ્રેરેલાં કાર્યો પાછળ છે. શ્રીમોટાએ પ્રેરેલાં સમાજકલ્યાણ - લોકકલ્યાણનાં કાર્યોના ગર્ભમાં આધ્યાત્મિક રહસ્ય છુપાયેલું છે. આવા ગર્ભિત અધ્યાત્મભાવને સામાજિક સ્તર ઉપર લાવવાનું કાર્ય તો કોક વિરલ વીર અનુભવી જ પ્રેરી શકે. શ્રીમોટાએ પોતાના અનુભવ પછીનાં કાર્યને આ રીતે ઓળખાવેલું છે.

**'જીવનઅનુભવગીત'** પુસ્તકની એક ગઝલમાં તેઓશ્રીએ સ્પષ્ટ લખ્યું છે કે -

***'પ્રભુ શો ગૂઢ છૂપો જે બધાંનામાં વસેલો છે,***
***છુપાયેલા પ્રભુને તે પ્રગટ કરવા હૃદય જીવીએ.'***

શ્રીમોટા 'બધાંનામાં' છુપાઈને વસેલા પ્રભુને અનુભવરૂપે પ્રગટ કરવા બધાંના હૃદયમાં 'જીવી' રહ્યા છે. શ્રીમોટાનું આ વિધાન અત્યંત માર્મિક છે. 'જીવન' એ પ્રભુનું વ્યક્તરૂપ છે. 'જીવન' નિરંતર છે 'જીવન' અખંડ છે. આપણે જે આયુષ્ય મર્યાદામાં જીવીએ છીએ એ ખંડને તો 'જિંદગી' તરીકે ઓળખવો જોઈએ. શ્રીમોટાનો જીવનઅનુભવ અમર્યાદ છે. તેઓશ્રીના અનુભવનો વિસ્તાર 'બધાં'માં રહેલો છે. આથી, તેઓશ્રીએ એ જ ગઝલમાં વ્યક્ત કર્યું છે.

***'બધાં સાથે અમે જીવીએ, બધાં સાથે મળીભળીએ***
***અમારો જીવવાનો શો ન કોઈ હેતુ જાણે છે !'***

('જીવનઅનુભવગીત', પૃ. ૪૩૬)

શ્રીમોટાનો મળવા, ભળવા અને જીવવાનો હેતુ 'પ્રભુને પ્રગટ કરવાનો' છે. એ હેતુ તરત જ જણાઈ આવતો નથી, કેમ

કે એ હેતુ ગૂઢ અને રહસ્યમય છે. છતાં સૌને માટે પ્રતીતિકર હોવાથી પ્રમાણભૂત બને છે. આ જ શ્રીમોટાનાં 'કાર્ય'ની ખૂબી છે. જે સૂક્ષ્મ અનુભવ આપણી પ્રતીતિમાં આવતો હોવા છતાં આપણને મોટે ભાગે તરત સમજાતો નથી. અને જ્યારે સમજાય છે ત્યારે દિલમાં એમનામાં પ્રગટેલા પ્રભુરૂપ પ્રત્યે આકર્ષણ અને ભાવ જાગે છે.

આવી રીતે પ્રભુ પ્રગટ કરવાનો હેતુ ધારીને લોકકલ્યાણનાં કાર્યો પ્રેરનાર શ્રીમોટાને માત્ર સામાજિક ઉત્કર્ષ કરવા તત્પર બનેલા 'સમાજ સુધારક સાધુ, મહાત્મા કે સંત' તરીકે ઓળખવામાં દિલથી પૂરતું મૂલ્યાંકન થતું નથી. શ્રીમોટાના પૂર્વ જીવન પૂરતું કાર્યક્ષેત્ર દેશસેવા હતું. એ કાર્ય તેઓશ્રીએ પોતાના જીવન-વિકાસના હેતુની સભાનતા સાથે આચર્યું. આથી, એવા સેવાકાર્યની ભૂમિકા એમની પોતાની સાધનાની દૃષ્ટિએ જુદી જ હતી. તેઓશ્રીએ રાગદ્વેષાદિને નિર્મૂળ કરવાના હેતુથી પોતાની સાધનામાંથી ફલિત થતી શક્તિઓને પોતાને મળેલાં કાર્યમાં પ્રતિષ્ઠિત કરી હતી. આથી, એ કર્મ એમને માટે મુક્તિનું સાધન બન્યું છે. એ પછી જ્યારે અદ્વૈત પરમાત્માનો અનુભવ (૧૯૩૯) થયો ત્યાર પછી ઉત્તરોત્તર વિકસતી, વિલસતી અને વિસ્તરતી અનુભવદશાના પ્રભુપ્રેરિત પ્રયોગો થતા રહ્યા. તેઓશ્રી આધ્યાત્મિક જીવનના માત્ર અનુભવી જ નથી, પરંતુ આધ્યાત્મિક અનુભવને પ્રયોગથી પ્રતિષ્ઠિત કરીને એને વિજ્ઞાનરૂપ આપનાર વિરલ અધ્યાત્મ વિજ્ઞાની છે. કેવળ વિજ્ઞાની જ પોતાના અનુભવને અન્ય જીવમાં સંક્રાંત કરી શકે. આધ્યાત્મિક વિજ્ઞાનની આ એક અત્યંત સૂક્ષ્મ અને ગહન પ્રક્રિયા છે. ભૌતિક કે રસાયણ વિજ્ઞાનની જેમ અધ્યાત્મ વિજ્ઞાનના પ્રયોગોનાં પરિણામ અમુક જ સમયમાં પ્રત્યક્ષ કરાવી શકાય નહિ, પરંતુ કાળક્રમે જેમ જેમ માનવ

સમાજની ભૂમિકા પરિપક્વ થતી જાય તેમ તેમ આનાં પરિણામો પ્રત્યક્ષ થતાં જાય. શ્રીમોટા પ્રેરિત 'લોકકલ્યાણનાં કાર્યો' એ અધ્યાત્મ વિજ્ઞાનના વિજ્ઞાનીના વ્યાપક અને વિસ્તારદશાના અનુભવનો એક અનોખો પ્રયોગ છે.

'પ્રભુ સચરાચર છે,' 'પ્રભુ તો બધાંમાં છે,' 'પ્રભુ તો એક જ છે, મૂર્તિઓ જુદી છે.'–આવી ભાવના આપણા સમાજમાં સંસ્કાર પરંપરાથી પ્રસરેલી છે, પરંતુ આ ભાવના માત્ર વાણીમાં જ વહ્યાં કરી છે. શ્રીમોટાએ લોકકલ્યાણનાં કાર્યો માટે કાળબળને પ્રમાણ્યું. તેઓશ્રી વારંવાર કહેતા કે સમયધર્મને ઓળખે એ અનુભવી અને કાળને અનુરૂપ કર્મ પ્રેરે એ અનુભવી. અનુભવીને જે કર્મ સ્ફુરે છે, એ સંસ્કારોને લીધે સ્ફુરતા નથી, પરંતુ સમયધર્મમાંથી સાહજિક સ્ફુરણ થાય છે. આ અર્થમાં તેઓશ્રી પોતામાંથી પ્રેરાતાં 'લોકકલ્યાણનાં કાર્યો'ને 'મૌલિક' ગણાવતા હતા.

શ્રીમોટાએ પ્રમાણ્યું કે આ કાળમાં સમાજમાં ધર્મ પ્રવર્તતો નથી. લોકોનાં મનવાણીના ભાવો કર્મમાં અવતરતા નથી. લોકો ધર્મ વિશે માત્ર વાતો કરે છે. વ્યક્તિના તેમ જ સમાજના જીવનમાં ત્યાગ અને પરમાર્થ મોખરે વર્તાય ત્યારે ધાર્મિક જીવનનાં લક્ષણ પરખાય. આથી, ધાર્મિક જીવનને જાગૃત કરવા માટે હાલના કાળમાં મંદિરો બાંધવાં કે દેવોની મૂર્તિઓની સ્થાપના કરવી એ ધર્મકાર્ય નથી, પરંતુ વ્યક્તિમાં રહેલા ગુણ અને ભાવ પ્રગટે અને કાર્યમાં ઊતરી આસપાસ પ્રસરી સમગ્રતાને સ્પર્શે એવાં કાર્યો દ્વારા ધર્મભાવના જાગૃત થાય. આથી, શ્રીમોટા પાસેથી એક વિધાન પ્રગટ થયું.

**'મારે સમાજને બેઠો કરવો છે.'**

૧૯૩૯ પછી **'હું સર્વત્ર વિદ્યમાન છું.'** ('જીવનદર્શન'

૧૦મીઆવૃત્તિ, પૃ.૩૮૨)એ અનુભવવચન પ્રગટ થયું હતું. એમાં સર્વત્ર જે 'છે' જ - એવા ચેતનના 'હોવાપણા'ના અનુભવનો ટકોરાબંધ નાદ છે. -એવો જ રણકો ૧૯૬૧ પછી 'મારે સમાજને બેઠો કરવો છે' એ વિધાનમાંથી સંભળાયો. અને થોડાક જ સમયમાં સમાજમાં આ શબ્દો પ્રસરી ગયા. શ્રીમોટાના આ શબ્દોએ લોકસમુદાય ઉપર અદ્ભુત અસર કરી. તેઓશ્રીએ પ્રેરેલાં કાર્યો માટે જુદાં જુદાં ક્ષેત્રમાંથી, જુદી જુદી દિશામાંથી લોકોએ શ્રીમોટાએ સૂચવ્યું તેમ કર્યું.

'મારે સમાજને બેઠો કરવો છે' એ શબ્દો પાછળનો નાદ પ્રભુપ્રેમના અનુભવી પરમ પુરુષના હૃદયમાંથી પ્રગટેલો. અને એ નાદ જેના હૃદય સુધી પહોંચ્યો ત્યાંથી પ્રભુપ્રેમ પ્રત્યે અકળ રીતનું આકર્ષણ પ્રગટ થયું. અને સૌ શ્રીમોટા પ્રેરિત કાર્યમાં અકળ ભાવનાના બળથી જોતરાયા.

શ્રીમોટાનું આ વિધાન નવા યુગના આગમનનાં એંધાણ દર્શાવતું પૃથ્વી ઉપર પ્રભુની પધરામણીના આગમનની તૈયારી કરાવતું આધ્યાત્મિક તેજ:પુંજ હતું. એ શબ્દો પાછળ છુપાયેલો શંખનાદ-સિંહનાદ ઘણાંનાં હૃદયને હચમચાવતો હતો. શ્રીમોટાનો પ્રત્યેક શબ્દ માર્મિક છે. એનો હંમેશાં આધ્યાત્મિક અર્થ જ હોય છે. 'ભગવાન' 'પ્રભુ' 'આત્મા-પરમાત્મા' કે 'ચેતન' સિવાયની અન્ય કશી જ ભૂમિકા તેઓશ્રીની વાણીમાં નથી. આ એક નક્કર હકીકત છે. આથી જ આ વાક્ય પણ એટલું જ ગર્ભિત રહસ્યમય આધ્યાત્મિક શક્તિ ધરાવે છે.

સમાજની શ્રીભગવાન વિશેની ઉપલક સમજને શ્રીમોટાએ અજવાળી છે, પ્રકાશિત કરી છે. શ્રીભગવાનને રૂપ નથી અને એ સચર અને અચર બધાંમાં છે, તો પછી એ આપણામાં અને આપણા સમાજમાં પણ છે, તો સમાજને 'ભગવાન' માનીને

એની સેવા કરવી એ યુગધર્મ છે. જો મંદિરમાં સ્થાપેલી મૂર્તિમાં ભગવાનની ભાવનાની ધારણા થઈ શકતી હોય તો જીવંત માનવમૂર્તિમાં છુપાયેલા ભગવાન પ્રત્યે એવી ભાવના કેમ જાગૃત ન કરી શકાય ? આથી, તેઓશ્રીએ કહેલું કે 'આપણે એ ભગવાનને માનતા હોઈએ, પ્રેમભક્તિથી, જ્ઞાનપૂર્વક માનતા હોઈએ તો એની સેવા તો થવી જોઈએ. આ સમાજની સેવા એ ભગવાનની સેવા છે. આજના આવા વાતાવરણમાં 'સમાજ' શબ્દ પ્રચલિત છે, એટલે 'સમાજ' શબ્દ વાપરું છું. બાકી, કોઈ કાળે મારા મગજમાં સમાજ નથી. મારા મગજમાં તો ભગવાન જ બિરાજેલો છે. હું મારા ભગવાનની જ સેવા કરી રહેલો છું. મારા મનથી એ સો ટકાની હકીકત છે.'

(દીક્ષાદિનની ઉજવણી વખતે આપેલા પ્રવચનમાંથી તા. ૪-૨-૧૯૭૨ 'શ્રીમોટાવાણી' - ૧ પૃ. ૧૫-૧૬)

આ ઉપરથી સિદ્ધ થાય છે કે શ્રીમોટા પ્રેરિત લોકકલ્યાણનાં કાર્યોને માત્ર સામાજિક ઉત્કર્ષ કે ઉત્થાનની પ્રવૃત્તિ તરીકે સમજ્યા કરીએ તો આ કાર્યોનું મૂલ્યાંકન અધૂરું રહે. શ્રીમોટાને તો સમગ્રતામાં છૂપા રહેલા ભગવાનને બેઠા કરવા હતા. એ ભગવાન પોતાની ગુણશક્તિરૂપે વ્યક્ત થઈને ભાવની ભૂમિકાથી દર્શનીય બની રહે એવો હેતુ છે. તેઓશ્રીએ પ્રેરેલાં કાર્યો દ્વારા પ્રભુશક્તિની આવી ઝાંખી સતત થયા કરેલી છે.

શ્રીમોટાએ ગુણ અને ભાવને ભગવાનનાં વ્યક્ત લક્ષણરૂપે પ્રમાણ્યાં છે. આવા ગુણભાવનું અવિચ્છિન્ન રૂપ વ્યક્તિમાંથી- એટલે જ સમાજમાંથી વ્યવહારમાં અવતરે એ માટે જે કાંઈ પરમાર્થ, ત્યાગ કરાય એ ધર્મકાર્ય છે. આવા ગુણભાવ જ્યાં વ્યક્ત થયા હોય એ તરફ આપણી દૃષ્ટિ વળે એ પ્રભુશક્તિનાં દર્શન છે અને આપણાથી એ ગુણભાવની કદર થાય એ પ્રભુની

ભક્તિ છે.

અત્યારના જમાનામાં જ્ઞાનવિજ્ઞાનની અનેક શાખાઓના વિકાસ સાથે, વૈજ્ઞાનિક શોધખોળોને પરિણામે સુખનાં અનેક સાધનો હોવા છતાં, આપણા સમાજમાં અંધશ્રદ્ધા, વહેમ, ઘેલછા, ધર્મ-અધ્યાત્મ વિશેની પાર વિનાની ભ્રાંતિઓ છે. આવા બાહ્ય જીવનના પ્રવાહમાં શ્રીમોટાએ ભાગ્યે જ નજરે ચઢે એવો સૂક્ષ્મ ખળભળાટ મચાવ્યો છે. આપણી જીવનયમુનાના વહેણમાં પડી રહેલાં ઝેર ફેલાવતાં રાગદ્વેષના ફણાધરને નાથવાનો સૂક્ષ્મ વિધિ શ્રીમોટાએ યોજ્યો છે. અને આપણા જીવનમાં રહેલા પ્રભુને બેઠા કર્યા છે. આપણી સન્મુખ માનવમૂર્તિ રૂપે બિરાજેલા શ્રીમોટાના આવા વિરલ કાર્યનો મર્મ સમજતાં એમ બોલી જવાય છે કે

**'અમે અપરાધી કાંઈ ન સમજ્યા,**
**ન ઓળખ્યા ભગવંતને,**

## ૩. શ્રીમોટાનો મહાયજ્ઞ - (ભૂમિકા)

શ્રીમોટા, સાધના દરમિયાન પ્રયોગશીલ હતા. સાધના કરતાં

કરતાં જે જે શક્તિઓ પ્રગટ થતી એનો વ્યવહારમાં પ્રત્યક્ષ અનુભવ થાય ત્યારે પ્રતિષ્ઠાનો પુરાવો મળતો. રાત્રે સ્મશાનમાં કરાયેલી સાધનાનો ભાવ દિવસ દરમિયાન જે કાર્યમાં રહેવાતું એ દરમિયાન એ ટકી રહેતો હતો - એનો પ્રયોગથી અનુભવ કરતા હતા. એ જ રીતે અભય, નમ્રતા, મૌન, એકાંત, સંયમ વગેરે કેવાં કેળવાયાં છે, એનો પણ પ્રયોગ તક, પરિસ્થિતિ અને સંજોગ મળતાં કરી લેતાં. આ રીતે સાધનાના ભાવનું વ્યવહારમાં અવતરણ થતું હતું.

તેઓશ્રીને પરમ પદનો અનુભવ થયો એ પછી તો પોતાને કશું જ કરવાપણું ન હતું. માત્ર, નિમિત્તો મળતાં એમની સક્રિયતા વ્યક્ત થતી હતી. મુક્તિનો અનુભવ કરનાર ઘણા મહાત્માઓ એમ માનતા હતા કે અનુભવનો વળી પ્રયોગ કેવો ? જ્યારે શ્રીમોટાનું દર્શન અનોખું જ હતું. એ આધ્યાત્મિક વિજ્ઞાનના વિજ્ઞાની હતા. આથી, આધ્યાત્મિક જીવનની કક્ષાને પણ પ્રયોગમાં મૂકતા. શરીર ઉપર અત્યંત પીડાકારી રોગો હોવા છતાં સતત કાર્યરત રહેવું, પ્રવાસો ખેડવા અને સાથે સાથે 'જીવનના અનુભવ'ને વ્યક્ત કરતાં ભજનો લખવા, લખાવવા - એ પણ એમનો પ્રયોગ હતો. શ્રીમોટા કહે છે તેમ આધ્યાત્મિક અનુભવનો પ્રયોગ અનુભવી 'પોતાનામાં' કરે છે. દેહાતીત હોવાનો અનુભવ થયો પણ એનું પ્રમાણ શું ? આનંદ અંતરના અનુભવમાં તો હોય જ, પરંતુ દેહની વિપરીત અવસ્થામાં પણ એ જ આનંદની અભિવ્યક્તિ સાથે મૌલિક અને ઉચ્ચ પ્રકારનાં સર્જન થયે જાય એ પ્રયોગ. આ હકીકત **'જીવતા નર સેવીએ'** પુસ્તકમાં તેઓશ્રીએ સમજાવી છે.

શ્રીમોટાના અનુભવની ખાસ વિશેષતા એ છે કે એમની અવસ્થાને દિવ્યમુક્તિ, જીવન્મુક્તિ કે વિદેહમુક્તિ એવાં નામો આપવાથી અનુભવની આપણી સમજ અંગે પણ મર્યાદા આવી જાય. આથી, તેઓશ્રીએ કહ્યું છે કે મને તો માત્ર 'અનુભવ' સાથે

નિસ્બત છે. તમે ગમે તે નામ આપો. જો 'અનુભવ' છે તો એને સ્થળ, સંજોગ, કાળ કંઈ છે જ નહિ. હકીકતમાં જો 'આ' નથી તો અનુભવી કાળાતીત થયેલો છે. જેમ ગુણાતીત છે, ભાવાતીત છે તેમ એ કાળાતીત પણ છે.' શ્રીમોટાનો અનુભવ 'કાળાતીત' છે, એ જ ખાસ વિશેષતા છે. આથી, આવા અનુભવીની વાણીનો હેતુ કે મર્મ તત્કાળ આપણને ન સમજાય એ પણ સ્વાભાવિક છે, કેમ કે આપણે તો સ્થળ-કાળમાં બંધાયેલા હોવાથી આવા અનુભવી પુરુષની કાળાતીત વાણીને પામી જ ના શકીએ. આમ છતાં શ્રીમોટાએ આ સંબંધમાં થોડીક સ્પષ્ટતા કરી છે. આથી, તેઓશ્રીએ પ્રેરેલ 'કામ'ની પાછળનો હેતુ, મર્મ આપણે પામી શકીએ.

કાળાતીત અવસ્થાનો અનુભવી 'માનવી જો કદાચ બોલતો હોય તો માત્ર આ કાળ પૂરતું જ છે એમ હોતું નથી, એના વિશે બહુ ઊંડો વિચાર કરવો જોઈએ.'-એમ તેઓશ્રી કહે છે. તાત્પર્ય કે શ્રીમોટાની વાતને-વાણીને-માત્ર એટલા સમય પૂરતી જ છે એમ ન માનવું. એનાં અત્યંત દૂરગામી પરિણામો પ્રગટવાનાં જ. આથી, એના બોલને સમજવા 'બહુ ઊંડો વિચાર કરવો જોઈએ.'

શ્રીમોટા ભલે ગમે તે બોલતા હોય છતાં એની પાછળ રહસ્ય હોય છે. આ વાતને સ્પષ્ટ કરતાં મારી સામે આંગળી ચીંધીને તેઓશ્રીએ કહેલું કે 'આ રમેશ ભટ્ટને મેં મશ્કરીમાં બેચાર ચોપડાવી દીધી હોય તોપણ એની પાછળ રહસ્ય છે. એ કોઈના ખ્યાલમાં આવે નહિ. એને એમ લાગે કે કેમ આમ બોલ્યા ? એનું કંઈ પણ બોલવાનું રહસ્યવાળું છે. ભેદવાળું છે. 'ભેદવાળું' એટલે એકબીજાંથી છૂટા પાડવાનું એવી હદનું નહિ, પણ એમાં ઊંડો મર્મ રહેલો છે, એવું કોઈના ખ્યાલમાં આવી શકે એમ નથી.

'વળી, એનું પ્રત્યેક કર્મ હેતુપૂર્વકનું છે, પણ એ હેતુ વિચારતો નથી, એણે હેતુ વિચારેલો છે નહિ. છતાં પણ એનામાં

હેતુ છે. એનો એક જ હેતુ છે. અનુભવીનો બીજો કોઈ હેતુ નથી. સર્વ કોઈને જે કોઈ મળે તેને આ ભગવાનનો સ્પર્શ થાય એ જ એનો હેતુ છે. વળી, અનુભવીને અનંત ધીરજ છે, એ વાત પણ ચોક્કસ છે. હમણાં થઈ જાય એવું કદી એના મનમાં જાગતું નથી. એને એનું જ્ઞાન છે કે આજે નહિ તો કાલે ભગવાનનું જ્ઞાન એના અંતરમાં ફૂટવાનું છે.' ('જીવતા નર સેવીએ', પૃ. ૧૧૫-૧૧૬.)

આ ઉપરથી આપણે સમજી શકીશું કે શ્રીમોટાના લોકકલ્યાણનાં કામ પાછળ 'સર્વ કોઈને'-જે કોઈ મળે તેને ભગવાનનો સ્પર્શ થાય એવો હેતુ છે. ઉપરાંત, પોતાના અનુભવની કક્ષા 'કાળાતીત' હોવાથી એનું પરિણામ ક્યારેક તો નીપજવાનું છે. શ્રીમોટાએ પ્રેરેલાં લોકકલ્યાણનાં કામનું પરિણામ તથા એ કાર્યને માટે એમાં જે કોઈ સંકળાયા છે, એ સૌને ભાગવતી ચેતનાના સ્પર્શાનુભવનું પરિણામ કાળે કરીને આવ્યા વિના રહેવાનું નથી.

એક પ્રશ્ન એવો પણ થાય કે શ્રીમોટાએ આવી પ્રવૃત્તિઓનો આરંભ છેક ૧૯૬૨થી જ કેમ કર્યો ? આ પ્રશ્ન પ્રસ્તુત નથી, કેમ કે એ એમના 'અનુભવ'ને આધારે છે. આમ છતાં તેઓશ્રી જાહેરમાં કહેતા હતા કે જે 'નિમિત્તો' 'મને' મળવાનાં છે, એ બધાં મને મારા શરીરની હયાતી દરમિયાન ઝડપથી મળી શકે એ માટે કાળ ટૂંકાવી શકવા માટેનું આ કાર્ય છે.-શ્રીમોટા પ્રેરિત લોકકલ્યાણનાં કાર્યો પાછળનો આ હેતુ ગૂઢ હોવાથી માત્ર એનો ઉલ્લેખ જ પૂરતો છે.

હવે, શ્રીમોટાએ પ્રેરેલ યોજનાઓ તથા એને પાર ઉતારવા સામેલ થયેલ વ્યક્તિઓના જીવનમાં ભાગવતી સ્પર્શ થાય એ માટેનો શ્રીમોટાનો મહાયજ્ઞ કેવી રીતે યોજાયો છે એ જોઈએ.

## ૪. મહાયજ્ઞની ધર્મજ્વાળા

શ્રીમોટાએ યોજેલ આ મહાયજ્ઞ અપૂર્વ અને અનોખો જ્ઞાનયજ્ઞ, કર્મયજ્ઞ અને ભક્તિયજ્ઞ હતો. આ યજ્ઞ માટેનો કુંડ કાળને અનુરૂપ હતો અને કાળબળને અનુકૂળ કરવા માટે વ્યાપક હતો. 'પોતે' યજ્ઞના પુરોહિતપદે હતા. અને યજ્ઞમાં હિસ્સેદાર બનનાર 'જીવ' માત્ર એમના યજમાનો હતા. આ રીતે વિશાળ માનવસમાજ એમનો યજમાન હતો.

તેઓશ્રીએ આ યજ્ઞકુંડમાં ધર્મજ્વાળા પ્રગટાવી હતી. એ ધર્મજ્વાળાને પ્રજ્વલિત રાખવા તથા એની અગ્નિશિખાઓને ઊંચે ને ઊંચે લઈ જવા માટે માનવસમાજે આહુતિ આપ્યા કરવાની હતી.

શ્રીમોટાએ કાળના લક્ષણને લક્ષમાં રાખીને આ મહાયજ્ઞનું મંડાણ કર્યું. ત્યાગ અને પરમાર્થ એ વ્યક્તિ તથા સમૂહજીવનમાં એટલે કે વ્યવહારમાં પ્રગટ ન થાય ત્યાં સુધી ધર્મ પ્રગટી શકે નહિ. આવા ત્યાગ અને પરમાર્થ તો શ્રીમોટાએ પોતાના જીવનમાં પ્રત્યેક પળે - જ્યારે જ્યારે તક મળી ત્યારે - આચરેલા છે. એ એમના જીવનમાં બાળપણથી જ જોવા મળે છે. પોતે ગરીબ હોવાથી કોક પહેરવા માટે કપડું આપે તો એનો પ્રેમથી સ્વીકાર કરે અને પોતાનાથી વધુ જરૂરિયાતવાળાને એવા જ પ્રેમથી આપી દે. પોતાને ભણાવવા માટે ખર્ચ આપનારનો એક પૈસો પણ વધારે ન વપરાય એવી ઊંચી ભાવનાથી પોતે વર્તેલા. આવા તો સંખ્યાબંધ પ્રસંગો નોંધી શકાય. ગરીબ હોવા છતાં પોતે ક્યારેય ધનનો સંગ્રહ કર્યો નથી, પણ જે કંઈ મળ્યું એ બધું એમણે દેશને ચરણે - હરિજન સેવક સંઘને અર્પણ કરી દીધેલું. આ તો એમના સાધનાકાળ દરમિયાનના ત્યાગ - પરમાર્થની ઝલક થઈ. પોતાના જીવનની આવી ભૂમિકાથી આ ગુણો સમાજમાં પ્રેરાય એ માટે

વાત કરવાનો તેઓશ્રીને અધિકાર હતો.

શ્રીમોટા, પરમાત્માની અનુભવદશા પામ્યા એ પછી તેઓશ્રીએ હરિઃૐ આશ્રમો સ્થાપ્યા. એમાં મૌનએકાંત ઓરડામાં વ્યક્તિના જીવનમાં રહેલી પ્રભુભાવના જાગૃત કરવાનો વિશિષ્ટ અને અજોડ પ્રયોગ આદર્યો. એ સાથે સાથે ૧૯૬૧થી 'મારે સમાજને બેઠો કરવો છે'નો એક નાદ પ્રગટ્યો. માનવસમૂહમાં છુપાયેલી પ્રભુભાવનાને પ્રગટ કરવા તેઓશ્રીથી એક અનોખો મહાયજ્ઞ પ્રેરાયો. આ કાર્યનો આરંભ પોતાના જ પ્રત્યક્ષ આચરણથી કર્યો. ૧૯૬૦ સુધી આધ્યાત્મિક માર્ગદર્શન કરાવતાં પુસ્તકોનાં વેચાણમાંથી જે આવક થયેલી, એ બધી જ રકમ-પચાર હજાર રૂપિયા-૧૯૬૧માં તેઓશ્રીએ ગુજરાતી સાહિત્ય પરિષદને દાનમાં આપ્યા. એમાંથી મૌલિક ભક્તિપ્રધાન સાહિત્યસર્જન માટે એના લેખકને સુવર્ણચંદ્રક આપવા માટે, ભાવનાત્મક સાહિત્યસર્જન કરતી સ્ત્રીલેખિકાને પારિતોષિક આપવા માટે તથા બાળકોમાં હિંમત, સાહસ, પ્રામાણિકતા, સહિષ્ણુતા, આદરભાવ વગેરે કેળવાય એવાં ચરિત્રોના પ્રકાશન માટે આ રકમ અર્પણ કરી. પોતાની 'અંગત' ગણાય એવી આ પૂરેપૂરી રકમનું સમાજને ચરણે સમર્પણ કર્યું અને વ્યવહારજીવનમાં આવા આચરણના આદર્શની ભૂમિકા - આસન ઉપર બેસીને - મહાયજ્ઞ માટે સમાજને ટહેલ નાખી.

તેઓશ્રીએ પ્રમાણ્યું કે અત્યારે સમાજજીવનમાં અસમતુલા આવી ગઈ છે, કેમ કે પરિગ્રહ - સંગ્રહવૃત્તિ અને સ્વાર્થ જ મુખ્ય બન્યાં છે. જો સમાજજીવનમાં સમતોલપણું - બૅલૅન્સ લાવવું હોય તો એની સામેનાં પલ્લામાં વધારે વજન મૂકવું જોઈએ. પરિગ્રહની સામે ત્યાગ અને સ્વાર્થ સામે પરમાર્થ હોય તો સમાજમાં સમતા - સમતોલપણું આવે. આજના સમયમાં

લક્ષ્મીનો પરિગ્રહ થતો જાય છે અને એનો ઉપભોગ કેવળ સ્વાર્થ માટે જ થઈ રહ્યો છે. આથી, શ્રીમોટાના મહાયજ્ઞ માટે નજરે ચડે એવું આહુતિ માટેનું દ્રવ્ય-એ પૈસો-હતું. શ્રીમોટાએ પરિસ્થિતિ અને કાળ-સંજોગથી વૃદ્ધિ પામી રહેલ લક્ષ્મીનો આદર કર્યો છે. આ પણ એક મહત્ત્વની બાબત છે. આજકાલ સાધુ મહાત્માઓ દેખીતી રીતે લક્ષ્મીની અવગણના કરે છે અને એને બંધનનું કારણ સમજાવે છે. આધુનિક કાળ આવા ઉપદેશ માટે યોગ્ય નથી. શ્રીમોટા, લક્ષ્મીને શક્તિરૂપે પ્રમાણે છે. વળી, એ ભગવાનની શક્તિ હોવાથી ભગવાનનાં કાર્યમાં વપરાય - મતલબ કે જીવનમાં રહેલા ભાગવતી ભાવોને જાગૃત કરવા વપરાય તો જ એનો યોગ્ય ઉપયોગ થાય ત્યારે સાચા અર્થમાં લક્ષ્મી શક્તિરૂપે પ્રગટે છે, એવી લક્ષ્મીના ઉપયોગથી વ્યક્તિનું તથા સમાજનું જીવન ઊજળું બને છે.

લક્ષ્મી એ 'મા' છે. એમાંથી આપણા જીવન માટે ઘણું બધું ઊપજે છે. ઘણું બધું જન્મે છે. આપણા જીવનને એ સમૃદ્ધિ, સુખ, શાંતિ, આનંદ અને નિશ્ચિંતતા બક્ષે છે. જો આવા માતૃભાવથી લક્ષ્મીની પ્રાપ્તિ, વૃદ્ધિ અને ઉપયોગ થાય તો વ્યક્તિ અને સમાજજીવનનો વિકાસ થવામાં ઘણી સાનુકૂળતા જન્મે.

મહાયોગી શ્રીઅરવિંદે કહ્યું છે કે 'માતૃરૂપ લક્ષ્મી આજે અસુરોના બળ હેઠળ દબાયેલી છે એથી જ વિશ્વમાં ઘણા અનર્થો સર્જાય છે. એવા અસુરોના પંજામાંથી લક્ષ્મીને મુક્ત કરીને એને ભાગવતી શક્તિના પ્રાગટ્ય માટે ઉપયોગમાં લેવાય એ જરૂરી છે.' શ્રીમોટાએ આ બાબત જુદી ભાષામાં સમજાવી છે. કોઈ પણ વ્યક્તિનો લક્ષ્મી ઉપરનો માલિકીભાવ જ મોટો અનર્થ છે. લક્ષ્મીની પ્રાપ્તિ અને વૃદ્ધિ સ્થળ, કાળ અને સંજોગને આધીન છે. આ ત્રણેય બાબતો પ્રભુના આવિર્ભાવ પ્રગટવાનાં કેંદ્રો છે. લક્ષ્મી

એને લીધે વૃદ્ધિ પામે છે. લક્ષ્મીના ઉપાર્જન માટેના આપણા પ્રયત્નો પાછળની શક્તિ, દૃષ્ટિ, કુનેહ ઈત્યાદિ પણ ચેતનનાં-પ્રભુનાં જ છે. એ આપણી સ્વતંત્ર માલિકીનાં નથી. લક્ષ્મીની વૃદ્ધિ માત્ર બુદ્ધિશક્તિને જ આધીન નથી. એમ હોત તો બધા જ બુદ્ધિશાળી માણસો ધનવાન હોત ! આથી, સિદ્ધ થાય છે કે લક્ષ્મી એ પ્રભુની શક્તિ છે. એના ઉપર માલિકીભાવ રાખવો અને લક્ષ્મીને સ્થગિત કરી દેવી એ તો પરમ શક્તિ ઉપરનું દમન છે. આવાં વૃત્તિ અને વલણનું પરિણામ યથાસમયે ઘાતક, ભયંકર અને વિનાશકારી આવવાનો પૂરો સંભવ છે. લક્ષ્મીને તો 'મા'ના ભાવથી ઉપાસાય. શ્રીમોટા કહેતા કે 'માના ખોળામાં માથું મૂકીને આપણે નિશ્ચિંત થઈ શકીએ, આપણાં મનહૃદયને પવિત્ર બનાવી શકીએ, પરંતુ એને 'પોતાની' માનીને બાથમાં ન ભીડાય !' શ્રીમોટાનાં આ વચનો ઘણાં જ માર્મિક છે. પોતાની મા સાથેનો આવો માલિકીભાવવાળો વ્યવહાર કેવાં પરિણામ નિપજાવે એ સમજી શકાય એવું છે. શ્રીમોટાએ લક્ષ્મી પ્રત્યેની ભાવનાને સ્પષ્ટ સમજાવીને લક્ષ્મીના ઉપયોગ માટે આપણી આંખ ઉઘાડી આપી.

આધુનિક કાળમાં માનવમાત્ર લક્ષ્મી મેળવવા, એનો ઢગલો કરીને પોતાનો મહિમા વધારવા અને એ રીતે સમાજના બીજા વર્ગ પ્રત્યે તુચ્છકાર, તિરસ્કારથી જોતો થયો છે. સમાજના બધા જ પ્રકારના વ્યવહારનું કેંદ્ર પણ પૈસો જ રહ્યો છે. પૈસો જ જાણે બધા ગુણોનું કેંદ્ર બન્યો છે. બધાનો જીવ 'પૈસા' પાછળ છે અને 'પૈસા' ઉપર છે. આવા 'જીવભાવ'ને પ્રભુભાવ પ્રત્યે વાળવાનો એક નોંધપાત્ર આધ્યાત્મિક પ્રયોગ શ્રીમોટાએ કર્યો. સૌ કોઈ સમજી-સ્વીકારી શકે એવો આ પ્રયોગ છે. ચેતન અથવા પ્રભુ વિસ્તાર અને વિવિધતામાં વ્યક્ત છે. આપણે પૈસા કમાઈએ

છીએ એ આપણી એકલાની - માત્ર એકાંગી શક્તિથી કમાતા નથી, પરંતુ સ્પષ્ટ રીતે સમાજ પાસેથી કમાઈએ છીએ. આથી, આપણી કમાણીમાં સમાજનો હિસ્સો છે. આવી હિસ્સેદારી - ભાગીદારી આપણે ભૂલી ગયા છીએ. એ અપ્રામાણિકતા છે. 'સમાજ' એટલે 'ભગવાન' - સમાજના વિશાળ વર્ગમાં જે ભાગવતી શક્તિ છૂપેલી છે, એને પ્રગટ કરવા માટે ભગવાનની શક્તિ લક્ષ્મીનો ઉપયોગ થાય એ તરફ લક્ષ્મીસંપન્ન સૌ કોઈનું ધ્યાન જવું જોઈએ. સમાજ પાસેથી મેળવેલાં ધનમાંથી સમાજ માટે એનો હિસ્સો ન આપીએ તો ચોરી ગણાય. આથી, ધન ઉપરની માલિકીના મિથ્યાભાવને શિથિલ કરીને, જેનું છે એને જ આપણે આપીએ છીએ એવા ભાવથી આપવું - એ સાચો ત્યાગ છે. 'આપણે ત્યાગ કરીએ છીએ અને બીજા ઉપર ઉપકાર કરીએ છીએ.' એવા ભાવથી આપણામાં રહેલી ભાગવતીચેતના જાગતી નથી. એટલે જેની પાસેથી આપણે મેળવ્યું છે એમાંથી એનો હિસ્સો આપીને આપણે ઋણમાંથી મુક્ત થઈએ છીએ, એવા ભાવથી ત્યાગનું સાચું લક્ષણ પ્રગટી શકે છે. શ્રીમોટાએ પ્રેરેલ 'લોકકલ્યાણ'ની ભાવનાનું મૂળ આવા ભાવમાં રહેલું છે. ત્યાગ એ ધર્મનું લક્ષણ છે. આથી, ત્યાગની ભાવના આપણે સૌએ નજર સમક્ષ રાખવાની છે. પૈસાના દેખીતા દાન કે ત્યાગ દ્વારા આવા મહાયજ્ઞમાં જે આહુતિ આપવાની છે, એ લક્ષ્મી ઉપરના માલિકીભાવની આહુતિ છે. અને સાથે સાથે સમાજનું ઋણ ચૂકવીને 'આપણે કશું જ વિશેષ કર્યું નથી', એવો વિનમ્ર ભાવ કેળવવાનો છે. પરિણામે 'કશું પણ કર્યા'નો અહંકાર જાગૃત ન થાય.

શ્રીમોટાએ પ્રેરેલા મહાયજ્ઞની ધર્મજ્વાળાનું બીજું પ્રગટ

લક્ષણ 'પરમાર્થ' છે. આપણે સૌ સ્વાર્થને પૂરેપૂરો ઓળખીએ છીએ, પણ 'પરમાર્થ'ને પિછાની શકતા નથી, કેમ કે આપણે વાંસપૂર સ્વાર્થમાં જ ડૂબેલા છીએ. આપણે આપણાં અંગો પ્રત્યે પણ સ્વાર્થથી જ વર્તીએ છીએ. સ્વાર્થ છૂટ્યો છૂટે એમ નથી. આથી, શ્રીમોટાએ સ્વાર્થને મોળો પાડવા માટે આપણા જીવનવ્યવહારમાં 'પરમાર્થ' કેવી રીતે પ્રગટે એનો કુશળયોગ ઉપજાવ્યો. 'પરમ' એટલે ઉચ્ચ આદર્શ માટે આપણાથી જે કંઈ થાય એ પરમાર્થ છે. આપણી અંગત આર્થિક સંપત્તિનો ઉપયોગ 'સમાજ'ને જાગૃત કરવા માટે-તસુ જેટલો પણ ઊંચે આણવા માટે થાય એ પરમાર્થ છે. શ્રીમોટા કહેતા કે 'સમાજની સમગ્રતાને સ્પર્શે એવું દાન થવું જોઈએ.' સમાજની 'સમગ્રતા'માં વ્યાપકતા છે, વિસ્તાર છે. એમાં એકાંગીપણું નથી. આવી સમગ્રતાને સ્પર્શતી ધર્મક્રિયામાં સાચો 'પરમાર્થ' છે. આવા પ્રકારનું લક્ષ્ય રાખીને થયેલું દાન એ પરમાર્થ છે.

આ રીતે શ્રીમોટાએ પ્રેરેલ મહાયજ્ઞની ધર્મજ્વાળાનું આપણને દર્શન થાય છે. ત્યાગ અને પરમાર્થ મોખરે હોય તો જ ધર્મ પ્રગટ્યો ગણાય એમ શ્રીમોટાએ વારંવાર કહ્યું છે. આથી, તેઓ એમ પણ કહેતા કે આજે આપણા સમાજમાં ક્યાંય ધર્મ નથી એ તદ્દન યથાર્થ છે.

## ૫. મહાયજ્ઞના પુરોહિતનો સંકલ્પઘોષ

શ્રીમોટાએ જીવમાત્રના આકર્ષણબિંદુને - મોહકેંદ્રને પોતાના હૃદયમાં પ્રગટેલ પ્રભુપ્રેમની શક્તિથી પોતાના તરફ વાળ્યું. શ્રીમોટાએ પ્રેરેલા આવા જાહેર મહાયજ્ઞના પુરોહિત તરીકે આવું અલૌકિક કાર્ય સાધ્યું. કોઈની પાસેથી પૈસા મેળવીને દાન કરવું - એ પણ એક પ્રકારનું સૂક્ષ્મ બંધન ગણાય. એનો ખુલાસો આપતાં શ્રીમોટાએ એમ જાહેર કરેલું કે 'મારા ગુરુમહારાજે કહ્યું કે 'તને આપનારનો બદલો વાળી આપવાનું 'હું' સંભાળી લઈશ.' -શ્રીમોટાના આ વિધાનનું હાર્દ એ છે કે પ્રભુરૂપે પ્રગટેલ શ્રીમોટાને અર્પણ થયેલનો બદલો પ્રભુ સ્વયં આપશે એવું વચન છે.

આવા મહાયજ્ઞના પુરોહિતરૂપે શ્રીમોટા પોતે કેવી લાક્ષણિકતાથી વ્યક્ત થાય છે એ સમજવા જેવું છે. તેઓશ્રીની યજમાનો પ્રત્યે કેવી ઘોષણા છે ! એમણે સામે ચાલીને કોકના બારણે જઈને 'ફાળો ઉઘરાવ્યો' નથી. જે નિમિતો આવી મળ્યાં એમની પાસેથી સામે મોંએ નિમંત્રણ માગ્યું, 'મને તમારે ત્યાં રોટલા ખાવા બોલાવો.' અને સાથે સાથે એમ પણ કહ્યું કે 'મેં વીસ વર્ષ લગી સતત દેશસેવા કરી છે. એટલે સમાજ મને રોટલા ખવડાવે એ તો મારું પેન્શન છે !' શ્રીમોટાની આ ઘોષણામાં પુરોહિતના અધિકારની સ્પષ્ટતા છે. એ સાથે સાથે 'લોક'ને પોતાની ફરજ અદા કરવા માટે જગાડવાની રીત છે. શ્રીમોટાથી 'નિમંત્રણ વિના' ન જવાય ! કેમ કે તેઓશ્રીની એક પણ ક્રિયામાં કર્તાપણું ક્યાંય ન પ્રગટે ! તેઓશ્રીના નિમિત્તને 'સળવળાવવા'ની આ એક અનોખી રીત છે ! નિમિત્ત હલાવે તો જ 'પોતે' હાલે. આથી, તેઓશ્રી પછીથી ઘણી વાર કહેતા કે 'હું તમને ચોખા મૂકવા આવ્યો ન હતો.' મતલબ કે તેઓશ્રીએ આપણા ઉપર પોતાનું 'હોવાપણું' લાદ્યું નથી, પણ આપણે પોતે ચહીને

તેઓશ્રીને નોતર્યા છે. આવા યથાર્થ 'બ્રહ્મન્' - 'પરબ્રહ્મરૂપ' - **'બ્રાહ્મણ'** આપણે ત્યાં આપણા નોતર્યા, પધારીને ભોજન લે - એ સદ્ભાગ્યને વ્યક્ત કરવા માટે તેઓશ્રીની બીજી ઘોષણા એ હતી કે 'મને દક્ષિણા આપજો.'

તેઓએ 'ભિક્ષાન્ન' કે 'દાન' નથી માગ્યું, 'નોતરું' અને 'દક્ષિણા' ચાહ્યાં છે. 'દક્ષિણા' એ વિશિષ્ટ વ્યક્તિરૂપને અપાતા દાન માટે વપરાતો શબ્દ છે. 'દક્ષિણા' જેને અપાય છે એમાં દક્ષિણા લેનાર તરફ ઊંડો આદરભાવ, પૂજ્યભાવ અને પ્રેમભાવ ધારણ થાય છે. આથી, તેઓશ્રીએ 'દક્ષિણા' માગી હતી.

દક્ષિણામાં રૂપિયા માગ્યા. એ માટે પણ તેઓશ્રીએ બે કારણો જણાવ્યાં છે. (૧) 'પૈસો તમારા બાપનો નથી.' - તાત્પર્ય કે પૈસો ભગવાનની શક્તિ છે. ભગવાનને આપણે પરમ પિતારૂપે હૃદયથી સ્થાપ્યા નથી. એ અર્થમાં એ 'કોઈની' પણ માલિકીનો નથી. અને (૨) પૈસો હંમેશાં ઉપયોગમાં આવતો રહે છે, એ ફરતો જ રહે છે એ એનું લક્ષણ છે. લક્ષ્મીની ગતિ ત્રણ પ્રકારે થાય છે : (૧) દાન (૨) ભોગ અને (૩) નાશ. આથી, પૈસો દાનમાં વપરાય તો એની ઉત્તમ ગતિ છે. શ્રીમોટાએ પૈસાથી સુખ-સગવડ ભોગવવાની ક્યારેય મનાઈ ફરમાવી નથી. તેઓશ્રી કહે છે કે 'લક્ષ્મીથી તમે સુખ, સરળતા અને શાંતિ પ્રાપ્ત કરીને એનો ઉપયોગ પ્રભુચિંતવન માટે કરો, એ પૈસા વાપરવાની સાચી રીત છે.' પણ માત્ર વૈભવ-વિલાસના ગંદા પ્રદર્શનમાં વેડફાતી લક્ષ્મી અંતે દુઃખ અને વિષાદ આપનારી જ બનવાની છે. આથી, જ્ઞાનપૂર્વકનો પ્રમાણસરનો ભોગ થવા સાથે વિશેષ તો એનો સમષ્ટિ માટે ઉપયોગ થાય એ લક્ષ્મીની બીજા પ્રકારની ગતિ છે. આટલું ન થાય તો પછી લક્ષ્મી સંઘરનારનો નાશ કરીને વહી જાય છે.

એવી લક્ષ્મી કાલિકા-ચંડીરૂપે કાર્ય કરે છે.

શ્રીમોટાએ કાળલક્ષણને પ્રમાણીને જણાવ્યું છે કે 'લક્ષ્મી કલમને ગોદે ચાલી જવાની છે.' આ હકીકત અનેક રીતે સિદ્ધ થતી આપણે અનુભવીએ છીએ. જુદા જુદા પ્રકારના સરકારી વેરાથી લક્ષ્મી ખેંચાઈ રહી છે. બીજું બેકાબૂ ફુગાવાને લીધે પૈસાનું મૂલ્ય ધોવાઈ ગયું છે. એ અર્થમાં પણ લક્ષ્મી જવા માંડી છે. લક્ષ્મીની-નાણાંની આવી ગતિ શક્તિ પ્રેરનારી નથી. આથી, આપણે સૌ પૈસાની છોળો વચ્ચે પણ અશાંતિ, ભય, અનિદ્રા, તનાવ, ક્લેશ, વેરઝેર અને જીવલેણ રોગોની પકડમાં આવી ગયા છીએ. સૂવા માટેનાં આરામદાયક સાધનો હોવા છતાંય ઊંઘવા માટે દવા લેવી પડે છે ! ઘણી જ સગવડવાળી મોટી ગાડીમાં એના માલિકને ઊંચકીને બેસાડવા પડે એવા ઘણા દાખલા છે ! પોતાના ઘરના રસોડે- અનેક વાનગી રંધાતી હોવા છતાં, મગનું પાણી અને ખાખરા સિવાય કશું ખાઈ શકાતું ન હોય ! - આવી સ્થિતિમાં જીવનારે પોતાની પાસેની લક્ષ્મીનો એમણે કરેલો ઉપભોગ તથા એનું પરિણામ સમજવું જોઈએ.

લક્ષ્મીથી નીપજતી આવી દુર્ગતિમાંથી ઊગરવાનો સંકેત 'લોકકલ્યાણ' માટે પોતે પ્રગટાવેલ આ મહાયજ્ઞના પુરોહિતે આપણને આપ્યો છે.

શ્રીમોટાએ પ્રગટાવેલ 'મહાયજ્ઞ'માં પ્રગટ આહુતિનું દેખીતું 'દ્રવ્ય' પૈસો છે, પરંતુ એ દ્વારા સૂક્ષ્મ પ્રકારની આધ્યાત્મિક પ્રયોગાત્મક ક્રિયા સિદ્ધ થઈ રહી છે. પૈસા પ્રત્યેનો આપણો મોહ તેઓશ્રીએ ઓળખાવ્યો. શ્રીમોટાએ **'મોહ'**ની સમજૂતી આપતું પુસ્તક લખ્યું છે. એમણે દર્શાવ્યું કે આપણાં મન, બુદ્ધિ, ચિત્ત જેમાં ચોંટેલાં જ રહે એ મોહ. એમાં જ આપણા પ્રાણ વેગીલા બની રહે અને પૈસાની પ્રાપ્તિથી આપણો અહંકાર ફૂલ્યો ન

સમાય ! શ્રીમોટા જ્યારે આપણી પાસે પૈસા માગતા ત્યારે પૈસા પ્રત્યેનાં આપણાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણ કેવાં જાગૃત થતાં એ આપણે જાણીએ છીએ. શ્રીમોટાએ આવા 'દ્રવ્ય'ની આહુતિ મારફત આંતરિક મોહની સમર્પણવિધિ કરાવી છે.

સામી બાજુએ આ મહાયજ્ઞમાં આપણાથી અપાતી આહુતિ દ્વારા સૂક્ષ્મ આધ્યાત્મિક સંસ્કારો આપણા ચિત્તમાં પ્રવેશે છે. શ્રીમોટા જ્યારે દક્ષિણા માગે છે અને આપણાથી એ અપાય છે- એ પ્રક્રિયામાં 'અનુભવી પુરુષ'નું આજ્ઞાપાલન આપણાથી અજ્ઞાત રીતે થાય છે. આવા આજ્ઞાપાલનને લીધે આપણે કૃપાપાત્ર બનીએ છીએ. બીજું, આપણે દક્ષિણામાં પૈસા આપીએ છીએ. આથી, આપણો 'જીવ' પૈસામાં હોવાથી, આપણો 'જીવ' આપોઆપ એ પુરોહિતમાં ચોંટે છે. 'મોટા'નું સ્મરણ આપોઆપ રહ્યાં કરે છે. વળી, દક્ષિણા માગવાની તેઓશ્રીની લાક્ષણિકતાઓથી એ વિશેષ ને વિશેષ આપણાં મનહૃદયમાં યાદ આવ્યા કરે છે. આવા સ્મરણનાં પરિણામે આપણાં અંતઃકરણોમાં તેઓશ્રીમાં જે 'ચેતન' પ્રગટ થયું છે, એ ચેતનના સંસ્કાર આપણા ચિત્તમાં ઊંડાં ઊતરે છે. આ સૂક્ષ્મ પ્રક્રિયા પ્રત્યે આપણે સભાન હોતા નથી. આથી, એ સંસ્કારોનાં કાર્યની આપણને સમજ પડતી નથી, પરંતુ નિયમ પ્રમાણે સંસ્કારો જાગૃત થતાં આપણાં અંતઃકરણોની ગતિ ચેતન પ્રત્યે જ થવાની છે એ નિશ્ચિત છે. એ રીતે શ્રીમોટાએ પ્રેરેલ આ મહાયજ્ઞ દ્વારા આપણામાં ક્યારેક તો ઈશ્વરાભિમુખતા, પ્રભુપરાયણતા (જે સંજ્ઞા આપીએ તે) સિદ્ધ થવાની છે. આ આધ્યાત્મિક વિજ્ઞાનની અતિસૂક્ષ્મ હકીકત છે.

આપણે સૌ અનુભવીએ છીએ કે આપણાં અંતઃકરણો પૈસાને કેવાં ચોંટ્યાં છે. એને લીધે કુટુંબના ગાઢ સ્નેહસંબંધો પણ વણસી જાય છે. કુટુંબો છિન્નભિન્ન થઈ જાય છે. ક્લેશ,

ઝઘડા અને ઉત્પાત મચી જાય છે. શ્રીમોટાએ પોતાના સમગ્ર જીવનકાળ દરમિયાન ક્યારેય પૈસાનો મોહ અનુભવ્યો નથી. એ અર્થમાં 'ગરીબી'ને પોતાના જીવનના શણગાર તરીકે ઓળખાવતા હતા.

એક કરોડ રૂપિયા વ્યક્તિઓ પાસેથી મેળવીને એટલી જ રકમ 'લોકકલ્યાણનાં કામ' માટે નિયોજી શકાઈ. એક દિવસે એ વાતનું સ્મરણ કરતાં ગદ્‌ગદ બનીને મને કહ્યું હતું, 'મારા જેવા ગરીબ માણસે જિંદગીમાં એક રૂપિયો દીઠેલો નહિ. એની પાસે કરોડ રૂપિયા થવા છતાંય એક પાઈ પણ અંગત લેવાની ઈચ્છા નથી થઈ. માયાદેવીની મારા ઉપર એવી કૃપા છે !'.

શ્રીમોટાએ આપણી પૈસા ઉપરની પકડને ઢીલી પાડવાનો મોટો ઉપકાર કર્યો છે.

* * *

શ્રીમોટાએ 'લોકકલ્યાણનાં કામ' દ્વારા પૈસા પ્રત્યેનો આપણો મોહ ઓછો કર્યો છે એટલું જ નહિ, પરંતુ આપણાં સમગ્ર અંતઃકરણો તથા બાહ્યકરણો પણ તેઓશ્રી પ્રેરિત આ મહાયજ્ઞમાં હોમાયાં છે.

આપણાં બાહ્યકરણો - હાથ, પગ, આંખ, કાન, નાક આદિ દ્વારા પ્રભુની શક્તિ વ્યક્ત થતી આપણને અનુભવાવી છે. જે કામ આપણાથી ભાગ્યે જ બને એવું કામ આપણી પાસે કરાવ્યું છે. એવું કામ થઈ શક્યું છે. એમાં તેઓશ્રીએ તો ભગવાનનાં જ વિરાટરૂપનાં દર્શન કર્યાં છે. શ્રીમોટાએ પોતાને મળેલા સંબંધોનો ઉપયોગ પોતાનાથી પ્રેરાયેલાં કર્મો ફળાવવા માટે કર્યો છે. એ વખતે તેઓશ્રી પ્રેરિત કર્મોમાં સહભાગી થવા આપણામાં

જે ઉત્સાહ-ઉમળકો હતા, એ પ્રભુશક્તિનાં લક્ષણો હતાં. આથી, તેઓશ્રીએ ગાયું છે કે,

*'મળ્યા સંબંધ સૌ જે જે, ફળવવા કર્મ શાં શાં તે!*
*કૃપાથી સાથ શો દઈને પૂરું જે તે કરાવ્યું છે. !'*

આમાં પ્રભુની કૃપાનો જ સાથ સૂચવાયો છે, પણ શ્રીમોટાએ એ કૃપાશક્તિને આપણા માધ્યમથી વ્યક્ત થતી વર્ણવી છે.

*'જીવનમાં એકલે હાથે થઈ જે ના શકે, તે તે-*
*મળેલાંયે કૃપા કરીને મદદ કરી, શાં ફળાવ્યાં છે.!'*

આમાં પોતાના હાથને 'એકલે હાથે' એમ કહ્યું છે અને પછી તરત જ મળેલાંએ 'કૃપા કરીને' મદદ કર્યાની વાત કહી છે. એ સૂચવે છે કે જે સૌ કોઈ આપણે મળેલાંએ શ્રીમોટાને મદદ કરી એવો સાદો અર્થ થાય, પરંતુ એથી આપણે ગરવાઈ જઈએ નહિ, તેથી પછીની પંક્તિઓમાં ઉપરની આ ચારેય પંક્તિઓના રહસ્ય પડદાને ખૂબીથી હઠાવ્યો છે.

*'હૃદય તેથી કહ્યો તુજને, 'હજારો હાથવાળો છે !'*
*અનુભવ શો જીવન મુજને પ્રભુ એવો કરાવ્યો છે !'*

('જીવનઅનુભવગીત' - પૃ.૪૪૩)

'પુરુષસૂક્ત'માં પરમ પુરુષ પરમાત્માનું વર્ણન આવે છે. એમાં 'હજારો' શીર્ષ, આંખો, હસ્ત આદિની વિગતો રજૂ કરાઈ છે. આ બધું તો પ્રતીકાત્મક છે, કેમ કે પરમ પુરુષ તો અનુભવથી પ્રમાણિત છે. એ આંખથી દેખાય એમ નથી, પરંતુ આ બે પંક્તિઓમાં આવા પ્રતીકનો અર્થ શ્રીમોટાએ રહસ્યમયતા સાચવીને રજૂ કર્યો છે. 'હજારો હાથવાળો પ્રભુ' - એનો અર્થ માત્ર 'હાથ' 'પગ' ગણવાના નથી, પરંતુ પ્રભુની અનંતગણી શક્તિનાં સંકેતો સમજવાનાં છે. શ્રીમોટાએ આગળની કડીમાં કહ્યું કે મારા 'એકલે હાથે' આ કામ ન થાત - એમાં 'એકલે હાથે

ન થાત' એવો ઉપલક અર્થ સમજવાનો નથી, પરંતુ પ્રભુ-આત્માનુભવી કોઈ પણ કામનું કર્તાપદ ધારણ કરતા જ નથી. એનામાં પ્રગટેલું સામર્થ્ય આપણા બધામાં રહેલી પ્રભુશક્તિને જાગૃત કરે છે. આથી, આપણી ઇચ્છા કે આપણા સંકલ્પના બળ વિના આપણાથી 'આપોઆપ' શ્રીમોટા પ્રેરિત લોકકલ્યાણનાં કામ માટે જોડાવાનું બન્યું છે. આપણે આવી ભાગવતી શક્તિના વાહક બનીએ છીએ એટલો આપણા જીવનનાં કર્મયજ્ઞનો અત્યંત મહત્ત્વનો કાળ બની રહે છે.

શ્રીમોટાના 'એકલે હાથે' આપણા સૌના 'હજારો હાથ'ને સ્પર્શ કરીને તેઓશ્રીના અનુભવને પ્રયોગાત્મક રીતે નજરે નિહાળી શકાય એવો બનાવ્યો છે.

આ હકીકતનું પ્રમાણ તેઓશ્રી રચિત બીજા એક ભજનમાંથી મળી રહે છે.

શ્રીમોટાએ હરિના સામર્થ્યને આપણામાં જાગૃત કર્યું. ભલે આપણને ખબર ન પડી, પરંતુ હકીકતમાં એમ જ બન્યું છે. તેઓશ્રીની ચેતનાશક્તિ આપણામાં 'ભળી' ગયેલી હતી. અને એ શક્તિ દ્વારા આપણામાં હરિ પરત્વેનો જરા સરખો પણ રંગ લાગે એવો હેતુ હતો. શ્રીમોટાનું ખરું 'કાર્ય' તો આ જ હતું. આથી, તેઓશ્રીએ લખ્યું છે કે,

***'હરિનો રંગ જીવનમાં જરીક લાગી શકે માટે,***
***બધાંની સાથ ભળવાનું હરિએ તો રખાવ્યું છે.'***

આ પંક્તિને ઝીણવટથી વાંચતાં સ્પષ્ટ થાય છે કે શ્રીમોટા આપણી સાથે જે રીતે ભળતા હતા અને 'ભળે' છે - એ પ્રક્રિયા હરિથી થઈ રહી છે. શ્રીમોટા વ્યક્તરૂપે જાતે ક્યારેય કોઈ પણ ક્રિયાકર્તા હોતા જ નથી. એમના દ્વારા પ્રભુ જ બધું કરાવે છે.

તેઓશ્રી આપણામાં ભળેલા છે, પણ આપણે તો શ્રીમોટાને 'મળેલા' છીએ. આપણે શ્રીમોટાને શા માટે 'મળેલા' છીએ ? આપણામાં ભલે એ હેતુની જાગૃતિ ન હોય, પણ શ્રીમોટાને માટે તો તેઓશ્રીને 'હરિએ સોંપેલાં કામની 'ભાળ' માટે મળેલા' છીએ. 'પ્રભુનું કર્મ' એટલે કયું કર્મ ? પ્રભુએ સોંપેલું કામ એ કયું કામ ? આપણામાંથી રાગદ્વેષાદિ મોળા પડે એ પ્રભુનું કામ છે. એવા 'હરિકાર્યની ભાળ' લેવા માટે આપણે તેઓશ્રીને મળેલા છીએ ! પ્રભુનું એ કાર્ય બની રહે એવી કાળજી રાખવાનું આમાં સૂચવાયું છે. 'ભાળ લેવી' એટલે કાળજીથી સંભાળવું – સાચવવું એવો અર્થ થાય છે.

આથી, તેઓશ્રીએ લખ્યું છે કે,

***'હરિએ કામ સોંપ્યાં છે, જુદાં જુદાં સ્વજન તે તે-***
***પ્રભુ તુજ કર્મની ભાળે જીવનમાં શાં મળેલાં છે !'***

આપણા સૌની સાથેની ગૂઢ આધ્યાત્મિક પ્રક્રિયાને શ્રીમોટાએ આ બે પંક્તિઓમાં અદ્ભુત રીતે જણાવી દીધી છે !

આથી જ શ્રીમોટાએ આ હકીકતને વધારે ખુલ્લી રીતે સ્પષ્ટ કરતાં લખ્યું છે કે,

***'અમારે તો બધાં પાસે પ્રભુનું કામ લેવું છે,***
***અને તે હેતુને માટે અમોને સૌ મળેલાં છે. !'***

આપણે બધાં જે હેતુ માટે શ્રીમોટાને મળેલાં છીએ એ કામ ક્યારે ફળે એની સ્પૃહા તેઓશ્રીને હોય જ નહિ, કેમ કે તેઓશ્રીએ તો બધું જ હરિચરણે સોંપી જ દીધું છે. તેઓશ્રીએ લખ્યું છે કે,

***'થતું જે તે બધાં માટે કૃપાથી સૌ કરેલું છે,***
***કશું ફળવું, ન ફળવું તે હરિ હાથે રહેલું છે !'***

('જીવનઅનુભવગીત', પૃ. ૪૬૪)

શ્રીમોટા દ્વારા જે કંઈ થયા કરે છે એ શ્રીપ્રભુની કૃપાશક્તિથી

થાય છે. તેઓશ્રીમાં હરિ પૂર્ણરૂપે પ્રગટેલા છે. આથી, આ પ્રકારે લખે છે. છેલ્લી પંક્તિમાં 'હરિ-હાથે' રહેલું છે-એ શબ્દ અત્યંત માર્મિક છે. એને સમજવા માટે અગાઉના ભજનમાંના 'હજારો હાથવાળા' હરિરૂપનો સંકેત સ્મરણમાં રાખીએ તો તેઓશ્રીએ પ્રભુની કૃપાશક્તિથી આપણા બધાં માટે એને ફળવવાનું આપણા 'હાથ'માં રાખ્યું છે. તાત્પર્ય કે આપણા જાગૃતિપૂર્વકના સંકલ્પમાં અને એવા પ્રભુમય જીવનના સંકલ્પને આપણા જીવનમાં ચરિતાર્થ કરવા માટેના પુરુષાર્થમાં છે.

આ ઉપરથી એમ સમજી શકાય છે કે શ્રીમોટાએ 'લોકકલ્યાણનાં કામ' પ્રેરીને આપણામાં આધ્યાત્મિક જાગૃતિ આણવાનું અને એનો વિકાસ કરાવીને, હરિચરણે આપણા સમગ્ર પ્રાકૃતિક રૂપની આહુતિ આપીને પરમાત્માનો અખંડ આનંદ પ્રગટાવવાનું કર્યું છે.

આ માટે તેઓશ્રીથી કેવી પ્રક્રિયા થઈ રહી છે એનું અત્યંત આકર્ષક વર્ણન આ ગઝલમાં આવે છે.

## પ્રભુચરણમાં સ્વજનો

(ગઝલ)

*અમારે જે સંબંધો છે, કશા અંગત ન તે તે છે,*
*પ્રભુપ્રીત્યર્થનાં કર્મે અમારે હોમવે ખપ તે-*

*કૃપાથી કર્મનો યજ્ઞ અમે શો આદરેલો છે,*
*અને આહુતિ દેવાને બધાં જે તે મળેલાં છે.!*

*પ્રભુની મહેરબાનીથી જીવનને તે ફળવવાને,*
*નિમિત્ત સંજોગથી પોતે અમોને શાં મળેલાં છે!*

*મળ્યાં સંબંધી-સંગાથી ખરેખર વાપર્યા વિના -*
*રહી શકીએ કઈ રીતે ? બધાંને સંભળાવું ક્યાં ?*

*હૃદય પ્રવેશવા સાધન અમારે પ્રકૃતિ શી છે !*
*ચરણમાં વાળવાનો કો' અમારો હેતુ પ્રીછે છે ?*
*મળેલાં સાથ જીવનની અમારી પ્રીત પુરાણી છે,*
*હૃદયથી પ્રાર્થી, તે સૌને ચરણમાં હોમવાનાં છે !*

('જીવનઅનુભવગીત', પૃ. ૪૭૬)

શ્રીમોટાનો આપણી સાથેનો સંબંધ એટલે એમનામાં 'પ્રગટ થયેલા પરમાત્માની' આપણામાં અપ્રગટ બેઠેલા પરમાત્મા સાથેની એકરૂપતાવાળા જીવાત્મા સાથેનો સંબંધ. આથી, તેઓશ્રીના અનુભવથી એ અંગત નથી. તાત્પર્ય કે પરમાત્મા સ્વરૂપે એ સંબંધ નિષ્પક્ષ છે. આ સંબંધનો હેતુ આપણને સૌને હરિચરણમાં એટલે કે આપણા હૃદયની ગુહામાં પરમાત્મારૂપ આધારમાં આશ્રય આપવાનો છે, પરંતુ તેઓશ્રીના હેતુને ફળાવવામાં સહાયક બનવાને બદલે વિપરીત દિશામાં આપણી ગતિ છે. આથી, તેઓશ્રીએ પ્રભુકૃપાથી જે 'કર્મનો યજ્ઞ' આદર્યો એને 'પ્રભુપ્રીત્યર્થ'નું કર્મ ગણાવ્યું, કેમ કે એ કર્મની ભૂમિકામાં એની થતી રહેતી સળંગ ક્રિયામાં અને એને પરિણામ તરફ લઈ જવામાં કેવળ 'પ્રભુ' છે. આવા 'કર્મયજ્ઞ'માં તેઓશ્રી આપણા સૌની આહુતિ આપે છે. અહીં આપણા સૌની એટલે આપણી બધા જ પ્રકારની લૌકિકતાની અને આપણી તમામ પ્રકારની જીવદશાની.

શ્રીમોટામાં 'જીવન'ની અખંડતા - મતલબ કે ચેતનના ગુણધર્મો સતત સક્રિય બનેલાં છે. જે 'પોતા'ના છે એ સર્વમાં છે. આથી, તેઓશ્રી 'સર્વ' માં છે. પરંતુ સર્વમાં એ 'ચેતન' - એ 'જીવન' ફળે એ માટે આપણે સૌ શ્રીમોટાને મળેલા છીએ. આપણે શ્રીમોટાને કેવી રીતે મળ્યા છીએ ? 'નિમિત્ત સંજોગથી.'

શ્રીભગવાને ગીતામાં અર્જુનને કહેલું કે 'મારા અને તારા અનેક જન્મો થયા છે, એ તું જાણતો નથી, પણ મને એનું જ્ઞાન છે.' આ જ અર્થમાં આપણા અનેક જન્મોના શ્રીમોટાના પૂર્વજન્મના કોઈક પ્રકારના સંબંધ હશે જ. શ્રીમોટાએ જે અનુભવદશા પ્રાપ્ત કરી એથી આપણે તેઓશ્રીને 'નિમિત્ત સંજોગે' મળ્યાં. આપણે સૌ તેઓશ્રીનાં 'નિમિત્ત'છીએ. તેઓશ્રી 'અનુભવ'થી આપણી સાથે સંકળાયેલા હોવા છતાં સાક્ષીવત્ હોવાથી એ આપણાથી બંધાયેલા નથી. આપણી સાથે તેઓશ્રી ચેતનરૂપે-ચેતનાશક્તિથી તદ્રૂપ હોવા છતાં સમગ્ર પ્રક્રિયાના સાક્ષી પણ છે. આથી, 'નિમિત્ત સંજોગે' આપણે તેઓશ્રીને મળ્યાં એનું આપણા માટે આશ્ચર્ય છે અને તેઓશ્રીની આ ગૂઢ વાત પૂરેપૂરી વ્યક્ત થઈ શકી નથી એની રહસ્યમયતા પણ છે. આથી, આપણે શ્રીમોટાને મળ્યાં એ હકીકતને 'અમોને શાં મળેલાં છે !' એવું વિસ્મય વ્યક્ત કર્યું છે. આપણને સૌને યાદ રહે કે રહસ્યપૂર્ણ- ગૂઢ હોવું એ પણ ચેતન કે પ્રભુનું લક્ષણ છે.

આમ, આપણે તેઓશ્રી સાથે સંબંધમાં આવ્યા - એથી 'સંબંધી' બન્યા અને તેઓશ્રી આપણી સાથે જ રહેવા લાગ્યા એટલે 'સંગાથી' બન્યા. તેઓશ્રીએ પ્રેરેલ કર્મયજ્ઞમાં આપણને એમના સંગાથી બનાવ્યાં  આથી, આપણને એ વાપર્યા વિના કેવી રીતે રહી શકે ? આપણને ઉપયોગમાં લેવાની-વાપરવાની તેઓશ્રીની રીત તદ્દન ખુલ્લી કરી નથી. આથી, લખે છે કે 'બધાંને સંભળાવું ક્યાં ?' તેઓશ્રીની આવી ગૂઢ પ્રક્રિયા કોણ સાંભળશે ? આમ છતાં એ તો પરમ પ્રેમી છે. શ્રીમોટાનો આપણા પ્રત્યે અપાર અસીમ પ્રેમ છે અને એ વહ્યે જ જાય છે. આપણું હૃદય અનેક પ્રકારનાં મોહ, માયા, મમતા, રાગ અને લાગણીથી સભર છે. આ બધાં આવરણો આપણે સમર્પિત કરી શકતાં નથી. આપણા

હૃદયના આવા સંસારીભાવો આપણી પ્રકૃતિ-સ્વભાવથી-વ્યક્ત થયા કરે છે. આથી, શ્રીમોટાએ આપણી પ્રકૃતિના વ્યક્ત ગુણને 'પોતા'નું પ્રવેશદ્વાર બનાવ્યું. આપણા 'હૃદય'માં તેઓશ્રીએ ચેતનરૂપે પ્રવેશ કર્યો અને આપણા હૃદયમાં એવો અકળભાવ જગવ્યો કે આપણે 'આપોઆપ' તેઓશ્રી પ્રેરિત કર્મયજ્ઞની 'આહુતિ' રૂપ બની રહ્યા. શ્રીમોટાનો 'અનુભવ' કેવી કક્ષાએ હતો એની કલ્પના કે અનુમાન આપણાથી થાય નહિ, પરંતુ આપણા સૌના જે આરાધ્ય છે - ઉપાસ્ય છે અને જે અનેકરૂપે આપણા સદાના 'સંગાથી' છે, એમણે પોતાના દેહરૂપમાં કેવો અપૂર્વ અવતાર સિદ્ધ કરેલો એ સમજવાનો પણ આનંદ છે. પ્રકૃતિના ગુણોથી 'પર' થવું - ત્રિગુણાતીત થવું એ એક અવસ્થા છે. પરમાત્માનું જ એ સામર્થ્ય છે. આથી, આગળ પોતાની પ્રકૃતિના સ્વામી હોવાનો અનુભવ રહ્યા કરવો એ છે, પરંતુ પોતાની સાથેના - પોતાના અનેક પૂર્વજન્મોમાં સંકળાયેલા અને આ જન્મમાં 'મળેલાં'ની પ્રકૃતિને માધ્યમ બનાવી અસંખ્ય 'નિમિત્તો'નાં હૃદયમાં પ્રવેશીને 'પ્રભુભાવ' જાગૃત કરાવી દેવો એ કેટલું અપૂર્વ - અનુપમ છે - એનું તો આપણે અચરજ અનુભવીએ ! આટલું જાણ્યાથી જો અહોભાવ જાગે તો આપણું દિલ એમનામાં રહે ! આપણા સૌનાં હૃદયમાં પ્રવેશીને - એ જ આધારમાં વાળવાનો તેઓશ્રીના સંબંધના તથા તેઓશ્રી પ્રેરિત કર્મયજ્ઞમાં હોમવાના હેતુની કોને પિછાણ છે ? એમ તેઓશ્રીએ પૂછ્યું છે. સંસ્કૃત કાવ્યશાસ્ત્રની ભાષામાં શ્રીમોટાના આ પ્રશ્ન દ્વારા કાકૂથી વ્યંજના કરાઈ છે એમ કહેવાય. આથી, એનો બીજી રીતે અર્થ કરવાનું મને સૂઝ્યું છે. શ્રીમોટાએ આ પંક્તિમાં 'કો' એમ લખ્યું છે એટલે મને એ એક અક્ષરના શબ્દમાં 'કો'ક' વંચાયું છે. અને પંક્તિને અંતે આવતા પ્રશ્નાર્થ ચિહ્નને દૂર કરતાં

એવો અર્થ કરું છું કે 'પ્રકૃતિ દ્વારા હૃદયમાં પ્રવેશ કરીને હરિચરણમાં વાળવાનો અમારો હેતુ કો'ક પ્રીછે છે !' એ 'કો'ક' શબ્દમાં આપણે બધાં જ આવીએ. આપણે આવા 'કો'ક' બની રહીએ. પરાણે તાણીતૂંસીને આવો અર્થ કાઢ્યો નથી. પરંતુ આપણી સાથે તેઓશ્રીના 'જીવન'ની પુરાણી પ્રીત છે. એટલે ઘણા લાંબા કાળની પ્રીત છે.-બહુ જન્મોની પ્રીત છે. આ પ્રીતની શક્તિ જ આવા અર્થની ઝાંખી આપી શકે.

તેઓશ્રી આપણને સૌને 'ચરણ'માં હોમી રહ્યાં છે. અને આ 'હોમાત્મક વિધિ' પરમાત્મારૂપ હૃદયમાં પ્રાર્થના સાથે થઈ રહી છે. આથી, શ્રીમોટાની ચેતનાશક્તિ આપણાં અંતઃકરણોમાં આવું કાર્ય કરી રહી છે, એની આપણને ખબર પણ પડતી નથી !

આ રીતે તેઓશ્રીએ આદરેલ 'કર્મયજ્ઞ'માં આપણું સર્વ 'સ્વ' – હોમાય એમાં માત્ર આપણે સ્પર્શ જ કરવાનો છે. 'એ સ્પર્શ એટલે જાગૃતિ. 'જાગૃતિ' પણ તેઓશ્રીની શક્તિથી જ અનુભવાય છે. આ યજ્ઞની જ્વાળાને આપણા જીવદશાનાં દ્રવ્યોથી પ્રજ્વલિત રાખવાની છે. આપણા વ્યવહારમાં આવતી જાગૃતિથી આવો હોમાત્મક યજ્ઞ ચાલુ જ રહેવાનો છે. પુરોહિતપદે શ્રીમોટા છે, કેમ કે શ્રીમોટા સ્થૂળ કે સાકારરૂપે નથી. એ તો ચેતનરૂપે છે. 'એ' સર્વમાં અને સર્વત્ર છે. આપણે એમના આવા રૂપનાં 'હોવાપણા' પ્રત્યે માત્ર સભાન જ થવાનું છે અને સભાન રહેવાનું છે.

॥ હરિઃૐ ॥

# ખંડ-૩

## પૂર્તિ

### (૧) હરિઃૐ આશ્રમ : વહીવટમાં મૌલિકતા.

હરિઃૐ આશ્રમ હાલ નડિયાદ અને સુરતમાં હયાતી ધરાવે છે. એનો વહીવટ-વ્યવહાર પ્રભુની ચેતનાશક્તિનાં લક્ષણ પ્રગટ કરે એ રીતે યોજાયો છે. એમાં અનેક પ્રકારની વિશેષતા છે અને વિલક્ષણતા છે.

બધાં જ જાણે છે કે આ આશ્રમો શ્રીમોટાએ સ્થાપ્યા છે. મૌનએકાંતની સાધનાપદ્ધતિમાં તેઓશ્રીના અનુભવમાંથી પ્રગટેલી ચેતનાશક્તિ કાર્યરત છે. છતાં શ્રીમોટા, આશ્રમના સ્થાપક કે પ્રણેતા તરીકે નામરૂપે ક્યાંય વરતાતા નથી. શ્રીમોટા, આશ્રમના ટ્રસ્ટીમંડળના કોઈ પણ હોદ્દેદાર નથી. આ પદ્ધતિ નમ્રતાના દેખાવ ખાતર નથી કે એક આદર્શને રજૂ કરવાના હેતુથી પણ નથી, પરંતુ શ્રીમોટા અનુભવરૂપે પરમાત્મા છે. આથી, એ નામરૂપે નથી. તેઓશ્રી સર્વાત્મરૂપે સૂક્ષ્મ છે. તેઓશ્રી સૂક્ષ્મરૂપે આશ્રમના વહીવટી માળખાના મૂળમાં હોવાથી પ્રગટ થવાની જરૂર નથી. આથી, શ્રીમોટાએ પોતાને આશ્રમના 'અધિષ્ઠાતા' કહ્યા છે. 'અધિષ્ઠાતા' શબ્દ 'અધિષ્ઠાન' સાથે સંકળાયેલો છે. 'અધિષ્ઠાન' એટલે 'આધાર'. આ અર્થમાં શ્રીમોટા, આશ્રમના આધાર છે. બધાંનો આધાર 'પોતે' હોવાથી તેઓશ્રીને કોઈ હોદ્દા ઉપર રહેવાની શી જરૂર ? જે સ્વયં પરમ સત્તારૂપે છે એને બીજા પદની જરૂર શી ?

શ્રીમોટા, હરિઃૐ આશ્રમના 'અધિષ્ઠાતા' - આધારરૂપ છે. તો આશ્રમના વહીવટમાં સંકળાયેલાં સૌ કોઈ, એ 'અધિષ્ઠાતા'ના

'સેવકો' છે. ટ્રસ્ટીમંડળના સભ્યો, વ્યવસ્થાપક ટ્રસ્ટી કે પ્રમુખ એ તો વહીવટ પૂરતી હોદ્દાની સંજ્ઞાઓ છે. તા. ૧૯મી જુલાઈ, ૧૯૭૬ના પત્રમાં શ્રીમોટાએ પોતાની સાથે રહેલાઓને 'સેવકો' તરીકે ઓળખાવેલા છે. પ્રમુખ કે મૅનેજિંગ ટ્રસ્ટી કે બીજા કોઈ પણ હોદ્દા કરતાં વધુ ચડિયાતું પદ 'સેવક'નું છે. 'સેવક' શબ્દનો અર્થ 'સેવા કરનાર' થાય છે. 'સેવા કરવી'નો અર્થ સૂક્ષ્મ છે. 'સેવા-પૂજા'નો સંબંધ પ્રભુ સાથે છે. 'સેવા' શબ્દનું મૂળ 'સેવવું' ક્રિયાપદમાં છે. 'સેવવાની ક્રિયા' પંખી સૃષ્ટિમાં જ થાય છે. જેવી રીતે પંખી તલ્લીન બનીને ઈંડું સેવે છે એવી રીતે 'સેવકે' પોતાને મળેલાં કર્મમાં તલ્લીન બની જવાનું છે. પંખીના ઈંડાંમાંથી પંખીનો જન્મ ન થાય ત્યાં લગી ઈંડું સેવાય છે. એ જ રીતે 'સેવકે' પોતાનામાંથી ચેતનાશક્તિ પ્રેરાય એવી ભાવનાથી મળેલું કર્મ સેવવાનું છે. આવી ભાવનાથી થતા રહેતાં કર્મનું કોચલું સમય સંજોગે ફૂટશે. અને એક નવું 'જીવન' આપણા પોતાનામાંથી જન્મશે ત્યારે 'સેવક'ના અંતરના ઊંડાણમાં રહેલો 'અધિષ્ઠાતા'-આધારરૂપ પોતાના વિસ્તાર અને વિવિધતાનાં દર્શન કરાવશે.

આવા અધિષ્ઠાતાના સેવકોનો આદર્શ પંખી જેવો - એટલે કે આકાશની ભૂમિકાવાળા બનવાનો છે. આવો આદર્શ ફળે ત્યારે જ શ્રીમોટાનો આશ્રમ 'પ્રભુકૃપાથી શોભશે' એમ જણાવ્યું છે. હરિઃૐ આશ્રમના તંત્રમાં શ્રીમોટાની મંત્રશક્તિ છે, કારણ કે આ તેઓશ્રીના શબ્દો છે. એ શબ્દો મંત્રશક્તિ ધરાવે છે.

એનું લક્ષ રાખતાં રાખતાં બુદ્ધિમાંથી જે પ્રકાશ ઝબકે અને શ્રીમોટાના આશ્રમનો હેતુ ફલિત કરવા સક્રિય થવાય એ આશ્રમની ભાવનાના વિસ્તારનું લક્ષણ છે. આ પ્રકારના સેવકોની એક હરોળ આશ્રમના તંત્રમાં સક્રિય છે.

બીજી હરોળના સેવકો - ઠરાવેલાં કાર્યોનો અમલ કરનાર સૈનિકો છે. આશ્રમની આસપાસનાં ગામોમાંથી જરૂર જેટલી સંખ્યામાં યુવાનોને સવેતન કામ કરવા નિયુક્ત કરાય છે, પરંતુ આ બધાં વચ્ચે શેઠ-નોકરનો ભાવ ન રખાતાં બધાં જ આશ્રમનાં કાર્યોના અંગરૂપ છે એમ માની કામ થાય છે. શ્રીમોટાએ કહ્યું છે કે કર્મમાં ક્રિયાનું મહત્ત્વ નથી, પરંતુ કર્મ વખતે આપણા મનમાં કેવો ભાવ રહે છે એ ભાવનું મહત્ત્વ છે, એવો 'ભાવ' જ કર્મમાંથી મુક્તિ અપાવીને પરસ્પરની 'એકતા'નો અનુભવ કરાવે છે. આમ છતાં પ્રકૃતિ અને સ્વભાવના બળ પ્રત્યે અસાવધ રહેવાતાં ઘર્ષણ, અથડામણ કે મતભેદ ઊભો થાય તો દરેકે પોતાના જ સ્વભાવનો દોષ શોધીને અંતરમાં જ ક્ષમાભાવના ધારીને માનસિક હાર્દિક ઉદારતા કેળવી 'એક'રાગે સેવા કરવાની રહે છે.

શ્રીમોટાએ દેશસેવાના ક્ષેત્રમાં કામ કર્યું હતું. તેઓશ્રીનો અનુભવ હતો કે 'સેવા'ની મૂળ ભાવના સતત ટકતી નથી. આથી, રાગદ્વેષ તો પ્રગટવાના જ. વહેવારમાં, વહીવટમાં ઓછામાં ઓછા રાગદ્વેષ પ્રગટે એવી તેઓશ્રીએ ગોઠવણ કરી. કામ સિવાય એક પણ વધારે માણસ આશ્રમમાં રહે જ નહિ એવું માળખું ગોઠવ્યું. દરેક જણ આખો દિવસ જુદા જુદા પ્રકારનાં કામમાં રોકાયેલો રહે. આથી, અથડામણ ટળે. બે વખતના ભોજન સમયે તથા સાપ્તાહિક પ્રાર્થના વખતે બધાં જ સાથે બેસે.

મૌનમંદિરમાં બેઠેલ સાધકની સેવા એ આશ્રમનું મુખ્ય કાર્ય છે. સવારે ચાર વાગ્યાથી રાતના આઠ વાગ્યા સુધી દરેક પ્રકારની જરૂરિયાત સમયસર પૂરી પાડવાનું કામ સૌ સેવકો કરે છે.

આશ્રમનું મહત્ત્વનું ઘટક રસોડું છે. વહેલી સવારે પાંચ

વાગ્યે તથા બપોરે બે વાગ્યે ચા-કૉફી-ઉકાળો (જરૂર પ્રમાણે) પહોંચાડાય. સવારે દસ વાગ્યે અને સાંજે પાંચ વાગ્યે સાદું ભોજન પહોંચાડાય. ભોજનમાં દાળ-ભાત, ઘી ચોપડ્યા વિનાની ભાખરી, એક શાક હોય અને સાંજે હાંડવો, ભાખરી-શાક અથવા ક્યારેક ખીચડી, ઢોકળી, રોટલા વગેરે રંધાય છે. પહેલી થાળી મૌનમંદિરમાં મોકલ્યા બાદ બહાર રહેલા સેવકો એક પંક્તિમાં બેસી જમે છે. આ પદ્ધતિનો હેતુ સમભાવ કેળવવાનો છે. શ્રીમોટા જ્યારે પણ આશ્રમમાં હાજર હોય ત્યારે તેઓશ્રી ભોજન લેવા બધાંની સાથે જ બેસે. ભોજનનો આરંભ કરતાં પહેલાં 'ૐ સહ નાવવતુ' પ્રાર્થના સમૂહમાં બોલાય. આ પ્રાર્થનામાં ગુરુ-શિષ્યના સંબંધથી આંતરિક વિકાસ સધાય એ માટેની પ્રભુને પ્રાર્થના છે. આ પ્રકારની પ્રાર્થના જમતી વેળા કરાય છે. એમાં મને અસંગતતા લાગ્યા કરતી હતી, કેમ કે આ પ્રાર્થનામાં ક્રિયાપદ દ્વિવચનમાં છે. જો ગુરુ-શિષ્ય બે એકલા જ હોય તો આ પ્રાર્થના યોગ્ય ગણાય. સમૂહની આ પ્રાર્થના કેવી રીતે બની ? આ પ્રશ્ન મેં ઘણાંને પૂછેલો, પણ કોઈનો ઉત્તર સંતોષકારક ન હતો. મેં શ્રીમોટાને એક વખત પૂછ્યું, 'આ પ્રાર્થનામાં તો માત્ર ગુરુ-શિષ્યની-બે જણની જ-પ્રાર્થના છે તો સમૂહ પ્રાર્થના શા માટે ? વળી, એને ભોજન સમય સાથે શો સંબંધ છે ?'

શ્રીમોટાએ મને પ્રેમથી સમજાવેલું ત્યારથી મને સંપૂર્ણ સમાધાન થયેલું. ગુરુ એમના બધા જ શિષ્યો સાથે આત્મભાવે એકરૂપે છે, પરંતુ શિષ્યનો પોતાના ગુરુ સાથેનો સંબંધ દ્વૈતભાવનો છે. પ્રત્યેક શિષ્ય પોતપોતાની કક્ષા પ્રમાણે ગુરુ સાથેના ભાવ-સંબંધમાં હોય છે. આથી, પ્રત્યેક શિષ્યની પ્રાર્થનામાં ગુરુ સામેલ હોવાથી એમાં દ્વિવચન હોઈ શકે. 'ૐ સહ નાવવતુ'ની પ્રાર્થનામાં એમ આવે છે કે 'મા વિદ્વિષાવહૈ' - 'અમે એકબીજાનો દ્વેષ ન

કરીએ' - આપણને પ્રશ્ન થાય કે ગુરુ-શિષ્ય વચ્ચે દ્વેષભાવ જન્મી શકે ? આ પણ શક્ય છે. આ દ્વેષ સૂક્ષ્મ અને ઉચ્ચ ભૂમિકાનો હોય છે. શિષ્યમાં ગુરુ પ્રત્યે તેજોદ્વેષ પ્રગટી શકે. વળી, અન્ય શિષ્યો સાથેના ગુરુના વ્યવહારનું હાર્દ ન સમજાયાથી પણ દ્વેષ - અસૂયા જન્મી શકે. ગુરુ પૂર્ણ પરમાત્માના નિરંતર અનુભવમાં આવીને પૂર્ણ સાક્ષિત્વની સ્થિતિમાં ન હોય તો ઝડપથી પ્રગતિ કરી રહેલા શિષ્ય પ્રત્યે સૂક્ષ્મ માલિકીભાવ જાગે છે. શ્રીમોટા, હિમાલયના અઘોરીબાબા પાસે ગયેલા ત્યારે બાબાને શ્રીમોટા પ્રત્યે આવો ભાવ જાગેલો.

આ પ્રાર્થના ભોજન સમયે કરાવાય એનું તાત્પર્ય એ કે ભોજન દરમિયાન દરેક જણ ષડ્રસમાં તલ્લીન અને એકતાન હોય છે. બાજુમાં બેસી જમનાર તરફ પણ એનું ધ્યાન જતું નથી. આવી એકાગ્રતાની ક્ષણોમાં ગુરુભાવને શિષ્યનાં કરણોમાં પ્રવેશીને એનું જે કંઈ થવું ઘટે એ યોગ્ય કરવાની સરળતા પ્રાપ્ત થાય છે.

આશ્રમમાં ભોજન વખતે થતી આ પ્રાર્થનાની સમજૂતી તર્કસંગત અને સમાધાનકારક છે.

હરિઃૐ આશ્રમમાં ભોજન સાદું પણ સ્વાદિષ્ટ બનાવાય છે. રસ એ પ્રભુનું રૂપ છે. ભોજન દ્વારા જે છ રસ અનુભવાય છે એ પાચનક્રિયામાં સહાયક બને છે. શ્રીમોટા કહેતા કે રસોઈ તો સ્વાદિષ્ટ હોવી જોઈએ. ભોજન પણ રસપૂર્વક પ્રસન્નતાથી થવું જોઈએ. રસપૂર્વક જમવાનું, પણ રસ ખાતર જમવાનું ન હોય. રસમાં લોલુપ થઈને વધારે પડતું ખાવું જીવનસાધક માટે અયોગ્ય છે. હરિઃૐ આશ્રમમાં રસોઈનો જરાય બગાડ ન થાય એટલા જ પ્રમાણમાં રસોઈ બનાવાય છે. તળેલું કે મિષ્ટાન્ન બનાવાતાં નથી. આમ છતાં બહારથી કોક મોકલાવે તો થોડું થોડું સરખે હિસ્સે વહેંચીને પ્રસાદરૂપે અપાય છે. આશ્રમમાં જમવાનું

તમસ પ્રેરનારું હોતું જ નથી.

સાદું ભોજન રંધાય એ પાછળનો શ્રીમોટાનો ખ્યાલ આધ્યાત્મિક સમતા પ્રગટાવવાનો હતો. આશ્રમના નિભાવ માટે સમાજનો જે વર્ગ સહાય કરતો એના ઘરના રસોડા સાથે આશ્રમના રસોડાનો મેળ બેસવો જોઈએ. આશ્રમને સમાજના મધ્યમ વર્ગના લોકો તરફથી સહાય મળ્યા કરે છે. એ વર્ગ તરફથી મળતી રકમનો યોગયોગ્ય ઉપયોગ થાય એ માટે રસોડામાં વાનગીઓ સાત્ત્વિક છતાં સાદી બનાવાય છે. બીજું, આધ્યાત્મિક વલણ એ છે કે આશ્રમમાં ભોજન સમયે આવનાર જમનારને જુએ તો એના મનમાં જરા પણ અન્યથા ભાવ ન જાગે. આશ્રમમાં અગાઉથી જાણ કર્યા વિના આવનારને જમાડવાની શક્યતા લગભગ નથી હોતી, કેમ કે પૂરેપૂરા માપનું રંધાય છે. હરિઃૐ આશ્રમમાં ભોજનના સમયે દરેક પ્રત્યે સમભાવ અને પરસ્પરમાં અભેદભાવ જળવાય છે. અહીં દાતાઓ વચ્ચે કક્ષાભેદ રખાતો જ નથી.

આશ્રમમાં કોઈ પણ વ્યક્તિ કામ વિના બેસી રહીને પ્રમાદ ન સેવે એ બહુ જરૂરી છે. આશ્રમની શરૂઆતના દિવસોમાં તો શ્રીમોટા જાતે સુરતથી નડિયાદ આવે ત્યારે શાકનું પોટલું ઊંચકીને આવતા. આશ્રમના રસોડામાં બેસીને શાક સમારતા. આશ્રમને સ્વચ્છ રાખવાની સતત કાળજી રખાય. એનાં ઝાડપાનની માવજત થયાં કરે. સુરત આશ્રમમાંનાં ફળાઉ વૃક્ષોની કાળજી રખાય. આશ્રમની ખાળોને સાફ કરવાથી માંડીને હિસાબો લખવા સુધીની કોઈ પણ કામગીરી ભક્તિભાવથી કરાય એનું મહત્ત્વ શ્રીમોટાએ સમજાવેલું. કામ કરવામાં ચોકસાઈ, સુઘડતા, નિષ્ઠા, અને એ કામને પાર ઉતારવાની ત્વરા રખાય એ જરૂરી છે, પરંતુ રઘવાટ કરીને કામ બગાડાય કે અધૂરું ન મુકાય. આ બધું

આધ્યાત્મિક જીવનઘડતર માટે પાયાની આવશ્યકતા છે એમ શ્રીમોટાએ પ્રમાણેલું. શ્રીમોટા કશું પણ યદ્વાતદ્વા ચલાવી લે જ નહિ. પોતાના નિકટવર્તી સાથે વજ્રથીય કઠોર બનીને એનું ઘડતર કરે. પુષ્પ કરતાં અધિક કોમળતાથી વહાલ કરીને એનું સંવર્ધન કરે અને એમના કહ્યામાં રહે તો બધી રીતે એનું સંરક્ષણ કરે. સમયપાલન પૂરેપૂરી જાગૃતિથી કરાય. શ્રીમોટા કહે કે કાળ ભગવાન છે. એની ઉપાસના વિના કશું જ સાધી ન શકાય. કર્મમાં ત્વરા અને પરિણામ માટે ધીરજ કેળવવાની ઘણી જરૂર છે. ક્યાંય જવા- આવવામાં મોડા પણ નહિ અને વહેલા પણ નહિ, સમયસર જ પહોંચવાનું. આથી, આશ્રમમાં ચોવીસ કલાક-રોજિંદાં કાર્ય સમય પ્રમાણે જ કરાય. ક્યારેક ભૂલ થાય તો એ કબૂલીને નમ્રભાવે ક્ષમા માગી લેવાય અને વધારે જાગૃત બનીને કામ કરાય. જે સમયની સાથે રહે છે એને સમય સાથ આપે છે. એ જીવનનું પાયાનું સત્ય છે. એથીય અધિક અને આધ્યાત્મિક જીવન પ્રત્યે અભિમુખ થાય છે, એને માટે તો આ હકીકત અનિવાર્ય સ્વીકાર્ય બને છે.

આશ્રમ નિભાવ માટે ચીજવસ્તુઓ જોઈએ. ઝાડુથી માંડીને વીજળીના બલ્બ, શાકભાજી, અનાજ, વાસણો, ફર્નિચર-સ્ટેશનરી વગેરે જે જે જરૂરી વસ્તુઓ આવી મળે એનાથી જ ચલાવી લેવાતું. જરૂરી વસ્તુઓ ભેટરૂપે આવતી. ચા, ખાંડ, અનાજ વગેરે આવતાં. આથી, આશ્રમના નિભાવના ખર્ચ માટે નાણાંની ઓછી જરૂર રહેતી. છતાં જે રકમ આવતી એનો ઉપયોગ સમાજકલ્યાણનાં કામમાં થતો.

શ્રીમોટાએ મૌનએકાંતમાં રહેનાર પાસેથી ખર્ચ માટેની રકમ લેવાનું સૂચવેલું છે. જપયજ્ઞનો એ યજમાન યજ્ઞ માટેનું ખર્ચ પોતે 'વહોરે' એમ તેઓશ્રીએ જણાવ્યું છે. એક સપ્તાહના યજ્ઞના

માત્ર રૂ. ૩૫/- લેવાય છે. આજે (૧૯૯૬) પણ ચોવીસ કલાક વીજળી-પાણીની પૂરતી સગવડવાળા મૌનએકાંતમાં રહેવા-જમવાના રોજના માત્ર પાંચ જ રૂપિયા લેવાય છે. આશ્રમના વહીવટની સાદાઈ અને કરકસર સામે આ વલણની કોઈ પણ અધ્યાત્મરસિક કદર કરી શકશે. તન, મન કે ધનથી આશ્રમની સેવા કરનાર સિવાય અગાઉથી જાણ કરીને આવનાર આશ્રમના રસોડે જમે તો એનાથી 'મફત' ન જમાય. શ્રીમોટા કશું જ 'મફત' ન અપાય કે કશું 'મફત' ન લેવાય એ વલણના આગ્રહી હતા, કેમ કે દુનિયાના વ્યવહારથી માંડીને આધ્યાત્મિક પ્રગતિમાં 'કશું' પણ અર્પણ કર્યા વિના 'કંઈ' પણ પ્રાપ્ત કરી શકાતું જ નથી એ પાયાનો સિદ્ધાંત છે. 'આપલે'ની નીતિનું પાલન થાય એ અનિવાર્ય છે.

આમ, આશ્રમના વ્યવહારમાં શ્રીમોટાએ આધ્યાત્મિક દૃષ્ટિની પ્રતિષ્ઠા કરેલી છે. માત્ર વાતોથી નહિ, પણ આપણા વર્તન વ્યવહારમાં આધ્યાત્મિકતા કેવી રીતે અવતારાય એનું પ્રત્યક્ષ દૃષ્ટાંત આશ્રમના વ્યવહાર - વહીવટ દ્વારા દર્શાવ્યું છે.

## (૨) હરિ:ૐ આશ્રમ પ્રેરિત...

હરિ:ૐ આશ્રમના અધિષ્ઠાતા-આધાર, વિસ્તાર અને વિવિધતાનાં લક્ષણોથી લાક્ષણિક રીતે વ્યક્ત થયા. ૧૯૬૧માં તેઓશ્રી આપણને સમજાવવા પૂરતું કહે છે કે 'મારા ગુરુમહારાજે આદેશ કર્યો કે તું હવે સમાજોત્થાનનાં કાર્યો કર. એક કરોડ રૂપિયાનાં કામ કર.' ત્યારે શ્રીમોટાએ પૈસા મેળવવાની મુશ્કેલી અને મળે તો આપનારને કેવી રીતે બદલો વાળી અપાશે એની મૂંઝવણ વ્યક્ત કરી. ત્યારે ગુરુમહારાજે કહ્યું, 'રૂપિયા તને મળી

રહેશે. અને એ રૂપિયાની મદદ આપનારને બદલો વાળી આપવાની જવાબદારી મારા માથે રાખું છું.'

શ્રીમોટાએ હરિઃૐ આશ્રમની સ્થાપના પહેલાં જે આદર્શનું દર્શન વ્યક્ત કરેલું એની પ્રયોગાત્મક સફળતા મૌનએકાંત ઓરડામાં થયે જાય છે, જ્યારે એનું વ્યાપક રૂપમાં રજૂ થતું લક્ષણ હરિઃૐ આશ્રમનાં કાર્યોથી સિદ્ધ થઈ રહ્યું છે. ૧૯૪૬નાં દર્શન પછી નવ વર્ષે (૧૯૫૫) એ આશ્રમરૂપે સાકાર થયું. અને આશ્રમની સ્થાપના પછીનાં છ વર્ષે (૧૯૬૧) 'મારે સમાજને બેઠો કરવો છે.' એવા ઉદ્‌ઘોષ દ્વારા વ્યાપક ચેતનાને જાગૃત કરીને એની સક્રિયતાનાં દર્શનનું વિજ્ઞાન પ્રગટ કરવાનું આરંભાયું. ૧૯૬૧થી ૧૯૭૬ લગી (દેહત્યાગ : તા.૨૩-૭-૧૯૭૬) સમાજ પાસેથી એક કરોડ રૂપિયા મળ્યા અને સમાજોત્થાનનાં કાર્યમાં મહાલક્ષ્મીની શક્તિ સક્રિય બની. એનાં મીઠાં ફળ વીસ વર્ષ પછી આવી રહ્યાનાં એંધાણ વરતાય છે. ૧૯૭૬માં દેહત્યાગ પૂર્વે તેઓશ્રીએ વ્યક્ત કરેલી ભાવના પ્રમાણે 'ગુજરાતનાં પછાત ગામોમાં જ્યાં શાળાનો એક પણ ઓરડો ન હોય ત્યાં ઓરડો બંધાવી આપવા, આશ્રમને જે કંઈ રકમ મળી,' એ ૧૯૯૬ સુધી બીજા આઠ કરોડની થઈ. મતલબ કે શ્રીમોટાના દેહત્યાગ પછીથી કોઈ પણ પ્રકારની માગણી, ટહેલ કે જાહેરાતો વિના સમાજ પાસેથી, બીજાં વીસ વર્ષ દરમિયાન આટલી રકમ મળી, અને સમાજોત્થાનનાં કાર્યમાં એનો ઉપયોગ થયો. આ શક્તિ-પ્રવાહનું કારણ કયું હતું એ હવે કહેવાની જરૂર નથી.

૧૯૬૧ પછી રૂપિયા મેળવવાનો શ્રીમોટાનો ઉપક્રમ અલૌકિક હતો.

રૂપિયા મેળવવાના માધ્યમ દ્વારા શ્રીમોટાએ અનેક જીવો સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ સંબંધ બાંધ્યો. હરિઃૐ આશ્રમ પ્રેરિત

કાર્યો માટે જે કોઈ નાણાં એકત્ર કરવા જતા તેઓ પણ શ્રીમોટાની ચેતનાશક્તિથી પ્રેરાઈને જતા, અને એમને રકમ આપનાર પોતે શ્રીમોટાને આપે છે એ જાણતા. શ્રીમોટા, ફંડફાળો ઉઘરાવવા ફર્યા નથી, પણ જમાડવા માટેનું નોતરું આપવાની જાહેરાત કરીને, ભોજન પછીની દક્ષિણા માગી છે. પોતે વીસ વર્ષ લગી હરિજન સેવક સંઘ મારફત સમાજની સેવા કરી છે. આથી, સમાજ 'રોટલો' આપે એ તો 'પેન્શન' છે. એમાં સમાજ ઉપકારી નથી અને દક્ષિણામાં પણ જે કંઈ મળે એ શ્રીમોટા અંગત કે આશ્રમ નિભાવમાં વાપરવાના નથી, પરંતુ સમાજનાં ચરણે જ એ રકમ પાછી વાળવાના. એથી પણ દક્ષિણા આપતી વ્યક્તિ સમાજનું ઋણ ચૂકવી ઋણમુક્તિ પામે છે. એ રીતે પણ દાતા ઉપકારક નથી. એથીય વિશેષ શ્રીમોટાએ વ્યક્તિના જીવનમાં ઋણ ચૂકવવાની શુભ નિષ્ઠાનાં બીજ રોપ્યાં. આપણે સમાજ પાસેથી ધન રળીએ છીએ તો સમાજના હિતનાં કાર્યો માટે સમાજને ભાગ આપવો એ ધર્મ છે. આમ, તેઓશ્રીએ ધર્મકાર્યની દિશા ખોલી આપી.

આ રીતે પૈસા મેળવવા પાછળનો બીજો આશય પણ હતો. આપણામાં સ્વાર્થ તો હોય જ, પરંતુ સ્વાર્થનું પ્રમાણ એટલું બધું વધી ગયું કે સમાજની સમતુલા ન જળવાય એવી સ્થિતિનું નિર્માણ થયું. આપણામાંથી સ્વાર્થ ઓછો કરવાનું શ્રીમોટાએ ન સૂચવ્યું, પરંતુ સામાજિક સમતુલા જાળવવા માટે પરમાર્થની વૃત્તિ જાગૃત કરી અને પોતાને જે કોઈ મળ્યા તેમને સ્વાર્થ ઓછો કરીને પરમાર્થ કરવા પ્રેર્યા.

શ્રીમોટાએ પોતાના પરમાત્માનુભવને સંપૂર્ણ ગુપ્ત રાખેલો, પણ એ સાથે હરિઃૐ આશ્રમ વિશે પણ સામે ચાલીને કોઈને જણાવ્યું નથી. એટલું જ નહિ પણ શ્રીમોટાની સંમતિ વિના

કોઈથી પ્રચારકાર્ય થાય તો એ ઠપકો પણ આપે. એક વખત જાણીતા સાહિત્યકાર શ્રી જયભિખ્ખુ, આશ્રમની મુલાકાતે જઈ ચઢેલા અને આશ્રમની મૌનએકાંતની પદ્ધતિ તથા આશ્રમમાંની શાંતિ અને રમણીયતાથી પ્રસન્ન થયેલા. પછી એમણે વર્તમાનપત્રમાં આશ્રમ વિશે વિગતે લેખરૂપે પ્રગટ કર્યું. પોતે સ્થાપેલી સંસ્થા વિશે વિના પ્રયત્ને આવો પ્રચાર થાય તો સ્થાપક રાજી થઈને લખનારનો આભાર માને એ સ્વાભાવિક છે, પરંતુ શ્રીમોટાએ તો શ્રી જયભિખ્ખુને ઠપકો આપતો પત્ર લખીને જણાવ્યું કે લોકોની અમસ્તી પૂછપરછ કરતા પત્રોનો જવાબ આપવાનું કામ વધાર્યું. અમારે પ્રચારની બિલકુલ જરૂર નથી. ૧૯૬૧ સુધી શ્રીમોટા, ક્યારેય પ્રવચન કરતા નહિ. આમ છતાં જ્યારે નિમિત્ત સામે આવ્યું ત્યારે પૈસા એકત્ર કરવા નિમિત્તે પ્રવચન કરવાનું પણ શરૂ કર્યું. અને હરિઃૐ આશ્રમ મારફત થનારાં સમાજોત્થાનનાં કાર્યો અંગેની સમાજને જાણ થાય એ માટે પત્રકારોને પણ પ્રેર્યા. આ માટે શ્રીમોટાએ પોતાના જન્મદિન, દીક્ષાદિન અને સાક્ષાત્કારદિનની ઉજવણી કરવાની પણ સંમતિ આપી.

શ્રીમોટાની આ પ્રવૃત્તિનો ગર્ભિત હેતુ તો આધ્યાત્મિક હતો. પોતાના પૂર્વના અનેક જન્મોનાં નિમિત્તો પોતાને મળે એ માટેનો કાળ ટૂંકાવવા તેઓશ્રીએ આવા ઉત્સવો ઊજવવા સંમતિ આપી હતી. દેખીતો હેતુ રૂપિયા એકઠા કરવાનો હતો, પરંતુ સૂક્ષ્મ હેતુ આપણી પૈસા ઉપરની પકડ ઢીલી કરીને આપણા હૃદયને ઉદાર બનાવવાનો હતો. શ્રીમોટાનાં પ્રવચનની શૈલી લાક્ષણિક રહેતી. એમાં અનેક વાતો આવી જતી. તેઓશ્રી કહેતા કે 'પૈસો તમારા બાપનો નથી, એ તો કાળ એવો આવી રહ્યો છે કે તમારું બધું કલમના ગોદે ચાલ્યું જશે. માટે, સ્વાર્થ ઓછો કરીને પરમાર્થ કરો....મારી હાહુના, આ લક્ષ્મી તો આપણી

મા છે. એને બાથમાં ભીડાય નહિ. લક્ષ્મી તો ભગવાનની છે. આ વાત સમજો'. આ સાથે એમ પણ કહેતા કે 'તમારા જીવનમાંથી રાગદ્વેષ કેટલા મોળા પડ્યા ? કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, આશા, ઈચ્છા, તૃષ્ણા, લોલુપતા કેટલાં ઘટ્યાં ? અમસ્તી અમસ્તી ભગવાનના નામની વાતો ન કરો. અખંડ સોળ કલાક લગી ભગવાનનું નામ લીધા પછી આવી જાઓ બચ્ચા, મેદાનમાં. સમાજમાં ગુણ અને ભાવ પ્રગટ્યા વિના ધર્મ નહિ જાગે. ત્યાગ અને પરમાર્થ એ ધર્મનાં લક્ષણ છે. મારે તો સમાજને બેઠો કરવો છે. સમાજ એટલે ભગવાન. માટે, તમે બધાં આપો. તમે મને આપો છો એ મારા ઉપર ઉપકાર કરતા નથી.' - અને પ્રવચન પૂરું કરતાં અવશ્ય કહેતા કે 'આટલું સાંભળ્યા પછી ધોતિયું ખંખેરીને ઊભા થઈ ના જતા. અહીં થાળી મૂકી છે. એમાં આશા-અપેક્ષા રાખ્યા વિના દિલથી મૂકજો. લોકો ખોટાં ખોટાં માથાં નમાવે છે- એ દંભ છે. સમર્પણ વિનાનું પગે લાગવાનું કેવું ? માટે, અહીં મૂકતા જજો ભાઈ !' આવા મતલબનાં લાક્ષણિક વચનો શ્રીમોટા કહેતા.

શ્રીમોટાને લોકોએ રૂપિયા આપવા માંડ્યા. આ રૂપિયામાંથી તેઓશ્રીએ પોતાના અંગત વાહન-વ્યવહાર ખર્ચ માટે કે હરિઃ ૐ આશ્રમના નિભાવ માટે એક રૂપિયો પણ રાખેલો નહિ. સમાજ તરફથી મળેલી પૂરેપૂરી રકમ સમાજોત્થાનનાં કાર્યમાં એ સમર્પિત કરતા. જ્યારે સમાજ પાસે દાન માટે ટહેલ નાખવાની તેઓશ્રીએ શરૂઆત કરી એ પહેલાં પોતાનાં પુસ્તકોનાં વેચાણમાંથી મળેલ તથા પોતાને સ્નેહીમિત્રો તરફથી મળેલ બાવન હજાર રૂપિયાનું દાન ગુજરાતી સાહિત્ય પરિષદને આપ્યું હતું.

શ્રીમોટા, સૌથી પહેલાં સમાજોત્થાન માટેનું કામ નક્કી કરતા, પછી એને માટે કેટલી રકમ એકઠી કરવી પડશે એ નક્કી

કરીને, નિશ્ચિત મુદતમાં એ રકમ એકઠી કરવાનું જાહેર કરતા. વરસોવરસ યોજનાનો પ્રકાર બદલાતાં હજારોથી શરૂ કરીને લાખો રૂપિયા સુધીનું લક્ષ્યાંક જાહેર કરતા અને સમયસર એટલી રકમ એકઠી થઈ જતી.

કોઈ વ્યક્તિ, વ્યક્તિસમૂહ કે સંસ્થા શ્રીમોટાને રકમ આપવાની તત્પરતા દર્શાવે અને એ માટે શ્રીમોટાને નિમંત્રણ આપે તો શ્રીમોટા તે સ્થળે અવશ્ય જાય. આ માટે તેઓશ્રીને સતત પ્રવાસમાં રહેવું પડતું. ૧૯૬૧ પછી તેઓશ્રીના શરીરમાં જુદા જુદા પીડાકારી રોગો પણ થવા માંડ્યા હતા. ૧૯૭૦ સુધીમાં તેઓશ્રીનું આખું શરીર રોગોથી ઘેરાયું હતું. એવા શરીરે પણ તેઓશ્રીના પ્રવાસો ચાલુ રહેતા. શ્રીમોટાને સરળતાથી મોટી રકમ મળી જાય એ માટે કોઈકે મહાયજ્ઞ યોજવાનું સૂચવ્યું હતું. શ્રીમોટાએ એનો ઈન્કાર કર્યો હતો. એમાં પ્રજાને એક હેતુ બતાવીને, ધર્મલાભની લાલચ આપીને રૂપિયા એકઠા કરવાના હતા. શ્રીમોટાના હેતુ સાથે આ સંગત ન હતું. એક વખત એક સિદ્ધપુરુષે જેટલા રૂપિયા જોઈએ એટલા તત્કાળ આપવાનું શ્રીમોટાને કહ્યું. અને રૂપિયા માટે આવો શ્રમ ન લેવાની શરત કરી. એનો પણ શ્રીમોટાએ બે હાથ જોડીને નમ્રતાથી અસ્વીકાર કરેલો. આ હકીકત એમ સૂચવે છે કે શ્રીમોટા, માત્ર રૂપિયા જ એકઠા કરવા ફરતા ન હતા. એની પાછળ બીજા અનેક સૂક્ષ્મ આશયો હતા. એ બધા આશયોની મીમાંસા કરતાં ઘણો જ વિસ્તાર થઈ જાય. આથી, અહીં માત્ર આટલો ઉલ્લેખ પૂરતો છે.

શ્રીમોટાને લોકો જે રૂપિયા આપતા હતા, એ બધી જ રકમ અકબંધ રહે અને એના વ્યાજમાંથી જ કામ થાય એવી યોજના તેઓશ્રીએ કરેલી. આથી, લક્ષ્મીમાંથી વહી આવતો શક્તિસ્રોત ક્યારેય બંધ ન થાય. વર્ષ દરમિયાન કશું પણ કામ ન થયું હોય

તો વ્યાજની રકમ મુદ્દલમાં ઉમેરાઈ જાય. પરિણામે શક્તિનું સંવર્ધન થાય. ઉપરાંત, જે જે સંસ્થાને આ રકમ અપાતી એનો વહીવટીખર્ચ જે તે સંસ્થાએ ભોગવવાનો રહેતો. આથી, સંસ્થાઓ પણ સમાજોત્થાનનાં કાર્યમાં જવાબદાર અને સહભાગી બને અને શ્રીમોટાને પ્રજા પાસેથી મળેલી રકમનો ભવિષ્યે પણ દુરુપયોગ થવાની શક્યતા ઘટી જાય. સમાજોત્થાનનાં કાર્યો માટે શ્રીમોટાએ આખા દેશની જુદી જુદી સંસ્થાઓને જવાબદારી સોંપી. હરિઃૐ આશ્રમ માત્ર દેખભાળ રાખનાર તટસ્થ સંસ્થા રહી. આ રીતે હરિઃૐ આશ્રમ પ્રેરિત કાર્યો વિકેંદ્રિત થતાં શ્રીમોટાની ચેતનાશક્તિનો વિસ્તાર થવા લાગ્યો. જો કોઈ સંસ્થા અમુક વર્ષ લગી યોજના પ્રમાણે કામ ન કરે તો મૂળ રકમ વ્યાજ સાથે પાછી મેળવવાની પણ શરત મૂકી. યોજનાના અમલ માટે ભવિષ્યે મતભેદ થાય તો હરિઃૐ આશ્રમના સેવકોએ તથા જે તે સંસ્થાના કાર્યકર્તાઓએ ભેગા મળી મસલત કરીને સમાધાનકારી ઉકેલ કરવાનું શ્રીમોટાએ સૂચવેલું. નાણાકીય વહીવટ અને વ્યવહારના નિયમો પાછળ પણ શ્રીમોટાનો આધ્યાત્મિક અભિગમ જ રહ્યો છે, એ કોઈ પણ વ્યક્તિ પ્રમાણી શકશે.

હરિઃૐ આશ્રમ પ્રેરિત સમાજોત્થાનની યોજનાઓ દ્વારા વ્યક્તિમાં રહેલી ગુણશક્તિ પ્રગટી રહે એ જ મુખ્ય હેતુ છે. સાહસ, પરાક્રમ, હિંમત, પ્રામાણિકતા, ત્યાગ, શૂરવીરતા જેવા ગુણો પ્રગટે એ ભાગવતી શક્તિનાં લક્ષણો છે. અને આવા ગુણો પ્રત્યે સમાજની કદરદૃષ્ટિ ખીલે એ ભક્તિનું લક્ષણ છે. ઊંચા પ્રકારનું ભાવનાભર્યું વર્તન પરાર્થે વ્યક્ત થાય અને એની જો કદર થાય તો સમાજના બહોળા વર્ગમાં એવા ગુણોની પ્રતિષ્ઠા થવાની ભૂમિકા રચાય. આપણા શાસ્ત્રમાંનું સૂત્ર- **'ગુણાઃ પૂજાસ્થાનમ્ ગુણિષુ ન ચ લિંગમ્ ન ચ વયઃ'** પૂજાને

યોગ્ય ગુણવાન વ્યક્તિમાંના ગુણો જ છે- એની જાતિ કે ઉંમર નહિ.' અહીં પૂજાનો અર્થ કદર થાય છે.

હરિઃૐ આશ્રમ પ્રેરિત યોજનાઓ પાછળની નોંધપાત્ર વિશેષતા છે. કોઈ પણ પારિતોષિકો સાથે તેઓશ્રીએ ક્યારેય પોતાનું નામ કે દાન આપનાર વ્યક્તિનું નામ ખાસ કરીને જોડ્યું નથી. 'પોતે' તો અનુભવથી નામરૂપથી પર હોવાથી એમને આવી પ્રતિષ્ઠાની જરૂર ન જ હોય, પરંતુ કોઈ મોટી રકમના દાતાનું નામ પણ ન જોડીને દાતાને અહંકારથી દૂર રાખ્યો છે. જોકે શ્રીમોટાએ દાતાનું નામ જોડવાની શરતે કોઈ પણ દાન લીધું નથી, પરંતુ શ્રીમોટાએ જુદાં જુદાં ક્ષેત્રમાંનાં પારિતોષિકો સાથે તે તે ક્ષેત્રમાં વિશેષ અને વિશિષ્ટ પ્રદાન કરીને સિદ્ધિ મેળવી હોય એમનાં નામ જોડ્યાં છે અને એવા લોકોની કદર કરીને સમાજનું ઋણ ચૂકવ્યું છે. શ્રીઅરવિંદ, સિસ્ટર નિવેદિતા, હોમીભાભા, વિક્રમ સારાભાઈ, વીર સાવરકર વગેરે નામો પારિતોષિકો સાથે જોડાયાં છે. જ્યારે આવી વ્યક્તિઓનાં નામ સાથેનું પારિતોષિક વિજેતાને પ્રાપ્ત થાય ત્યારે એનું ચિત્ત એક સાથે એ નામધારી વ્યક્તિનાં કાર્ય સાથે જોડાઈને એક આદર્શ તરફ દોરાય છે. અને હરિઃૐ આશ્રમ પ્રેરિત આ પારિતોષિક હોવાથી શ્રીમોટાની ચેતના-શક્તિના કેંદ્ર સાથે પણ એનું અજ્ઞાત મન જોડાઈને સૂક્ષ્મ સંસ્કાર ગ્રહણ કરે છે.

હવે, હરિઃૐ આશ્રમ પ્રેરિત જે જે ક્ષેત્રોમાં દાનો અપાયાં છે એનું તાત્પર્ય સમજીએ. શ્રીમોટાથી જે પ્રકારની યોજનાઓ માટે હરિઃૐ આશ્રમ મારફત જે દાનો અપાયાં એમાં વિવિધતા છે અને પ્રત્યેકમાં મૌલિકતા છે. આ યોજનાઓની વર્તમાનમાં અનિવાર્યતા છે અને આવી રહેલા ભાવિનાં એંધાણ પરખીને

એમાં માનવજીવન કલ્યાણની દિશામાં વધુ પ્રગતિ સાધે એની ભૂમિકા છે. અનુભવની કક્ષામાં જે કાળાતીત અનુભવ પામ્યા હોય એમનામાંથી જ આવી મૌલિક યોજના ઊગે. આ ઉપરાંત, આ યોજનાઓ પાછળ આધ્યાત્મિક દિશાને ખોલી આપવાના સંકેતો છે તથા શ્રીમોટામાં પ્રગટેલ પરમાત્માની શક્તિની વિસ્તારમાં પ્રગટનારી શક્યતા પણ છે. આ બંને હકીકતોની ઝાંખી શ્રીમોટાના દેહત્યાગનાં ૩૩ વર્ષ પછી થઈ રહી છે. એમાંથી માત્ર **ત્રણ** મુખ્ય યોજનાના પ્રકાર વિશે વિચારીએ.

(૧) સમુદ્રતરણ અને પર્વતારોહણ જેવી સ્પર્ધાઓ દ્વારા શરીરશક્તિ ઉપરાંત, ભયજનક સ્થિતિમાં ઝંપલાવવાની સાહસિકતા અને એમાંથી પાર ઊતરવાની હિંમત જેવા ગુણો એ અધ્યાત્મમાર્ગના પ્રવાસી માટે આવશ્યક અને અનિવાર્ય છે. આત્માના અનુભવનાં ઉચ્ચ શિખરો સર કરવામાં પૃથ્વીતત્ત્વ અને જળતત્ત્વ સ્વીકારાત્મક બનતાં નથી. તેજ, વાયુ અને આકાશતત્ત્વમાં પરમાત્મા પ્રગટી રહે છે, પરંતુ આ બે તત્ત્વો ઉપર ભાગવતી શક્તિનો વિજય થાય એ જરૂરી છે. એ તત્ત્વોની ગહનતા અને એમાં ઊભાં થતાં તોફાનોને જીતીને પાર ઊતરવાનું નદી-સમુદ્રતરણ દ્વારા સૂચવાય છે. પર્વતારોહણની ક્રિયામાં પૃથ્વીના આકર્ષણથી ઊંચી દિશામાં આરોહણ કરવાનું સાહસ રહેલું છે. જીવનમાં સ્થૂળનું આકર્ષણ પ્રબળ હોય છે. એમાંથી ઊંચે ઊઠવાની ભાવના પર્વતારોહણથી કેળવાય એવો આ સ્પર્ધામાં સંકેત છે. દોરડું પકડીને શિખર ઉપર પહોંચવાની પદ્ધતિમાં પહાડને હાથપગનો ઓછામાં ઓછો સ્પર્શ આપવાનો હોય છે. સ્થૂળનો માત્ર આટલો જ આધાર રાખીને બાકીનું અંગ એનાથી પર રાખવાથી ઊર્ધ્વારોહણ થઈ શકતું હોય છે. આવી સ્પર્ધાઓ પાછળનું આવું આધ્યાત્મિક રહસ્ય હોઈ શકે છે.

(૨) શ્રીમોટાએ વધુમાં વધુ રકમ વિજ્ઞાનની લગભગ બધી જ શાખાઓમાં સતત સંશોધન થતાં રહે તે માટે તથા શિક્ષણ તેમ જ સમાજવિદ્યામાં પણ સંશોધનને પ્રોત્સાહન મળ્યાં કરે એ માટે પારિતોષિકોની યોજનાઓ કરી છે. સંશોધનકાર્ય માટે મન-મતિની ઊંડી એકાગ્રતા જરૂરી છે. આવી એકાગ્રતા સધાતાં ચેતનનિષ્ઠ પુરુષની ચેતનાશક્તિ જે તે સંશોધકનાં કરણોમાં પ્રવેશીને કાર્ય કરે છે. આથી, ઘણીવાર સંશોધકના ધાર્યા કરતાં ઘણાં ઊંચાં પરિણામો પ્રગટતાં હોય છે. શ્રીમોટાએ સમજાવ્યું છે કે વૈજ્ઞાનિક સંશોધનમાં ડૂબેલો વિજ્ઞાની ચેતનના અનુભવની શક્યતાવાળો હોય છે. માત્ર એવા અનુભવ પ્રત્યે એ પૂરતો સભાન ન હોવાથી એ પામતો નથી. છેલ્લી સદીના છેલ્લા બે દાયકા દરમિયાન  થયેલી શોધખોળોનું પ્રમાણ જોતાં શ્રીમોટાને 'ચેતન વ્યક્ત થયા'નાં- 'પ્રભુની પધરામણી'નાં- એંધાણ વરતાયાં છે.

પૃથ્વી ઉપરની માનવજાતના કલ્યાણ માટે, સુખ માટે સંતોની ચેતનાશક્તિ દ્વારા કેટલું મહાન કાર્ય પરિણામ પામી રહ્યું છે, એ જાણીને આપણને સૌને આનંદ થાય છે. આ બધું જ પ્રભુની શક્તિથી જ થઈ રહ્યું છે. એની સભાનતા વધતી જાય તોય સાચા અર્થમાં ધર્મ-સંસ્થાપનનું કાર્ય સિદ્ધ થવાનું જ.

(૩) હવે, છેલ્લે શ્રીમોટાએ સ્વેચ્છાએ દેહત્યાગ કરતાં પહેલાં પોતાના તા. ૧૯-૭-૧૯૭૬ના પત્રમાં લખેલું કે તેઓશ્રીના શરીરના મૃત્યુ નિમિત્તે જે કંઈ રકમ મળે એનો ઉપયોગ, ગુજરાતના આર્થિક રીતે છેક જ પછાત એવા ગામમાં - જ્યાં શાળાનો એક પણ ઓરડો ન હોય ત્યાં એ બંધાવી આપવા, કરવો. તેઓશ્રીની આ ભાવનાને સાકાર કરવા ગુજરાતની પ્રજાએ અપૂર્વ ઉમળકો વ્યક્ત કર્યો અને છેલ્લાં વર્ષો દરમિયાન હજારો ગામોમાં ગરીબ બાળકોને ભણવા માટે બેસવાનું છત્ર મળી ગયું.

ગરીબને અક્ષરજ્ઞાન મળશે, એ ભણશે તો જ એનામાં ખમીર પ્રગટશે અને એ આત્મનિર્ભર થવા મથશે. ગરીબી દૂર કરવાનો આ એક મૂળભૂત સિદ્ધાંત છે. શ્રીમોટાએ નગરમાં રહેતા સુખી જીવોને ગામડાંના ગરીબ પ્રત્યેની સહાનુભૂતિ માટે પ્રેરીને શહેર અને ગામડાં વચ્ચેનું લાંબું અંતર ટૂંકાવ્યું છે અને ઊંડી ખાઈ પૂરી છે. વળી, શાળાના ઓરડામાં બેસી ભણનાર વિદ્યાર્થી અજ્ઞાત રીતે હરિઃૐ આશ્રમ પ્રત્યે કૃતજ્ઞ બને છે અને આ માટે હરિઃૐ આશ્રમને દાન આપનાર સમાજના છેક જ નીચલા વર્ગ પ્રત્યે સહાનુભૂતિવાળો બને છે.

આ રીતે હરિઃૐ આશ્રમ પ્રેરિત લોકકલ્યાણનાં કાર્યો કલ્યાણ-શ્રેયને જ સિદ્ધ કરે છે.

## (૩) લોકકલ્યાણનાં કામ

પૂજ્ય શ્રીમોટા તરફથી હરિઃૐ આશ્રમો દ્વારા નીચે મુજબની વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ માટે દાન અપાયાં છે.

૧. ભક્તિ પરત્વેનાં અને ભાવનાત્મક સાહિત્યનાં મૌલિક સર્જનો.
૨. બાળકોમાં ગુણ અને ભાવના પ્રગટે એવાં મૌલિક વાર્તાનાં સર્જનો.
૩. બહેનો અને માતાઓનાં જીવન પરત્વે સમાજના માનસમાં સદ્‌ભાવ, આદર અને માન પ્રગટે એવા સાહિત્યનું સર્જન.
૪. ‘જ્ઞાનગંગોત્રી’-સંદર્ભ ગ્રંથો (Book of Knowledge)નું સર્જન. ‘બાલભારતી’, ‘કિશોરભારતી’ વિજ્ઞાન શ્રેણીના ગ્રંથો તથા સર્વધર્મી તત્ત્વજ્ઞાનદર્શન શ્રેણીના ગ્રંથો વગેરેની પ્રકાશન યોજના.

૫. માનવ સમાજમાં સાહસ, હિંમત, પરાક્રમ, પ્રામાણિકતા, ત્યાગ, સહનશક્તિ વગેરે ગુણની કદરભાવનાના પ્રતીકરૂપે ચંદ્રકો આપવા.
૬. સ્ત્રીઓનાં શરીર સુદૃઢ બને અને તેમનામાં ગુણ અને ભાવનાના સંસ્કાર પ્રગટે એવી સક્રિય યોજનાઓ.
૭. વિદ્યાર્થીઓમાં ગુણ અને ભાવના પ્રગટે તેવા નિબંધની હરીફાઈઓ.
૮. નાનાં નાનાં ગામડાંઓની નિશાળોમાં ગુણ અને ભાવના પ્રગટે એવાં પુસ્તકોની વહેંચણી.
૯. જૂના જર્જરિત થઈ ગયેલા ઓવારાની દુરસ્તી અને જુદી જુદી સામાજિક સંસ્થાઓને સહાય.
૧૦. પછાતવર્ગની બહેનોમાં એસ.એસ.સી. ઇત્યાદિમાં પ્રથમ આવનારને શિષ્યવૃત્તિઓ.
૧૧. ખેડા જિલ્લામાં અસ્પૃશ્યતાનિવારણનું સારામાં સારું કામ કરે તેને પ્રત્યેક વર્ષે ચાંદીનો મોટો શિલ્ડ.
૧૨. નડિયાદમાં, સુરતમાં અને રાજપીપળામાં સ્નાનાગારો, તાપી નદીમાં અને નર્મદા નદીમાં તરણસ્પર્ધાઓ, અખિલ હિંદ ધોરણે સમુદ્રતરણ સ્પર્ધાની યોજનાઓ, રાજ્યકક્ષાએ હોડી હરીફાઈઓ તથા મેરેથોન દોડ-રેસ યોજના.
૧૩. યુનિવર્સિટી દ્વારા શ્રીઅરવિંદ તત્ત્વજ્ઞાન વ્યાખ્યાનમાળા અને બીજી વ્યાખ્યાનમાળાઓ.
૧૪. ફળાઉ વૃક્ષારોપણ, પરબ, તિતિક્ષા હરીફાઈ, વિદ્યાર્થીઓને મદદ, નાનાં ગામોમાં નિશાળોનાં બાંધકામોમાં મદદ, પક્ષીને ચણ, દવા-મદદ વગેરે વગેરે.
૧૫. વેદની ઋચાઓના અર્થો આમજનતાને સુલભ બને એ માટેનાં પ્રકાશનો.

૧૬. વિજ્ઞાન, ખેતી, મૅડિસિન, સર્જરી, ઈલેક્ટ્રૉનિક્સ, પ્લેનેટરી ઍન્ડ સ્પેસ સાયન્સીઝ, ગામડાંમાં અને શહેરોમાં સસ્તાં અને મજબૂત મકાનોનાં બાંધકામ આદિ ક્ષેત્રોએ એન્ડાઉમેન્ટના વ્યાજમાંથી પ્રતિવર્ષે મોટી રકમોના અખિલ હિંદ કક્ષાએ માતબર પારિતોષિકોની યોજનાઓ.

૧૭. વિદ્યાર્થીઓમાં શ્રમનું મહત્ત્વ પ્રગટે તેનાં ટ્રસ્ટો અને કન્યા વ્યાયામશાળાઓને ઉત્તેજન.

૧૮. હાઈસ્કૂલ કક્ષાના વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થિનીઓ માટે સાઈકલ અને દોડ સ્પર્ધા પારિતોષિક ટ્રસ્ટો.

૧૯. પર્યટનો, પર્વતારોહણો, બોટિંગ, પગપાળા પ્રવાસો અને રમતગમતો દ્વારા ગુજરાતની બધી યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓમાં સાહસ, હિંમત, નીડરતા આદિ ગુણોના વિકાસાર્થે જુદાં જુદાં ટ્રસ્ટો અને યોજનાઓ.

૨૦. સંગીત-વાદ્ય-નૃત્ય અને ચિત્ર જેવી લલિતકળાઓની સ્પર્ધાની યોજના અને વાર્ષિક પારિતોષિકો.

૨૧. બ્રિટિશ એન્સાઈક્લોપીડીઆની ઢબની કક્કાવારી કોશની ગ્રંથશ્રેણીઓ અને ગુજરાતી સાહિત્યકોશ.

૨૧. ગુજરાત સ્ટેટ કક્ષાએ બધી યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ માટે જુદા જુદા વિષયોની પ્રતિભાશોધ અને ઉત્કર્ષ માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓ દ્વારા પારિતોષિકોની યોજના.

૨૩. રામાયણ, મહાભારત, ભાગવત આદિ ગ્રંથોની ત્રિરંગી, સચિત્ર અને સરળ શૈલીમાં વાર્તાઓના પ્રકાશન ટ્રસ્ટોની યોજનાઓ.

૨૪. ગુજરાત કક્ષાએ લીલીસૂકી ખેતી, બાગાયત, રેશમ અને તેના રેસા, સમુદ્રશાસ્ત્ર પુરાતત્ત્વવિદ્યા, બાયો-જીઓ-સોઈલ કેમિસ્ટ્રી, બૉટની પ્લાન્ટ પૅથૉલૉજી, ટ્રૉપીકલ ડીસીસીઝ,

ઍંજિનિયરીંગ અને ટેક્નિકલ વિષયો, રંગ અને રંગની બનાવટો, પ્રાણવિજ્ઞાનશાસ્ત્ર આદિ જુદા જુદા વિષયોની ગુજરાતની જુદી જુદી યુનિવર્સિટીઓ દ્વારા સ્પર્ધાત્મક પારિતોષિકોની યોજનાઓ.

ઉપર દર્શાવેલ દાનયોજના માટે ૧૯૬૨થી ૧૯૭૫ સુધી રૂપિયા એક કરોડ સમાજ પાસેથી મેળવીને અપાયા.

૨૩મી જુલાઈ, ૧૯૭૬ના રોજ પૂજ્ય શ્રીમોટાએ દેહત્યાગ કર્યો ત્યારથી આજ પર્યંત (૨૦૦૯) દરમિયાન જ્યાં પ્રાથમિક શાળાનો એક પણ ઓરડો ન હોય તેવા ગુજરાતના આર્થિક રીતે પછાત ગામોમાં ઓરડા બંધાવી આપવા કરોડો રૂપિયા અપાયા છે. જેમાંથી દસ હજારથી વધુ ઓરડાઓ બંધાઈ ચૂક્યા છે.

**તા. ૩૧-૩-૨૦૦૯ સુધીની આંકડાકીય માહિતી :-**

(૧) શાળાના ઓરડાઓ/હૉસ્ટેલ/આવાસો/અન્ય માળખાકીય સુવિધાઓ માટે **રૂ. ૧૩,૭૯,૬૮,૬૫૨/-**

(૨) દુષ્કાળ/રેલરાહત કુદરતી આપત્તિ વેળાએ સમાજને મદદ **રૂ. ૦,૬૧,૩૫,૪૧૧/-**

(૩) મૌલિક સંશોધન એવૉર્ડ (વૈજ્ઞાનિક-અન્ય ક્ષેત્રો) તથા રમતગમત, કલા, વીરતા એવૉર્ડ **રૂ. ૫૨,૪૦,૯૬૫/-**

કુલ **રૂ. ૧૪,૯૩,૪૫,૦૨૮/-**

પૂજ્ય શ્રીમોટાના નિમિત્તે આ દાનગંગા વડે ગુજરાતનાં ઊંડાણનાં ગામડાંઓમાં અત્યાર સુધી ૯૦૫૧ ઓરડાઓ તથા ભણતરની અન્ય જરૂરી સુવિધાઓનું નિર્માણ થઈ શક્યું છે. જેમાં ૩ લાખથી વધુ બાળકોને શિક્ષણક્ષેત્રે શ્રીગણેશ કરાવવામાં આવ્યા છે. આ પ્રવાહ આજ પર્યંત અવિરત છે. વિજ્ઞાન ક્ષેત્રે

'PRL' (ફિઝિકલ રીસર્ચ લૅબોરેટરી-ઈસરો [ISRO] ની સંશોધન શાળા)ને અપાયેલ દાન વડે ભારતના નામાંકિત વૈજ્ઞાનિકોને એવોર્ડ અને સન્માન એનાયત થયા છે.

## (૪) આશ્રમના મુલાકાતીઓ અને સ્વજનોને સૂચનાઓ

(૧) આશ્રમની મુલાકાતનો સમય સવારે ૬-૦૦ વાગ્યાથી સાંજે ૭-૦૦ વાગ્યા સુધી.

(૨) આ સ્થળની હયાતી જીવનવિકાસના હેતુ કાજે જ એટલે કે શ્રીભગવાનના અનુભવ તથા ભાગવત જીવન કાજે જ છે. જે જીવને જીવન વિશે મનન, ચિંતન ને નિદિધ્યાસન કરવાનું અને તે જીવનમાં પ્રત્યક્ષ આકાર લે તેવાં મંથનમાં રહેવાનું દિલ હોય, પોતાના જીવન વિશે ઊંડું પૃથક્કરણ કરી પોતાને ખોજવાની જેને તમન્ના હોય તેને માટે આ સ્થળ છે. ખાલી ખાલી પડી રહેવા કાજે નથી. મકાન હવડ રહેશે તેનો કશો જ વાંધો નથી, પણ જીવો જો હવડ પડી રહે તો તેનો વાંધો ઘણો ઘણો છે.

(૩) જેમને જીવન અંગે વિચારવાનું દિલ હોય તેમને કાજે આ સ્થળ છે. ખાલી માત્ર રહેવા કાજે નથી. અહીં નવલકથાઓ કે છાપાં વાંચવાની, રેડિયો-ટેપ સાંભળવાની, મોબાઈલ, વિડિયોગેમ, લેપટોપ વાપરવાની મનાઈ છે. અહીં આપનો મોબાઈલ 'અવાજ ન કરે' (સાયલન્ટ રહે) તેવી રીતે વાપરો.

(૪) અહીં કોઈ જીવ સંસાર ભોગવી શકે નહિ. અહીં કોઈ પણ સંસારી પ્રકારના સગપણનો સંબંધ નથી. અહીં કોઈ પતિ નથી કે પત્ની નથી, કોઈ સાસુ નથી કે વહુ નથી. અહીં આવી કોઈએ 'આણે આમ કેમ કર્યું ? આમ કેમ ન

કર્યું ?' એવા વિચાર ન સેવવા. કોઈ કોઈની અપેક્ષા ન રાખે.

(૫) આ મૌન આશ્રમ છે. અહીં આવો ત્યારે મનમાં નજર સમક્ષ પ્રભુ-પરમાત્માનાં દર્શન કરો અને ભાવપૂર્ણ પ્રભુમય બનીને રહો. એક બીજા સાથે વાતો ન કરો, જરૂર પડ્યે ખૂબ ધીરેથી બોલો. સાથે બાળકો હોય તો તેમને પણ પ્રાર્થનામય ભાવમાં રહેતા શીખવો. મુક્ત કંઠે હાસ્ય કે આનંદ ધ્વનિ કરી શકાય, પણ બને તેટલી શાંતિ જળવાય તો સારું. મનને આનંદ શાંતિમાં બહેલાવાય તેવી દશામાં જ રહેવું.

(૬) અહીં જેઓ ભેગા મળે તેમણે રાજદ્વારી, વ્યાપારની, શૅરબજારની, ખેતીની, સંસારની કે અન્ય વાતો કરવી નહિ. ધર્મની કે જીવનસાધનાની વાતો કરવાની હોય. પોતપોતાના જીવનવિકાસ અંગેની સમજણ તથા અનુભવોની આપલે જરૂર કરી શકાય, પણ ખૂબ ધીરા અવાજે.

(૭) મૌનએકાંત સમયની શરૂઆતની અને અંતની પ્રાર્થના સિવાય અહીં આ સ્થળનો કશો સામુદાયિક કાર્યક્રમ નથી. પોતે પોતાની મેળે અંગત ભાવના પ્રમાણે પોતાના પૂરતો જ કાર્યક્રમ ગોઠવે. 'આત્મનિવેદન કક્ષ'માં એકલા બેસી પ્રાર્થના-આત્મનવિદન કરી શકાય.

(૮) પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો, વાદવિવાદ ન કરો, પોતાનો આગ્રહ ન રાખો, ખૂબ પ્રેમભાવ કેળવો.

(૯) આશ્રમનું કામકાજ કરવાનું દિલ થાય તેમણે પોતાના વિકાસના હેતુ કાજે તેમ કરવું. આશ્રમમાં રાત્રિરોકાણની મનાઈ છે. આ માટે આશ્રમ વ્યવસ્થાપકની પૂર્વ મંજૂરી મેળવી લેવી તથા તેમની સૂચના મુજબ કામ કરવું. આશ્રમના સેવકો સાથે શાંતિ, સહકાર અને સદ્ભાવપૂર્ણ વર્તન કરવું.

(૧૦) જે કોઈ મૌન લેવા ઇચ્છતું હોય તેણે અગાઉથી પોતાનું નામ-સરનામું નોંધાવવું જરૂરી છે. મૌનમંદિરમાં બેસીને જપયજ્ઞ કરનાર સાધકે પોતાનો ખર્ચ પોતે જ ઉપાડી લેવાનો છે.

અપંગ કે વૃદ્ધ વ્યક્તિ માટે 'વ્હીલચૅર'ની સુવિધા છે.

રેલવે સ્ટેશનથી રૂટ નં. ૧૧૫/૧/૨/૩ વરીઆવની સિટીબસ કુરુક્ષેત્ર બસ સ્ટૅન્ડ પર ઉતારશે, ત્યાંથી બે મિનિટના અંતરે આશ્રમ આવી શકાય.

(૧૧) આશ્રમમાં ૯ મૌનમંદિર છે. જેમાં ૭, ૧૪, ૨૧ દિવસ-એમ ૭ દિવસના ગુણાંકમાં મૌનમાં બેસી શકાય છે.

પહેલી વખત મૌનમાં બેસવાનો પ્રયત્ન કરનાર માટે મૌનરૂમ નં. ૯ ખાસ અલાયદો રાખ્યો છે, તેમાં ૧, ૨ કે ૩ દિવસ માટે મૌનમાં બેસી અનુભવ લઈ શકાય. આ મૌનરૂમનું ઍડ્વાન્સ બુકિંગ ૭ દિવસ પૂરતું જ કરવામાં આવે છે.

(૧૨) મૌનાર્થીએ મૌનમંદિરનો લાભ લેવા માટે અગાઉથી પોતાનું પૂરું નામ-સરનામું તથા ટેલિફોન-મોબાઈલ નંબર નોંધાવવો જરૂરી છે.

(૧૩) આશ્રમ તરફથી મૌનાર્થીનો તેમના મૌનના નોંધાયેલા સમયના ૧૫ દિવસ પહેલાં પત્ર-ટેલિફોનથી સંપર્ક કરવામાં આવે છે. ત્યારે મૌનાર્થીએ પોતાના મૌનની સંમતિ આપવી જરૂરી છે, અન્યથા તેમનું મૌન બુકિંગ રદ ગણી અન્ય વ્યક્તિને ફાળવી દેવામાં આવે છે.

(૧૪) મૌનમંદિરમાં બેસવાનો સમય : રવિવારે સવારે ૭-૦૦ વાગ્યે. મૌનમંદિરમાંથી બહાર નીકળવાનો સમય રવિવારે સવારે ૫-૩૦ વાગ્યે.

• • •

|| હરિઃૐ ||

## ચા-ભોજનનું સમયપત્રક

૧. સવારે ૪-૪૫ કલાકે : ચા, કૉફી, ઉકાળો, દૂધ

૨. સવારે ૧૦-૦૦ કલાકે : ભોજન

૩. બપોરે ૧-૪૫ કલાકે : ચા, કૉફી, ઉકાળો, દૂધ

૪. સાંજે ૫-૦૦ કલાકે : ભોજન-દૂધ

ઉપરના દરેક સમયે ગરમ પાણીનો મોટો લોટો આપવામાં આવશે. તેમાંથી જરૂર જેટલું પાણી પીવા માટે વાપરવું અને બાકીના પાણીમાં મીઠું નાંખી કોગળા કરવા. દરેક વખતે ગરમ પાણીના વપરાશ બાદ ખાલી લોટો બારીમાં પરત મૂકશોજી. ગરમ પાણીથી તેમ જ મીઠાવાળા ગરમ પાણીના કોગળા કરવાથી તમારું ગળું સાફ રહેશે અને 'હરિઃૐ' જપના ઉચ્ચારણમાં સરળતા રહેશે.

આપના રૂમમાં પીવાનું શુદ્ધ પાણી જ આવે છે. પીવાના શુદ્ધ પાણી માટે આશ્રમમાં 'સેન્ટ્રલ આર.ઓ.વૉટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ'ની વ્યવસ્થા છે.

આશ્રમમાં સ્નાન કરવા માટે ગરમ પાણી 'સૂર્યકિરણો વડે પાણી ગરમ કરતા સાધન' દ્વારા આપવામાં આવે છે.

મહેરબાની કરીને ગરમ પાણી તથા વીજળીની બચત કરશોજી.

॥ હરિ:ૐ ॥

## મૌનરૂમની બારીનું સમયપત્રક

| **આપને આ સેવાઓ મળશે.** | **આપ બારી મારફત પરત કરશોજી.** |
| --- | --- |
| (૧) | (૧) સવારે ૪-૩૦ કલાકે આગલા દિવસની ફૂલની ડિશ તથા કચરાની પ્લાસ્ટિકની તગારી. |
| (૨) સવારે ૪-૪૫ કલાકે ચા, કૉફી, ઉકાળા સાથે સ્ટીલનો નાનો લોટો, પ્યાલો અને ચમચીનો સેટ તથા ગરમ પાણીનો મોટો લોટો આવશે. નાના લોટાનો સેટ દિવસના વપરાશ માટે રાખવો. | (૨) સવારે ૪-૪૫ કલાકે ચા, કોફીનાં ખાલી વાસણો તથા ગરમ પાણીનો ખાલી લોટો અને આગલા દિવસના નાના લોટાનો સેટ. |
| (૩) | (૩) સવારે ૪-૪૫ કલાકે સ્નાન કર્યા બાદ તમારાં ધોવાનાં કપડાં નોટબુકમાં નોંધીને મૂકશોજી. (જુઓ સૂચનાક્રમ નં.૮) |
| (૪) સવારે ૫-૩૦ કલાકે તાજાં ફૂલોની ડિશ, ધૂપદાની અને પ્લાસ્ટિકની ખાલી તગારી. | (૪) સવારે ૬-૩૦ કલાકે ધૂપદાની. |
| (૫) સવારે ૧૦-૦૦ કલાકે ભોજનની થાળી તથા ગરમ પાણીનો લોટો. | (૫) સવારે ૧૦-૪૫ કલાકે ગમર પાણીનો ખાલી લોટો તથા ભોજનની થાળી તથા અન્ય ખાલી વાસણો બાથરૂમમાં |

| | |
|---|---|
| | પાણીથી ધોઈને મૂકશોજી. |
| (૬) બપોરે ૧-૪૫ કલાકે ચા, કૉફી, ઉકાળો તથા ગરમ પાણીનો લોટો. | (૬) બપોરે ૨-૦૦ કલાકે ગરમ પાણીનો ખાલી લોટો તથા ચા, કૉફી, ઉકાળાનાં ખાલી વાસણો. |
| (૭) બપોરે ૨-૧૫ કલાકે નોટબુક સાથે ધોયેલાં કપડાં (ભેજવાળા વાતાવરણને કારણે આ સમયમાં ફેરફાર સંભવી શકે.) | (૭) |
| (૮) સાંજે ૪-૦૦ કલાકે ધૂપદાની | (૮) સાંજે ૪-૩૦ કલાકે વપરાશ બાદ ધૂપદાની બારીમાં મૂકી દેવી. |
| (૯) સાંજે ૫-૦૦ કલાકે સાંજના ભોજનની થાળી તથા ગરમ પાણીનો લોટો. | (૯) સાંજે ૫-૪૫ કલાકે ગરમ પાણીનો ખાલી લોટો તથા ભોજનની થાળી અને અન્ય ખાલી વાસણો બાથરૂમમાં પાણીથી ધોઈને મૂકશોજી. |

**નોંધ :**

(૧) ભોજન કર્યા પછી અને ચા પીધા પછી ગરમ પાણીથી બરાબર કોગળા કરશોજી.

(૨) બારી મારફત મળતી સેવાઓનો સમય સાચવી લેવા ખાસ વિનંતી.

(૩) બારીનું તળિયું (ફ્લોરિંગ) ભીના કપડાંથી દિવસમાં ચાર વાર સાફ કરવા વિનંતી.

## ૫. મૌનમંદિરના મૌનાર્થીઓને સૂચનાઓ

(૧) વહેલી સવારે ૩-૩૦ કલાકે ઊઠવું, રાત્રે ૮-૩૦ કલાકે સૂઈ જવું. આ સમય જાળવવાથી માનસિક સ્વસ્થતા જળવાશે અને રોજિંદો કાર્યક્રમ અને સમય સરળતાથી પસાર કરી શકશો.

(૨) સવારે ૪-૫૦ કલાકે સ્નાન માટે ગરમ પાણી સીધી લાઇન નળ મારફત બાથરૂમમાં પૂરું પાડવામાં આવશે. શરૂઆતમાં આવતું ઠંડું પાણી જતું કરવું, જરૂરિયાત મુજબ ગરમ પાણી મેળવી લેવું. સંયમપૂર્વક ગરમ પાણી લેવા વિનંતી છે.

(૩) ચોમાસાની ઋતુમાં જરૂર પડ્યે આપને ગરમ પાણી સવારે ૪-૩૦ કલાકે બારીમાંથી ડોલ મારફતે આપીશું. બહારની ડોલ વહેલી તકે ખાલી કરી બારીમાં પરત મૂકી દેશોજી.

(૪) મૌનરૂમ સવારે સ્નાન કરતા પહેલાં અને સાંજે, તમારો હાથ પહોંચે ત્યાં સુધી દીવાલ પર પીંછી મારી સાફ કરશોજી. રૂમની ફરસ (ફ્લોર) પણ સાફ કરશોજી. રૂમમાં રાખવામાં આવેલ કચરા માટેની પ્લાસ્ટિકની તગારીમાં સવાર-સાંજનો ભેગો કચરો રોજ સવારે ૪-૩૦ કલાકે બારીમાં મૂકી દેવો.

(૫) પેશાબ કરવા બાથરૂમનો ઉપયોગ ન કરતાં સંડાસનો જ ઉપયોગ કરવો, બાથરૂમ-સંડાસનો ઉપયોગ કરતાં પહેલાં તમારાં નિયમિત કપડાં ઉતારી બાથરૂમ-સંડાસના ઉપયોગ માટેનું એક વસ્ત્ર અલગ રાખી તેનો ઉપયોગ કરવો.

(૬) કૃપા કરી બાથરૂમ-સંડાસ રોજે રોજ બ્રશથી સાફ કરવા. સંડાસનો ઉપયોગ કરતાં પહેલાં એક ડોલ ભરીને પાણી

રેડવું. સંડાસનું ટબ ડાઘારહિત સ્વચ્છ અને ચોખ્ખું રહે તેની કાળજી રાખો. પાણીની ટાંકીમાં પેશાબ સંડાસના નિકાસ અંગે અલગ-અલગ બટન મૂકેલ છે. આપની જરૂરિયાત મુજબ બટનનો ઉપયોગ કરી પાણીનો બચાવ કરશોજી.

(૭) સંડાસ કર્યા બાદ હાથપગ-મોં સાબુથી ધોઈ સાફ કરવા, સાબુનો ઉપયોગ સંડાસમાં ન કરતા બેઝિન-બાથરૂમમાં જ કરવો, કારણ કે સંડાસમાં સાબુનો ઉપયોગ કરવાથી સંડાસની સેપ્ટિક ટાંકીમાંના જંતુઓનો નાશ થશે, પરિણામે રૂમમાં દુર્ગંધ ફેલાય છે.

(૮) રોજે રોજ ધોયેલાં સ્વચ્છ કપડાં પહેરો અને વપરાયેલાં કપડાં ધોવાં માટે પરત કરો. ધોવાં માટે આપવાનાં કપડાંમાં તમારાં પોતાનાં કપડાં ઉપરાંત, આશ્રમનાં કપડાં જેવાં કે ચાદર, નાનામોટા તકિયાના નૅપ્કિન (તકિયાની ઉપર બિછાવવાનાં કપડાં), પ્રાર્થના કરવાના પાટલાની ગાદી પર બિછાવેલું કપડું તથા અન્ય કોઈ વસ્ત્ર કે કપડું જે દૈનિક વપરાશમાં આવ્યું હોય તે કપડાં ધોવાં આપતાં પહેલાં દરેક કપડાં ઉપર પાડવામાં આવેલ રૂમનંબર તપાસી લેવો. જો તે નંબર ઝાંખો પડી ગયો હોય તો બૉલપેનથી વ્યવસ્થિત દેખાય તેવો ચીતરી લેવો. દરેક કપડાંની નોંધ આ અંગે રાખવામાં આવેલ નોટબુકમાં કરી કપડાં સાથે બારીમાં મૂકવી. સાંજે ધોયેલાં કપડાં આવે ત્યારે નોટબુકમાંની કપડાંની નોંધ સાથે કપડાં મેળવી લેવાં. જો ફેરફાર હોય તો ચિઠ્ઠી લખી તરત જાણ કરશોજી.

(૯) જો દિવસ દરમિયાન ઈલેક્ટ્રિક પાવર ચાલ્યો જાય તો જનરેટર પાવર શરૂ થાય તેની થોડો સમય રાહ જોવી.

**જરૂર પડ્યે હાથબૅટરીનો ઉપયોગ કરશોજી.**

(૧૦) 'પૂજ્ય શ્રીમોટા'નો ફોટો ધોયેલા સ્વચ્છ કોરા-ભીના વસ્ત્રથી સાફ કરવો. પાણીથી સાફ કરવાથી ફોટાને નુકસાન થાય છે.

(૧૧) આપને જ્યારે ખૂબ જરૂર હોય ત્યારે જ રૂમમાં લાઈટના સ્વિચબોર્ડ પર રાખવામાં આવેલ 'ઈમરજન્સી બેલની સ્વિચ'નો ઉપયોગ કરવો. બેલ વગાડતાં પહેલાં તમારી જરૂરિયાતની નોંધ કરેલી ચિઠ્ઠી બારીમાં મૂકી, આશ્રમના સેવક બારી પાસે આવે તેની રાહ જોવી.

(૧૨) રૂમમાં પીવાનું પાણી ભરવા માટીની માટલી રાખવામાં આવી છે, તેને બાથરૂમના નળના પાણીથી સાફ કરી ગળણાનો ઉપયોગ કરી ભરી લઈ તેની જગ્યા બદલ્યા વગર તેની જગ્યાએ જ ગોઠવવી. પીવાનાં શુદ્ધ પાણી માટે આશ્રમમાં 'સેન્ટ્રલ આર. ઓ. વૉટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ'ની વ્યવસ્થા છે.

(૧૩) બારી મારફત મળતી સેવાઓનો સમય ધ્યાનમાં રાખી, તમારું દૈનિક સમયપત્રક (ટાઈમટેબલ) જાતે જ ગોઠવી લેવું અને તેનું રોજેરોજ પાલન કરવું. સમયપત્રકમાં પ્રાર્થના, ભજન, નૃત્ય, વાંચન તથા નામસ્મરણનો સમાવેશ કરી શકાય.

(૧૪) ભોજન પહેલાં પ્રભુપ્રાર્થના અવશ્ય કરશોજી. બહુ સ્વસ્થતાથી, શાંતિથી, પ્રસન્નતાથી, સંતોષથી ખૂબ ચાવીને જમવું. ઓછામાં ઓછું ખાવું, જરા પણ વધારે ખવાઈ જશે તો આળસ, તામસ અને જડતા વધશે, માટે કૃપા કરીને ખાવાની બાબતમાં બહુ કાળજી રાખશોજી. મૌનમાં જમવાનું

ઓછું કે વધારે આવતું હોય તો કૃપા કરી ચિઠ્ઠી લખવી. ભોજન તીખું-મોળું હોય તો આપની જરૂરિયાત મુજબની ચિઠ્ઠી લખશોજી.

(૧૫) ભોજન બાદ હાથમોં થાળીમાં ન ધોતા વૉશબેઝિન-બાથરૂમમાં ધોવા અને ભોજનની ખાલી થાળી-વાસણો સાદા પાણીથી ધોઈ બારીમાં પરત મૂકવાં.

(૧૬) સવાર સાંજના ભોજન બાદ રૂમમાં અનુકૂળતા પ્રમાણે ચાલવાનું-આંટા મારવાનું રાખવું, સાથેસાથે નામસ્મરણ-ભજન-પ્રાર્થના પણ કરવા જેથી ઊંઘ આવશે નહિ અને કઠિન સમય સરળતાથી પસાર થઈ જશે. દિવસ દરમિયાન સૂવાની મનાઈ છે. દિવસમાં ઓછામાં ઓછો દોઢ કલાક આંટો મારવાનો મહાવરો રાખવો. આમ કરવાથી ભોજનનું ઘેન ચઢશે નહિ અને શરીર સ્ફૂર્તિલું રહેશે.

(૧૭) આપનું મન બિનજરૂરી વિચારોની હારમાળામાં અટવાઈ ન પડે તેની ખાસ કાળજી રાખવી. નકારાત્મક વિચારો, કોઈ પણ પ્રકારની ચિંતાને કારણે થતી પરેશાની કે ઉદાસીનતા, અગર વાસનાના હુમલા આવે ત્યારે ઈષ્ટદેવનું સ્મરણ કરો. પ્રાર્થનાભાવે તેમની સાથે અંગત વાતો કરી તમારી સમસ્યા જણાવી તેમાંથી છુટકારો અપાવવા વિનંતી કરવી. ભજન, કીર્તન, નામસ્મરણ કરવું, છતાં હળવાશ ન આવે તો ઠંડા પાણીથી સ્નાન કરવું. મોટા અવાજે હરિઃૐની ધૂન નામસ્મરણ કરવું. ખૂબ પરેશાન થવાય તો નિર્વસ્ત્ર થઈને પ્રભુસ્મરણ કરતાં કરતાં નાચવું-કૂદવું અને કોઈ પણ રીતે વિચારોની પકડમાંથી છૂટવું અને તમે છૂટી જ શકશો. ચોક્કસ આમ કરવાથી મનની હળવાશ અનુભવાશે.

(૧૮) રાત્રે ઊંઘ ન આવે તો ભજન-વાંચન-સ્મરણ કરવું.

(૧૯) રાત્રે સૂતાં પહેલાં તમારા રૂમનો દરવાજો તથા બારી અંદરની બાજુથી વ્યવસ્થિત બંધ કરી સૂઈ જવું.

(૨૦) મૌન પૂરું થવાના આગલા દિવસે આપને આપનું નિવેદન લખવા કોરો કાગળ આપવામાં આવશે. આપના મૌનમંદિરના અનુભવો તથા લાગણીઓ આ કાગળમાં લખી જણાવશો. આ ફરજિયાત નથી, પણ આપની આ નોંધ આશ્રમમાં આવતાં સ્વજનો, મુલાકાતીઓ અને મૌનાર્થીઓને પ્રેરણારૂપ બની રહેશે.

(૨૧) મૌનએકાંત દરમિયાન આપે કોઈ મુશ્કેલી તકલીફ અનુભવી હોય તથા મૌનરૂમ અંગે કોઈ ફરિયાદ-સૂચન હોય, તો વિના સંકોચે લખી જણાવશોજી. આપનાં સૂચનો થકી મૌનાર્થીઓને વધુ સારી સેવા કરવાનો અમને આનંદ થશે.

(૨૨) આશ્રમના સેવકોને ભેટ આપવાનો કોઈ નિયમ નથી, પરંતુ જો આપ સદ્‌ભાવથી ભેટ આપવા ઇચ્છતા હો તો કોઈ પણ સેવક-વ્યક્તિને હાથોહાથ કશું આપશો નહિ, પણ આશ્રમના કાર્યાલયમાં અધિકૃત વ્યક્તિને જમા કરાવી દેશો. જે સૌ સેવકો વચ્ચે સરખા હિસ્સે વિતરણ કરવામાં આવશે.

(૨૩) મૌનમંદિરમાં બેસનારે પોત પોતાનો કાર્યક્રમ નક્કી કરી લેવો. તે પોતાની પાસે રાખી તે પ્રમાણે વર્તવું.

(૨૪) ઊઠવાનું સવારે ૩.૩૦ કલાકે. દાતણ-બ્રશ કરી, ધોવાનાં કોરાં કપડાં, ચાદર, ગલેફ, કટકા વગેરે બારીમાં મૂકી દેવાં.

(૨૫) મૌનરૂમની સફાઈ સારી રીતે કરવી. દરરોજ બે વખત હાથ પહોંચે ત્યાં સુધી ભીંતો સાફ કરી કચરો કાઢવો.

(૨૬) ચા સવારે ૪-૪૫ વાગ્યે અને બપોરે ૧-૩૦ વાગ્યે. ભોજન સવારે ૧૦-૦૦ વાગ્યે અને સાંજે ૫-૦૦ વાગ્યે. આ સમયને અનુકૂળ રહીને દિવસભરનો કાર્યક્રમ ગોઠવવો.

(૨૭) લઘુશંકા કરવા બાથરૂમમાં ન જતાં જાજરૂમાં જવું. જાજરૂમાં જતી વખતે કપડાં બદલીને જવું. દરેક વખતે જાજરૂ જઈને હાથપગ, મોં સાફ કરીને ધોવાં. જાજરૂમાં સાબુથી હાથ પગ ન ધોવાં. તેમ કરવાથી મળના જંતુઓ મરી જાય છે અને પછી ઘણી દુર્ગંધ મારે છે.

(૨૮) ભોજન, પ્રાર્થના કરીને સ્વસ્થતા અને પ્રસન્નતાથી લેવું. ખૂબ ચાવીને જમવું. ભોજન બને તેટલું ઓછું લેવું.

(૨૯) દિવસે ઊંઘવું નહિ. ઊંઘવાથી આખો ભાવ (મૂડ) બદલાઈ જશે અને કંટાળો આવશે. વિચારોની પકડમાંથી છૂટવા માટે મોટેથી નામસ્મરણ સાથે નાચીકૂદી પણ શકાય.

(૩૦) બપોરનો સમય જરા કઠણ જાય છે. તે વેળા જપ કરતાં કરતાં વાંચવું. એ બે વસ્તુ એક સાથે જરૂર બનશે. પોતાને લાગું પડતાં ભજન ગાવાં.

(૩૧) વિકારોના હુમલા આવે તો ખૂબ મોટેથી નામસ્મરણ કરવું. છેવટે નગ્ન થઈને નાચવું કૂદવું.

(૩૨) દિવસે ઓછામાં ઓછો દોઢ કલાક આંટા મારવાનો મહાવરો રાખવો.

(૩૩) રાત્રે ઊંઘ ન આવે તો જપ કરવા, ભજન ગાવાં કે વાંચવું.

(૩૪) રોજ ધોયેલાં કપડાં પહેરવાં.

(૩૫) મૌનરૂમમાં હજામત (દાઢી) કરવાની મનાઈ છે. તેમ જ બીડી, સિગરેટ, તમાકુ, મસાલો, માવો વગેરેના ઉપયોગની પણ મનાઈ છે.

(૩૬) મૌનરૂમમાં ખાવાની-નાસ્તાની કે વ્યસનની કોઈ ચીજો લઈ ન જવી. ટેપરૅકૉર્ડ, રેડિયો, મોબાઈલ ફોન, લેપટૉપ કૉમ્પ્યૂટર્સ વગેરે અંદર લઈ જવાની મનાઈ છે.

(૩૭) મૌનરૂમમાં કે આશ્રમની બહારની વ્યવસ્થામાં કોઈ તકલીફ જણાય તો વિના સંકોચે ચિઠ્ઠી લખવી. ખાસ ઈમરજન્સીમાં જ તે અંગેના 'બેલ'નો ઉપયોગ કરવો.

(૩૮) મૌનની પૂર્ણાહુતિના આગલા દિવસે પોતાનું નિવેદન તૈયાર કરવું. જોકે એ ફરજિયાત નથી. છતાં અપાય તો સારું. તેનાથી બીજાને પ્રેરણા થાય.

●

# (૬) નામસ્મરણ :
# વૈજ્ઞાનિક અભિગમ અને પૃથક્કરણ

## સમર્પણના પ્રયોગો

જેમ $H_2O$ હકીકતને સર્વ કોઈ પ્રયોગસિદ્ધ હકીકત તરીકે સ્વીકારે છે. તેવી જ રીતે અનેક દેશના, અનેક સમાજના, અનેક ધર્મના, અનેક સંસ્કૃતિના જુદા જુદા માનવીઓએ પ્રયોગ કરી યાહોમની ભાવનાથી ઝંપલાવી, સર્વ રીતે અને સર્વ ભાવે સમર્પણમાં તદાકાર થઈ જઈ જે સત્યને અનુભવ્યું અને જીવનમાં વણી લીધું અને તેની શક્તિ વડે જીવ્યા, તે સમાજના ઇતરજનોને પણ તેવી તેમની અસરથી પ્રભાવિત કરી, જીવનનો નવો રાહ બતાવવામાં અને નવા રાહે ચલાવવામાં તેઓ પ્રત્યક્ષ ક્રિયાશીલ, સર્જનશીલ બનેલા છે, તે પણ એક ઐતિહાસિક હકીકત છે. આવા મહાનુભાવોના જીવનના તે તે કાળે તેમના જીવનના તેવા પ્રેમભક્તિજ્ઞાનપૂર્વકના સમર્પણના પ્રયોગો પણ સંપૂર્ણ વૈજ્ઞાનિક નથી શું ? વિજ્ઞાને જે પ્રયોગો કરી કરી સિદ્ધ કરી જગતને જે પ્રત્યક્ષ તેવું સત્ય પુરવાર કરી આપ્યું છે, તેવી જ રીતે જીવનનું નવનીત તારવી તારવી એવા મહાનુભાવોએ પોતાના જીવનના તેવા પ્રત્યક્ષ સમર્પણના પ્રયોગો વડે કરીને જગતને અને સમાજને તેના પ્રત્યક્ષ અનુભવદર્શન કરાવેલાં છે. એવાં પ્રત્યક્ષ જ્ઞાનભક્તિભાવે પ્રગટેલાં જીવન એ શું પ્રયોગો નથી ?

એવા લોક તો જીવનમાં જીવનથી બદલાયા છે, એ તો પ્રત્યક્ષ હકીકત છે. એટલું જ નહિ પણ એવા લોકના જીવનની અસરથી બીજા લોકોના જીવનના બદલાવાપણાની અસર પણ તેમણે ઉપજાવી છે. અનેક નકારાત્મક વલણવાળા 'જીવ'ને પણ

તેવા આત્માઓએ નવો પલટો પ્રગટાવવામાં અનેરો વેગ પ્રગટાવ્યો છે, તે પણ ઐતિહાસિક છે.

**પ્રભુનું સ્મરણ - વ્યાખ્યા અને પ્રક્રિયા**

પ્રભુનું સ્મરણ એટલે ભાવાત્મક જપ દ્વારા જીવનને પલટાવવાની એક પ્રકારની સૂક્ષ્મ પ્રક્રિયા. એમાં શ્રદ્ધાની જરૂર છે ખરી, પણ જેનામાં તે ન હોય તેનામાં પણ તે જન્માવી શકે છે. કોઈને તર્ક ઊઠે કે જપથી વળી કામક્રોધાદિ કેમ મોળા પાડી શકાય? એનો જવાબ તો એ જ કે કોઈ તેમાં યાહોમ કરીને ઝંપલાવે અને જપને પ્રેમભક્તિની નિષ્ઠામાં જો જીવંત પ્રગટાવી શકે તો તેવાને તેની ખબર પડી જ શકે, તેવી હકીકત કેટલીય વાર જણાયેલી છે.

પાંચ તત્ત્વ અને એની તન્માત્રા નીચે મુજબ છે :

| **તત્ત્વ** | | **તન્માત્રા** |
|---|---|---|
| આકાશ | - | શબ્દ |
| વાયુ | - | સ્પર્શ |
| તેજ | - | રૂપ |
| જળ | - | રસ |
| પૃથ્વી | - | સુવાસ |

આ પાંચેય તત્ત્વોને ત્રણ ગુણ સાથે સંબંધ છે :

સત્ત્વને સંબંધ આકાશ સાથે.

રજસને સંબંધ વાયુ અને તેજ સાથે.

તમસને સંબંધ જળ અને પૃથ્વી સાથે.

શબ્દ અને આકાશ સંપૂર્ણપણે પરસ્પર સંકળાયેલાં છે. તે પરસ્પર જુદાં હોવા છતાં એક છે. તેમ પ્રકાશ અને સૂર્ય, ગરમી અને અગ્નિ.

શબ્દ આદિઅનાદિથી છે. એવા ચેતનના પ્રતીક શબ્દમાં જ્યારે જીવંત નિરંતરતા, અખંડતા, સળંગતા પ્રગટે છે ત્યારે આધારમાં આકાશતત્ત્વ ખીલે છે, મોખરે આવે છે. હવે, આકાશતત્ત્વને અને સત્ત્વને પરસ્પર સંબંધ હોવાથી, જ્યારે આકાશતત્ત્વ ખીલે છે અને મોખરે પ્રગટે છે ત્યારે આકાશના ખીલવા સાથે સત્ત્વગુણ પણ ખીલવા માંડે છે. અને સત્ત્વગુણ ખીલવા માંડતાં અને સત્ત્વગુણ જીવતો મોખરે થતાં રજસ-તમસ ગૌણ બનતા જાય છે. કામક્રોધાદિક વિષયો તો રજસ અને તમસ ગુણને આધારે હોય છે. એટલે જ્યારે રજસ-તમસ ગુણ મોળા પડે ત્યારે આપમેળે કામક્રોધાદિક મોળા પડે છે. આમ, ચેતનાત્મક ભાવવાચક શબ્દમાં જ્યારે જીવંત સહજ નિરંતરતા, અખંડતા અને સળંગતા પ્રગટે છે ત્યારે કામક્રોધાદિક રાગદ્વેષને મોળા પાડવાનું કે પડી જવાનું શ્રેયસાધકને કશું ઝાઝું મુશ્કેલ પડતું નથી. એનું મૂળ કારણ તો એ છે કે એવા ચેતનવાચક શબ્દમાં જ્યારે જીવંત સહજ અખંડતા પ્રગટે છે ત્યારે સમગ્ર આધારમાં એક એવા પ્રકારની - A distinct kind of awareness - એક વિશિષ્ટ સહજ સભાનતા પ્રગટે છે. એના વડે કરી તેને પોતાના ધ્યેય પરત્વેનો વિવેક એટલો બધો સજીવ પ્રગટી જાય છે કે જેથી તે સત-અસતનો પાકો નિર્ણય કરી શકે છે. એટલું જ નહિ, પરંતુ ધ્યેયથી વિરોધનું જે જે કંઈક હોય તેનાથી નોખા થતાં તેને વાર લાગતી નથી. તેવી વેળાનો તેનો વિવેક એ તો પૂરેપૂરો ધ્યેય પરત્વેનાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણવાળો, જીવંત, ગતિશીલ, ક્રિયાશીલ અને સર્જનશીલ, અખંડપણે સભાનતાયુક્ત, સદાય ચેતનવંતો, પળેપળનો સહજ જાગ્રત રહ્યા કરે છે. એવો જીવંત,

સહજ, ક્રિયાશીલ, ગતિશીલ અને સર્જનશીલ વિવેક પ્રગટતાં શ્રેયસાધકનાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણ એકધારાં સહજપણે સદાય પળેપળ ધ્યેય પરત્વે જ વર્તેલાં, પ્રગટેલાં થઈ જતાં હોય છે.

મંત્ર શબ્દમાં એવી જીવંત સહજ સભાનતા જાગ્રત થતાં એમાંથી એક એવા પ્રકારની ભાવપ્રેરક સંનિષ્ઠા જન્મે છે કે એવી સહજ જીવંત સંનિષ્ઠામાંથી અનંતગણા ગુણ અને શક્તિ પ્રગટ્યાં કરે છે. ત્યારે ગુણને કેળવવાની જરૂર હોતી નથી. એવી ઉપરોક્ત સંનિષ્ઠાનું તો ગુણ અને શક્તિ પરિણામ હોય છે.

શ્રેયસાધકના આધારમાં એવી સંનિષ્ઠા જ્યાં સુધી પ્રગટેલી નથી ત્યાં સુધી તેવા સાધકે ગુણ અને શક્તિ કેળવવાની પણ તેટલી જ જરૂર હોય છે.

પ્રભુનું સ્મરણ થાય, પરંતુ જો રાગદ્વેષાદિક મોળા ન પડી શક્યા હોય તો તેવા સ્મરણનો ઉઠાવ થઈ શકતો નથી. તે પણ એટલું જ સાચું છે. સામાન્ય જીવ અખંડ, જીવંત, સળંગપણે પ્રભુસ્મરણમાં લાગી જઈ શકે એવું તો બની શકવું શક્ય હોતું નથી. એ તો 'જીવ'ને Volcanic Aspiration જાગે છે, એવી જે જ્વાળામુખીના જેવી ધ્યેય પરત્વેની ઉત્કટ તમન્ના જાગે છે તેવા જીવ જ શબ્દની નિરંતરતામાં પ્રગટી શકવાના છે. અને આવા તો અત્યંત લઘુતમ સર્જક લઘુમતીમાં જ (Microscopic Creative Minority) હોવાના. આમ, સામાન્ય જીવ માટે તો નામસ્મરણ કે જપ તેના જીવનવિકાસ માટે ઉત્તમમાં ઉત્તમ, સરળ, નિર્દોષ અને નિર્મળ સાધન હોવા છતાં એવા જપની સાથે સાથે એણે એમાં ચેતનપ્રાણ પ્રગટી શકે એ માટે રાગદ્વેષાદિક મોળા પાડવા કાજે મથવાપણું રહેવાનું જ. તે તેમ કરી શકે તો

જપમાં ઉઠાવ આવી શકે છે.

કોઈ પણ વિષયનું હાર્દ પામવું હોય તો તેમાં તેણે યાહોમ કરીને સંપૂર્ણપણે ઝંપલાવવાનું રહે છે. સંપૂર્ણ રીતે, સંપૂર્ણભાવે તેના સમર્પણભાવમાં લીન થયા વિના તેનું હાર્દ પામવું કદી શક્ય નથી.

જીવન શેને માટે ? જીવનનો મૂળ અર્થ શો ? આવા અંતર્ગત પ્રશ્ન જેના દિલમાં જ્યાં સુધી પ્રત્યક્ષ જીવંતપણે પ્રગટેલા નથી, એવા જીવોને જપમાં ચેતનપ્રાણ પ્રગટી શકવાની શક્યતા બહુ ઓછી ગણાય.

શબ્દમાં જ્યારે ચેતનપ્રાણ અને ભાવપ્રેરક જીવંત સહજ સંનિષ્ઠા પ્રગટે છે ત્યારે તેનાં કરણો - મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્ વિશેષ ને વિશેષ તેજસ્વી અને સૂક્ષ્મ બનતાં જતાં હોય છે. તેમના તેમના વિહારનો પ્રદેશ ધ્યેય પ્રતિ લઈ જતો - કોઈ નિરાળો જ હોય છે. એવી સંનિષ્ઠામાંથી જે ચેતનપ્રેરક શક્તિ પ્રગટે છે, તેવી શક્તિ વડે પછી તો સાધક દૈવાસુર સંગ્રામને ખાંડાની ધારે પૂરેપૂરી સભાનતાથી અને મર્દાનગીથી ખેલી શકતો હોય છે. આવા પ્રકારનો શ્રેયસાધક પછીથી તો સંગ્રામવીર બને છે. એની ભાવના તો પછી પ્રચંડ શક્તિ બની ગયેલી હોય છે. એવી ભાવના જ્યારે આધારમાં પ્રગટે છે ત્યારે જીવંત સહજ ભાવનામાંથી ગુણશક્તિ તો પ્રગટ્યાં જ કરે, એટલું જ નહિ પરંતુ કળા, સૌંદર્ય, વ્યવસ્થિતિ વગેરે વગેરે જેવાં જીવનનાં પ્રધાન Aspects સ્વરૂપો પરત્વે પણ એની સભાનતા ખીલતી જતી હોય છે. અને આમ તે સત્યમ્, શિવમ્, સુંદરમ્ પરત્વેની દિશામાં અનુભવની ભૂમિકામાં પ્રગટતી થઈ શકે છે.

પ્રભુસ્મરણમાં કે તેવા પ્રકારના જપમાં જ્યારે સહજ નિરંતરતા અને સળંગ સાતત્ય પ્રગટી ઊઠે છે ત્યાર પછીથી જ આધારના પ્રત્યેક કરણમાં ઊર્ધ્વીકરણની એક સાહજિક, સર્જનશીલ અને ક્રિયાશીલ સતત જીવંત પ્રક્રિયાનો આરંભ થાય છે.

(A spontaneous creative dynamic and continuous process of sublimation begins)

ભાવના પ્રગટેલી હોય છે તેનાં પણ પ્રત્યક્ષ લક્ષણો છે. એ પારખી પણ શકાય. ભાવના પ્રગટતાં હૈયાસૂઝ, પ્રત્યેક કર્મનું વિવેકજ્ઞાન વગેરે બધું એનામાં પ્રગટ્યા વિના રહી શકતું નથી. ભાવના એ તો સર્વ પરત્વે પ્રકાશ પાડનાર, તેના તેના સ્વરૂપને ઓળખાવનાર અને તેના તેના મર્મનું દર્શન કરાવનાર પ્રચંડ શક્તિ છે. એવી ભાવનાને જે સત્કારવાનું અને સ્વીકારવાનું કરતું હોય છે, તેને તેને પ્રેમથી સત્કારે અને સ્વીકારે છે. એવી ભાવના તો શ્રેયસાધકના જ્ઞાનનાં ચક્ષુ હોય છે. એવી જીવંત સહજ ભાવનામાં જ્ઞાન, કર્મ અને ભક્તિનો સમન્વય અને સુમેળ જન્મતો હોય છે. ભાવના જેમ ભક્તિપ્રેરક છે એમ જ્ઞાનપ્રેરક પણ છે અને કર્મથી જ્ઞાન અને ભક્તિને તે સાકાર પમાડે છે.

ભાવનાયુક્ત શબ્દની સાધનાથી હૃદયની સંપૂર્ણ એકાગ્રતા ઊગે છે. હૃદયની સંપૂર્ણ એકાગ્રતા પ્રાપ્ત થયા વિના ધ્યેયનું હાર્દ પકડી શકાતું નથી. એકાગ્રતા કેંદ્રિત થવાથી વસ્તુની સાથેનું હૃદયપૂર્વકનું તાદાત્મ્ય સાધી શકાય છે.

**જપની પદ્ધતિ :-**

જપની Technique. (પદ્ધતિ અને ગુણમાપ)

જપ ટૂંકામાં ટૂંકો હોવો જોઈએ.

જપમાં અઘોષ અક્ષરો ન હોવા જોઈએ. જે જપ બોલવામાં ઘણો ઘણો સરળ હોય તે ઉત્તમ.

શબ્દનાં ત્રણ સ્થળ : (૧) નાભિ (૨) કંઠ (૩) બ્રહ્મરંધ્ર. એ ત્રણેને સ્પર્શે અને ભેદે એવા અક્ષરો જે જપના શબ્દમાં હોય તે શ્રેષ્ઠ.

શ્વાસોશ્વાસ સાથે અથવા નાડીના ધબકારા સાથે જપમંત્ર બોલવો જોઈએ.

જપના મંત્રમાં ગંગાના પ્રવાહ જેવી સતત એકધારી જીવંત સહજ નિરંતરતા પ્રગટે ત્યારે જ અંતઃકરણ અને આંતરિક કરણોને યોગ્ય ધ્યેય પરત્વેના માર્ગે વાળવામાં તે સાચો મદદગાર થઈ પડે છે.

જપમાં નિરંતરતા પ્રગટે તે અત્યંત જરૂરનું છે. તે પ્રગટે તો ચેતનદ્યોતક ભાવ ઊગવાનો જ.

જપ જેટલો ઊર્મિથી, લાગણીથી અને ભાવનાથી લેવાય તેટલું ઉત્તમ.

માનસિક જપ ઉત્તમ એ વાત ખરી, પરંતુ શરૂઆતમાં સામાન્યતઃ કોઈ પણ મનમાં તો જપ ન કરી શકે, કારણ કે મન તો સંકલ્પવિકલ્પ જ કરી શકે - દ્વંદ્વ અને ગુણની ભૂમિકાવાળું મનનું Function - કાર્ય તો સંકલ્પવિકલ્પનું હોય. તે વિના તે બીજું ના કરી શકે. જ્યારે જપ તો સતત દૃઢ અનુરાગભર્યો જીવતો ચેતનવંતો અભ્યાસ પ્રગટી જાય અને એમાંથી એકધારી સહજતા અને નિરંતરતા પ્રગટે ત્યારે જ મનમાં જપની ધારણા ઊગે છે.

અનેક પ્રકારના આઘાત પ્રત્યાઘાતને લીધે આપણા શરીરના જ્ઞાનતંતુઓમાં કંપ પેદા થાય છે. એવા કંપના પ્રકાર

પણ જુદા જુદા હોય છે. જુદા જુદા પ્રકારના કંપથી શરીરમાં જુદું જુદું સંવેદન ઉદ્‌ભવતું હોય છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, અહમ્ વગેરેના ઉત્કટપણાથી અમુક પ્રકારના આવેશ અને આવેગ પ્રગટે છે. તેના આઘાત પ્રત્યાઘાતોથી જ્ઞાનતંતુમાં જુદા જુદા પ્રકારના કંપ પ્રગટે છે. તે આધારમાં એક પ્રકારની સમતાથી સમતોલપણું હોય છે, તેમાં આવા પ્રકારના કંપ ગેરવ્યવસ્થા પ્રગટાવે છે. અશાંતિ, અસમાનતા ઉપજાવે છે અને તેથી કરીને જ્ઞાનતંતુની સરળતાયુક્ત વ્યવસ્થિતિનો ભંગ થયા કરવાથી જ્ઞાનતંતુની કાર્યક્ષમતા ઘટતી જાય છે. અને તેમની ધારણાશક્તિ ઘટતી જાય છે. સમત્વ તૂટી જાય છે, સમતોલપણું ઘટે છે. અને તેથી કરીને રોગાદિ થાય છે. જપ કે મંત્ર એકધારો નિરંતરતાપૂર્વકનો હૃદયથી લેવાયા કરાતો હોય તો તેવા મંત્રની ધારણાથી જ્ઞાનતંતુઓ પ્રાણવાન (Tone-up) બને છે. તેનાથી જ્ઞાનતંતુમાં સમતા, શાંતિ, સમતોલપણું આદિ પ્રગટે છે. એવી શાંતિ, સમતોલપણું અને સમતા જ્ઞાનતંતુમાં પ્રગટીને એની ટોચ ઉપર પહોંચે છે ત્યારે શરીરના રોગ પણ તે નિવારી શકવાની શક્યતામાં પ્રગટી શકે છે. જપમાં એટલા માટે ગંગાના પુનિત પ્રવાહના જેવી સતત એકધારી સળંગ નિરંતરતા પ્રગટવી એ ઘણી જરૂરની હકીકત છે. જ્યારે જપમાં એવી ભાવાત્મક નિરંતરતા ઊગે છે ત્યારે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહમ્‌નાં પ્રાકૃતિક વલણો અને ધ્યેયને યોગ્ય મઠારવામાં પ્રેરણાત્મક અને કાર્યસાધક બને છે. મનના સંકલ્પ વિકલ્પો ઘટી જાય છે. ચિત્તમાં સાત્ત્વિક પ્રકારનો સંસ્કાર જન્મે છે. પ્રાણની કામક્રોધાદિક વિષયોની સ્ફુરણામાં આપોઆપ ઘણી મંદતા પ્રગટે એવી

સ્વાભાવિક ભૂમિકા પ્રગટે છે. બુદ્ધિમાં સમત્વ પ્રગટીને તેની ધારણા તેને અખંડપણે રહે છે. અને અહં જે પહેલાં જીવદશામાં દ્વંદ્વાદિક અને ગુણાદિક વિષયોમાં રોકાયેલું રહ્યા કરતું હોય છે તે હવે તેમાંથી અટકીને ચેતન પરત્વેના જ્ઞાનપ્રેરક અભ્યાસમાં ગતિ કરવાને પ્રેરાયેલું રહ્યા કરે છે.

જપમાં શ્રદ્ધા જરૂરી ખરી. એમ તો પ્રત્યેક કંઈ કશું સાકાર કરવાને તે વિષયના કર્મને પરિપૂર્ણપણે પાર ઉતારવાને માટે તે કર્મ પરત્વેની શ્રદ્ધા અનિવાર્ય છે. તેવી શ્રદ્ધા વિના તેવું થઈ શકતું હોતું નથી.

જપમાંથી જન્મેલી શ્રદ્ધાના પ્રાણથી જે લાગ્યું તેને અક્ષરદેહમાં મૂક્યું છે. એ વાંચતાં વાંચતાં જપ પરત્વે કેટલો ઊંડો અભ્યાસ થયો છે તે સમજાય છે. આ જપ ઉપરનું લખાણ અભ્યાસપૂર્ણ અને જ્ઞાનયુક્ત પણ છે. જપને બધાં પાસાંથી વિચારવાનું કર્યું છે. જો જપની ભાવનામાં પ્રવર્તેલો ન હોત તો એવું બધું કદાચ ન બની શક્યું હોત.

જપ એ અમોઘ દૈવી શક્તિ છે. એ તો એના પ્રયોગોમાં જેમણે યાહોમ કરીને ઝંપલાવ્યું હોય અને એમાં સર્વ રીતે સર્વ ભાવે સમર્પણ કરેલું છે એવા પ્રયોગવીરને પણ સમાજ ભાગ્યે જ સમજી શકે, તો અનુભવી તો શકે જ કેમ ?

'જીવનસ્મરણસાધના', પ્રસ્તાવનામાંથી.

॥ હરિઃૐ ॥

# સ્મરણભાવના

(હરિગીત)

પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ પ્રેમથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ રીતથી,
પ્રિય નામને ઉરમાં સ્મર્યા કરશું અમે બહુ ખંતથી,
તુજ નામનો પ્રભુ તંત જરી ના છોડશું હરગિજ કદી....૧

જીવનતણા અતિશય કઠણ દારુણ ઝંઝાવાતમાં,
કે સહુ દિશે સૂઝે નહિ એવા જીવન અંધારમાં,
જીવનતણી ચઢતી અને પડતીમહીં પળપળ સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં....૨

સંસારનાં કર્તવ્યમાં, વ્યવહારીઓની સાથમાં,
સહુ કામમાં, ખાતાં, પીતાં, ઊઠતાં અને વળી બોલતાં,
જે જે કંઈ કરતાં, બધાંની સાથ વર્તતાં સદા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં....૩

મુશ્કેલીમાં નડતી અમોને ને ઉપાધિમાં જગે,
ઝઘડા અને કંકાસમાં, દિલમાં થતાં સહુ દર્દમાં,
દિલની અમૂંઝણમાં અને આવી પડેલી ગૂંચમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં....૪

મનના વિચારોમાં અને મનની બધીયે વૃત્તિમાં,
મન વાસનામાં, પાપમાં, ચિતના બધા સંસ્કારમાં,
મનની રમત ને ગમતમાં, મનના રમણ ને વલણમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં....૫

અમ શરીરથી બનતી ક્રિયામાં, ઈંદ્રિયોના વિષયમાં,
અમ શરીર કેરા રોમરોમે, હૃદય કેરા લોહીમાં,
રગ રગમહીં, નખશિખમહીં,ને શરીરના નવ દ્વારમાં,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં....૬

ખટ રસતણા સહુ સ્વાદમાં, મીઠી મીઠી બધી વાસમાં,
ઉર ચેતનામાં, બુદ્ધિમાં, ચિત પ્રેરણામહીં, પ્રાણમાં,
અમ લાગણીમાં, ભાવનામાં, પ્રેમમાં, રસમાં બધા,
તુજ નામનું પ્રિય સ્મરણ તે સાથી રહો મનહૃદયમાં....૭

આધાર સૌ નિજનો સદા માની ઉપર જે ધારતું,
માને અતિશય વ્હાલથી જ્યમ બાલુડું પોકારતું,
વિખૂટું પડેલું માડીથી હરપળ કરે શું આરડ્યાં !
તેવી રીતે તુજ નામ પ્રભુ ! તારું સ્મરાજો તાનમાં....૮

જીવનતણા સહુ ભંગમાં, જીવનતણા સૌ રંગમાં,
જીવનતણા એ અટપટા આડા ઊભા સૌ તારમાં,
મારી ગમે તેવી ભલે હો સર્વ જીવન-ભાતમાં,
રસીલું વણાયાં ત્યાં કરો પ્રિય નામ તારું ભાવમાં....૯

સંબંધીઓ ને સ્વજનની સહુ વાતમાં ને ચીતમાં,
સંસારના વ્યવહારમાં ને જે થતાં સહુ કાર્યમાં;
પત્ની અને પરિવારમાં છોને પરોવાયેલ હો,
તે તે દશામાંહે પ્રભો ! તુજ નામ પ્રિય હૈયે વસો....૧૦

પ્રિય નામ- સૂર્ય ઊગ્યા થકી ફીટે જીવનઅંધાર સૌ,
એવું કૃપાથી જીવનમાં અમને ફૂલવજો, ફળવજો;
ચાનક અમોને લાગજો તુજ દિવ્ય જે પ્રિય નામની,
પ્રગટી રહો અમ જીવન તે છાયા રૂપે તુજ પ્રેમની....૧૧

સારાય જીવનપટતણા તાણા અને વાણા વિષે,
ભીંજાયેલા હો રગરગે તુજ પ્રેમથી રંગાયેલા;
તુજ નામના પ્રિય સ્મરણના ઠોકે સદા ઠોકાયેલા,
એવું પ્રભુપદ હો સમર્પિત આ જીવન, હો તુજ કૃપા...૧૨

તુજ નામનો મહિમા ઋષિઓ કૈંક ભક્ત કવિ કથે,
હું તો બિચારું રાંકડું તે શું કથી કથીને કથે ?
જ્યમ સૂર્ય આગળ આગિયો, દરિયા કને ખાબોચિયું.
હીરા કને જ્યમ કાચ એવો સાવ હું નાદાન છું....૧૩

'શ્રી ગંગાચરણે', પૃ. ૨૯ થી ૩૨ - **શ્રીમોટા**

## સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ, સાથેસાથે હૃદય પ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.

૨. પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું-બંનેનું.

૩. સાક્ષીભાવ, જાગૃતિ, વિચારોની સાંકળ ન જોડો.

૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.

૫. આગ્રહો—પ્રભુચિંતન સિવાયના સર્વ આગ્રહો છોડો, નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.

૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર અને આર્તભાવથી પ્રાર્થના કરો, ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો, તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો, મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.

૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો, જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે.પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.

૮. આત્મલક્ષી-અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી-જોઈને જાતને સંડોવવા દો નહિ.

૯. પર (પારકાની) સેવા પ્રભુની સેવા સમજો, સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે અને રામને દઈએ છીએ, ત્યાં 'મારું મારું ' ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?

૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વ્યવહાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે અને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.

૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક નિહાળો.

૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ થવા પ્રાર્થના કરવી.
૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો, તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.
૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી, શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઇત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.
૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મતત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.
૧૬. પ્રભુ સચરાચર છે. आत्मवत् सर्वभूतेषुની ભાવના કેળવો.
૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ, કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો, વાદવિવાદ ના કરો, પોતાનો આગ્રહ ન રાખો, બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો, માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો, ખૂબ પ્રેમભાવ કેળવો, પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો, ફળની આસક્તિ છોડો, પોતાને થતા અન્યાયો-આવી પડતાં દુઃખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દઢાવો, ગુરુમાં પ્રેમભક્તિભાવ દઢતર કર્યા કરો, અભીપ્સા, ઇન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્ભવાવો, સદાય પ્રસન્નતા પ્રવર્તાવો, કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો, પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો, મન નિઃસ્પંદ કરો, રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો, થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વ્યવહારમાં જીવતા કરો, ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય, યદચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો, અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવન-સાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે, પ્રભુમય-તેના મૂક યંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.
૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતન રહ્યા કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો. - **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ

**૧૯૧૯-૨૦:** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૧:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૧ :** ગૂજરાત વિદ્યાપીઠ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૩ :** 'તુજ ચરણે' તથા 'મનને'ની રચના.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૨૮ :** સાકોરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકોરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

૧૯૩૪થી ૧૯૩૯ દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં ૨૧ છાણાંની ૨૧ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌન-એકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

|| હરિઃૐ ||

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્‌ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

# પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો

૧. મનને (પદ્ય)
૨. તુજ ચરણે (પદ્ય)
૩. હૃદયપોકાર (પદ્ય)
૪. જીવનપગલે (પદ્ય)
૫. શ્રીગંગાચરણે (પદ્ય)
૬. કેશવચરણકમળે (પદ્ય)
૭. કર્મગાથા (પદ્ય)
૮. પ્રણામપ્રલાપ (પદ્ય)
૯. પુનિત પ્રેમગાથા (પદ્ય)
૧૦. જીવનસંગ્રામ (પત્રો)
૧૧. જીવનસંદેશ (પત્રો)
૧૨. જીવનપાથેય (પત્રો)
૧૩. AT THY LOTUS FEET (‘તુજ ચરણે’નો અનુવાદ)
૧૪. જીવનપ્રેરણા (પત્રો)
૧૫. TO THE MIND (‘મનને’નો અનુવાદ)
૧૬. જીવનપગરણ (પત્રો)
૧૭. જીવનપગથી (પત્રો)
૧૮. જીવનમંડાણ (પત્રો)
૧૯. જીવનસોપાન (પત્રો)
૨૦. જીવનપ્રવેશ (પત્રો)
૨૧. જીવનગીતા (ગદ્ય-પદ્ય)
૨૨. જીવનપોકાર (પત્રો)
૨૩. આર્તપોકાર (પ્રાર્થના)
૨૪. હરિજન સંતો (ગદ્ય-પદ્ય)
૨૫. Life's Struggle (‘જીવનસંગ્રામ‘નો અનુવાદ)
૨૬. જીવનમંથન (પત્રો)
૨૭. જીવનસંશોધન (પત્રો)
૨૮. નર્મદાપદે (પદ્ય)
૨૯. જીવનદર્શન (પત્રો)
૩૦. જીવનપરાગ (સારસંચય)
૩૧. અભ્યાસીને (પદ્ય)
૩૨. જિજ્ઞાસા (પદ્ય)
૩૩. જીવન અનુભવ ગીત (પદ્ય)
૩૪. જીવનઝલક (પદ્ય)
૩૫. જીવનલહરિ (પદ્ય)
૩૬. જીવનસ્મરણ (પદ્ય)
૩૭. શ્રદ્ધા (પદ્ય)
૩૮. ભાવ (પદ્ય)
૩૯. જીવનરસાયણ (પદ્ય)
૪૦. નિમિત્ત (પદ્ય)
૪૧. રાગદ્વેષ (પદ્ય)
૪૨. જીવનઆહ્લાદ (પદ્ય)
૪૩. જીવનતપ (પદ્ય)
૪૪. જીવનસૌરભ (પદ્ય)
૪૫. જીવનસ્મરણ સાધના (પદ્ય)
૪૬. જીવનરંગત (પદ્ય)
૪૭. જીવનમથામણ (પદ્ય)
૪૮. કૃપા (પદ્ય)
૪૯. સ્વાર્થ (પદ્ય)
૫૦. શ્રીસદ્‌ગુરુ (પદ્ય)
૫૧. જીવનકથની (પદ્ય)
૫૨. પ્રેમ (પદ્ય)
૫૩. જીવનસ્પંદન (પદ્ય)
૫૪. મોહ (પદ્ય)
૫૫. ગુણવિમર્શ (પદ્ય)
૫૬. જીવનપગદંડી (પદ્ય)
૫૭. જીવનકેડી (પદ્ય)
૫૮. જીવનચણતર (પદ્ય)
૫૯. જીવનઘડતર (પદ્ય)
૬૦. ભાવકણિકા (પદ્ય)
૬૧. ભાવરેણુ (પદ્ય)
૬૨. ભાવજ્યોતિ (પદ્ય)
૬૩. ભાવપુષ્પ (પદ્ય)
૬૪. ભાવહર્ષા (પદ્ય)
૬૫. જીવનપ્રવાહ (પદ્ય)
૬૬. જીવનપ્રભાત (પદ્ય)
૬૭. કર્મઉપાસના (પદ્ય)
૬૮. મૌનએકાંતની કેડીએ (પ્રવચન)
૬૯. મૌનમંદિરનું હરિદ્વાર (પ્રવચન)
૭૦. મૌનમંદિરનો મર્મ (પ્રવચન)
૭૧. મૌનમંદિરમાં પ્રભુ (પ્રવચન)
૭૨. મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા(પ્રવચન)
૭૩. શેષ-વિશેષ (સત્સંગ)
૭૪. જન્મ-પુનર્જન્મ (સત્સંગ)
૭૫. તદ્રૂપ-સર્વરૂપ (સત્સંગ)
૭૬. અગ્રતા-એકાગ્રતા (સત્સંગ)
૭૭. જોડાજોડ (સત્સંગ)
૭૮. અન્વય-સમન્વય (સત્સંગ)
૭૯. ગ્રહગ્રહણ (સત્સંગ)
૮૦. એકીકરણ-સમીકરણ (સત્સંગ)
૮૧. પગલે પગલે પ્રકાશ (પત્રો)
૮૨. કૅન્સરની સામે (પત્રો)
૮૩. ધનનો યોગ
૮૪. મુક્તાત્માનો પ્રેમસ્પર્શ (પત્રો)
૮૫. સંતહૃદય (પત્રો)
૮૬. સમય સાથે સમાધાન (પત્રો)

આ ઉપરાંત ઉપરનાં પુસ્તકોમાંથી થયેલાં ૧૫ સંકલનો.